૧૭૭૮

ચાપડો

ગિજુભાઈ

ગિજુભાઈના લેખો

16000પ0

૧૫૬

ગુલાબદાસ બિલ્ડિંગ
આનંદ મંદિર.
વડોદરા.

આપણો સાહિત્ય-વારસો

: ૧૯૭૩ :

જીવનનું પરોઢ (લઘુ સંક્ષેપ)
અભુદાસ ગાંધી

ન્હાનાલાલનાં કાવ્યો
સંપાદક : **નગીનદાસ પારેખ**

ધૂમકેતુની વારતાઓ
સંપાદક : **અનંતરાય મ. રાવળ**

ગિજુભાઈના લેખો
સંપાદક : **મૂળશંકર મો. ભટ્ટ**

માનવીની ભવાઈ (સંક્ષેપ)
પન્નાલાલ પટેલ

સંપાદક-મંડળ
નગીનદાસ પારેખ, મનુભાઈ પંચોળી, અનંતરાય રાવળ,
યશવંત શુક્લ, મૂળશંકર મો. ભટ્ટ, મહેન્દ્ર મેઘાણી

લોકમિલાપ ટ્રસ્ટ

સાહિત્ય-શિખરોની તીર્થયાત્રા

વાચનનો આનંદ જેણે માણેલો છે તે દરેક પુસ્તકપ્રેમી પોતાના જીવનમાં અવિસ્મરણીય બનેલી કેટલીક એવી સાહિત્યકૃતિઓનાં નામ યાદ કરી શકશે કે જે આપણે સહુ આપણાં સંતાનોને વારસામાં આપી જતાં ઊંડું સુખ પામીએ, ધન્યતા અનુભવીએ.

આવો આપણો સાહિત્ય-વારસો લાખો ગુજરાતી કુટુંબો સુધી સાવ નજીવી કિંમતે પહોંચાડવાની જે યોજના આપણી સામાજિક માલિકીની એક સંસ્થા લોકમિલાપ ટ્રસ્ટ તરફથી, ૧૯૭૨ના આંતરરાષ્ટ્રીય પુસ્તક-વરસના શુભ મુહૂર્તે, રજૂ થઈ છે તેનું અમે ઉમંગભેર સ્વાગત કરીએ છીએ.

આટલાં સુંદર પુસ્તકો આટલી ઓછી કિંમતે મળી શકે એટલું જ નહીં, પણ લાખો પુસ્તકપ્રેમીઓનો જાણે કે એક મહાસંઘ રચાય અને તે ઉન્નત સાહિત્ય-શિખરોની તીર્થયાત્રાએ નીકળી પડે, એવું એક ભવ્ય સ્વપ્ન આ યોજનામાં અમને દેખાય છે.

આદર્શ અને વહેવારના સુંદર સુંમેળ સમી આ યોજનાનો લાભ લાખો કુટુંબો તથા એકેએક પુસ્તકાલય અને શિક્ષણસંસ્થા હોંશે હોંશે લે, એવી અમારી આગ્રહભરી ભલામણ છે. 'આપણો સાહિત્ય-વારસો'ની આ પ્રકાશન-યોજના વરસોવરસ વિસ્તરતી જાય અને આપણી પ્રજામાં ઉત્તમ સાહિત્યની રેલમછેલ કરનારી એક સંસ્કાર-પ્રવૃત્તિ બની રહે તેવી અમારી અંતરની શુભેચ્છાઓ છે અને આ કાર્યમાં યથાશક્તિ સહકાર આપવાનો અમારો કોલ છે.

કાકા કાલેલકર	પંડિત સુખલાલજી
રવિશંકર મહારાજ	ઉમાશંકર જોશી
જુગતરામ દવે	મનુભાઈ પંચોળી
સુન્દરમ્	નગીનદાસ પારેખ
ઈશ્વર પેટલીકર	બબલભાઈ મહેતા
પુરુષોત્તમ ગ. માવળંકર	ગગનવિહારી મહેતા
વાડીલાલ ડગલી	શાંતિલાલ. હ. શાહ

બચુભાઈ રાવત

ગિજુભાઈના લેખો

સંપાદક
મૂળશંકર મો. ભટ્ટ

લોકમિલાપ ટ્રસ્ટ
૧૫૬૫ સરદારનગર, ભાવનગર–૩૬૪૦૦૧

આપણો સાહિત્ય-વારસો : ૧૯૭૩
પાંચ પુસ્તકોનો સંપુટ

આવૃત્તિ ૧ : ૨૬ જાન્યુઆરી, ૧૯૭૩
૧૨,૦૦૦ નકલ

પાંચ પુસ્તકોના સંપુટની કિંમત
રૂ. ૧૦
(ટપાલખરચાનગી રૂ. ૩)

[આ સંપુટનાં પુસ્તકો છૂટક નથી મળતાં]

પ્રકાશક
લોકમિલાપ ટ્રસ્ટ (૧૫૬૫ સરદારનગર, ભાવનગર ૩૬૪૦૦૧) વતી
મહેન્દ્ર મેઘાણી

મુદ્રક
શાંતિલાલ હરજીવન શાહ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ ૩૮૦૦૧૪

પ્રકાશકનું નિવેદન

સ્વરાજ પછી આ દેશમાં ઉદય પામેલા લોકશાહીના અને સમાજવાદ કે સર્વોદયના આ યુગમાં જેમ સહુ કોઈને રોટલો મળી રહે, તે જ રીતે ઉત્તમ સાહિત્ય પણ સમાજના છેલ્લામાં છેલ્લાં માનવી સુધી પહોંચે તે જરૂરી ગણાવું જોઈએ. પૈસાને અભાવે જેમ કોઈને ભૂખે પેટે સૂવું પડે નહીં, અંગ ઉઘાડું રાખવું પડે નહીં કે આશરાહીન રહેવું પડે નહીં, તેમ માત્ર પૈસાને અભાવે કોઈ પણ માનવીના આત્માને સાહિત્ય-સુધા પીધા વિના રહેવું પડે નહીં એવા સંજોગો પેદા થવા જોઈએ.

પ્રજાના સંસ્કારજીવનને પોષક આ જાતનું ઉત્તમ સાહિત્ય શક્ય તેટલાં સસ્તાં પુસ્તકો માટે સુલભ બનાવવાની અને સમાજના વિશાળમાં વિશાળ વર્ગ સુધી તેને પહોંચાડવાની આકાંક્ષા સાથે લોકમિલાપ ટ્રસ્ટે 'આપણો સાહિત્ય-વારસો' નામની પ્રકાશન-યોજના, ૧૯૭૨ના આંતરરાષ્ટ્રીય પુસ્તક-વરસ દરમિયાન, ગુજરાત સમક્ષ રજૂ કરી. વિવિધ રુચિવાળા લાખો સામાન્ય વાચકો જેને માણી શકે, અને છતાં અધિકારી સંપાદકો જેની ઉત્તમ સાહિત્યકૃતિઓમાં ગણના કરે, તેવાં પુસ્તકો ચાલુ બજારભાવના કરતાં ત્રીજા-ચોથા ભાગની કિંમતે પ્રજાને આ યોજના મારફત મળી શકે તેમ છે.

સરકારની કે સખાવતીઓની કશી સહાય વિના આટલી બધી અલ્પ કિંમતે પુસ્તકો મળી શકે, તે વાત માન્યામાં ન આવે તેવી છે. એ સસ્તાપણાનું મુખ્ય કારણ એ છે કે સામાન્ય રીતે પ્રકાશક અને વિતરક, એ બેઉની સેવાની જે ઘણી મોટી કિંમત પુસ્તક ખરીદનારે ચૂકવવી પડે છે તેનો આ યોજનામાં લગભગ છેદ ઊડી ગયો છે. આજે બજારમાં વેચાતી ચોપડીની કિંમતના દરેક રૂપિયામાંથી સરેરાશ ૬૬ પૈસા પ્રકાશક અને વિતરકને ફાળે જાય છે. પણ આ યોજનામાં વાચકો પોતે જ પ્રકાશક ને વિતરક બને છે. પુસ્તક છાપવામાં મૂડી રોકવાનું મોટું જોખમ ધંધાદારી પ્રકાશકને ઉઠાવવું પડે છે, તેને બદલે આ

યોજનામાં વાચકો પોતે જ પોતાને જોઈતી નકલોની કિંમત અગાઉથી ચૂકવીને મૂડી-રોકાણ કરે છે. એ રીતે જેનાં આગોતરાં નાણાં ભેગાં થાય એટલી જ નકલો પુસ્તકોની છપાય છે — એટલે વણવેચાયેલી નકલો પડી રહે તેની ખોટનો સવાલ આ યોજનામાં ઊભો થતો નથી. એ જ રીતે વાચકો ઓછામાં ઓછી દસ દસ નકલનું જૂથ રચીને જ પુસ્તકોની વરધી નોંધાવે છે, તેથી ધંધાદારી વિક્રેતાની સેવા પણ તેમને લેવી પડતી નથી. દર બેએક મહિને એક એક પુસ્તક પ્રગટ કરવાને બદલે આ યોજના મુજબ વરસનાં બધાં પુસ્તકો સામટાં બહાર પડે છે, તેથી રવાનગી-ખરચમાં પણ કરકસર થાય છે. આ બધાંને પરિણામે 'આપણો સાહિત્ય-વારસો' યોજના પહેલે વરસે કુલ ૭૫૦ પાનાંનાં પાંચ પુસ્તકોનો સંપુટ વાચકોને ઘેરબેઠાં માત્ર છ રૂપિયામાં આપી શકે છે. આટલાં જ પાનાંનાં પુસ્તકોની કિંમત આજે બજારમાં રૂ. ૨૨ તો થાય જ અને ઘેરબેઠાં તે મેળવવા માટે રૂ. ૩નો બીજો ટપાલખરચ ભોગવવો પડે.

આ રીતે ફક્ત છ રૂપિયામાં ૭૫૦ પાનાંનું એવું રસિક ને સત્ત્વશીલ વાચન મળે છે કે જે કુટુંબમાં નાનાંમોટાં સહુ ફરી ફરીને માણી શકે. ૭ રૂપિયામાં આજે કેટલાં ખાંડ-તેલ, ઘી-દૂધ કે શાક-ફળ મળે છે — વરસમાં એકાદ વાર પણ આખું કુટુંબ ફિલ્મ કે નાટક જોવા જાય તો તેમાં કેટલા રૂપિયા ખીસામાંથી સરી પડે છે — તે સંભારીએ ત્યારે આ યોજનાનાં પુસ્તકો કોઈ મધુર સોગાદ રૂપે જ મળતાં હોય તેમ લાગે. હવે પછી કોઈને એવું કહેવાનો અધિકાર ન રહે કે, પુસ્તકો મોંઘાં છે એટલે અમે ખરીદી નથી શકતા.

[૨]

જેમાં એકાદ વ્યક્તિ પણ વાંચી શકતી હોય તેવાં પચીસેક લાખ ગુજરાતી કુટુંબો આજે હશે. તેમાંથી શરૂઆતમાં એક જ લાખને પહોંચવાની આકાંક્ષા આ યોજનાએ રાખી છે. પહેલા વરસનાં પાંચ પુસ્તકોના સંપુટના દસેક હજાર આગોતરા ઘરાક નોંધાયા છે, એ જોતાં એમ લાગે છે કે આ યોજનાનો હજી ઘણો વધારે પ્રચાર થવાની જરૂર છે. એ કામમાં આપણી શાળાકૉલેજો અને પુસ્તકાલયો ઘણો ઉમદા ભાગ ભજવી શકે. ઉત્તમ સાહિત્યના પ્રચાર માટે પુસ્તકો સસ્તાં બનાવવાં અને હજારો વાચકો સુધી તેને પહોંચતાં કરવાં એટલું જ પૂરતું નથી. પાયાનું કામ વાચકને પુસ્તક સુધી પહોંચાડવાનું છે. જે લાખો લોકો વાંચી

શકે છે, પુસ્તકો ખરીદી શકે તેમ છે, તેમને સારાં પુસ્તકોની મોહિની લગાડવાની છે. વિશાળ અર્થમાં પ્રજાને કેળવવાનું, જિંદગીની વિદ્યાપીઠમાંથી પસાર થતા માનવીને વરસોવરસ પાઠ્યપુસ્તકો પૂરાં પાડતા રહેવાનું, આ કામ જનતાના હિત-ચિંતકોના, સહુ ક્ષેત્રોના લોકસેવકોના ઝાઝા હાથ વડે કેવું રળિયામણું બની શકે!

આ યોજનાનાં પુસ્તકો આપણા સહુના પ્યારા પ્રજાસત્તાકની વરસગાંઠે, ૨૬મી જાન્યુઆરીએ, બહાર પડે છે. આવતે વરસે, ૧૯૭૪માં પણ ૭૫૦ પાનાંનો બીજો સંપુટ એ જ પર્વ-દિને પ્રગટ થશે. એ સંપુટનાં પુસ્તકોની સંપાદક-મંડળે કરેલી પસંદગી તા. ૧ જૂન, ૧૯૭૩એ જાહેર થશે. તેના આગોતરા ગ્રાહક નોંધવાનું કામ તા. ૧૫ ઑગસ્ટ, ૧૯૭૩ના સ્વાતંત્ર્ય-દિન સુધીના દોઢ માસ સુધી ચાલશે. અને પછી એ વરધી મુજબની નકલોનું છાપકામ શરૂ થશે.

૭૫૦ પાનાંના આવા સંપુટની એક લાખ નકલોની આગોતરી વરધી એક વાર આપણે નોંધી શકીએ તે પછી 'આપણો સાહિત્ય-વારસો' યોજના હેઠળ વરસે ૭૫૦ને બદલે ૧,૦૦૦ પાનાંનું વાચન આપવાનું વિચારી શકાય. અને ત્યારે વરસમાં બે વાર ૫૦૦-૫૦૦ પાનાંના સેટ પણ પ્રગટ થઈ શકે. આરંભનાં વરસોમાં, નીવડેલી સાહિત્યકૃતિઓનાં પુનર્મુદ્રણો અપાશે, પણ આગળ જતાં નવાં લખાયેલાં-લખાવાયેલાં પુસ્તકો પણ આ યોજના મારફત પ્રગટ કરી શકાશે.

[૩]

ગુજરાતના પ્રજાજીવનનાં જુદાં જુદાં ક્ષેત્રોના અગ્રણીઓએ આ યોજનાને આવકાર આપ્યો અને તેને અપનાવી લેવાની અપીલ પ્રજાને કરી તે આ ટ્રસ્ટનું સદ્ભાગ્ય છે. જે સંસ્થાઓએ અને જે સેંકડો પુસ્તકપ્રેમી મિત્રોએ આગોતરા ધરાક નોંધવાની કામગીરી ઉલ્લાસભેર ઉપાડી લીધી છે તેમને જ આ યોજનાની જે કાંઈ સફળતા છે તેનો ઘણોખરો યશ ઘટે છે. એ સેંકડોની સંખ્યા વધીને હજારો સુધી પહોંચે અને એ રીતે લાખો કુટુંબોમાં ઉત્તમ સાહિત્ય નિયમિત પ્રવેશ પામતું રહે એવી પ્રાર્થના છે. જે લેખકોએ કે તેમના વારસ-દારોએ પોતાનાં પુસ્તકો આ યોજનામાં સામેલ કરવાની સંમતિ આપી તેમને ધન્યવાદ ઘટે છે. આખી યોજનાના મુદ્રણથી માંડીને વિતરણ સુધીની કપરી કામગીરીનો બોજો ઉઠાવી લેવા બદલ નવજીવન ટ્રસ્ટનો પણ આભાર માનવાનો છે.

મહેન્દ્ર મેઘાણી
વ્યવસ્થાપક ટ્રસ્ટી

ક્રમ

[આસંગિક મનન]

ના ડરીએ ૧
જુવાનીની મજા ૧
ક્યારે ચડ્યા ? ૨
ક્યાં ભૂલ કરું છું ? ૨
એક દિવસે નથી થતું ૩
શું કરીશું ? ૩
પ્રગતિમાં અવગતિ ૪
જંપ કેમ વળે ? ૫
ક્યારે હાર્યા ? ૫
કોઈ લડતમાં ઝુકાવીશું ? ૫
આવતી કાલનો ધણી ૬
સાચા ઉત્તરો ૭
એમ આગળ નહીં વધાય ૭

[બાલશિક્ષણ : મને સમજાયું તેમ]

બાળદુનિયાની ઉષા ૮

[માબાપોને —]

બાળકનું ઘરમાં સ્થાન ક્યું ? ૨૫
ઘરમાં બાળકે શું કરવું ? ૩૩

[શાંત પળોમાં]

શાંત પળોમાં ૪૭

આ તે શી માથાફોડ!]

બધુંય ભાવવું જોઈએ ૫૨
રોવાથી વીંછી નહીં ઊતરે ૫૩
બતાવે તો ? ૫૪
નાટકનું શું કામ ? ૫૬
કોઈ બચલી સારી ? ૫૯
શું કામ ? ૫૯
તમને હોંશ થઈ ૬૦
બા, દાડમ આપને ? ૬૧
ટીકા અને કદર ૬૩
જરા વિચાર્યું હોત તો ? ૬૪
આ છોકરો કોનો છે ? ૬૭
તમારું બાળક તમને કહે કે— ૭૦
—કોણ વધારે કેળવાય છે ? ૭૧
બા, હું તને અબોટ કરાવું ? ૭૨

[માબાપ થવું આકરું છે]

બાળકમાં અશ્રદ્ધા ૭૪
ટોકણી ૭૬
વહેમનું શિક્ષણ ૭૮
બાળકો બીકણ કેમ થાય છે ? ૮૧
આપણી વાતો ૮૩
ચૂમી ૮૬
બાળકો અને મહેમાનો ૮૭

પ્રાસંગિક મનન

ના ડરીએ

આપણે પોલીસથી ના ડરીએ. પણ પોલીસને માન આપીએ. પોલીસ વ્યવસ્થા માટે છે, ડરાવવા માટે નથી. જે પોલીસની વ્યવસ્થાને માન આપે તેને ડર હોય જ નહીં. વ્યવસ્થાનો ભંગ કરે તેને ડરવાનું હોય.

આપણે શિક્ષકથી ના ડરીએ. શિક્ષકને સન્માનીએ. શિક્ષક શીખવવા માટે છે, સજા કરવા માટે નથી. જે ભણવા ચાહે છે તેને સજાનો ડર હોય નહીં. જેને ભણવું નથી તેને જ શિક્ષક ભયરૂપ લાગે.

આપણે રાજાથી ના ડરીએ. રાજાને સન્માનીએ. રાજા રાજ્ય ચલાવવા માટે છે, દંડવા માટે નથી. જે સારા રાજ્યને માન આપે તેને દંડ હોય જ નહીં. જે રામરાજ્યનો દ્રોહ કરે તેને દંડ હોય.

આપણે ધર્માચાર્યથી ના ડરીએ. આપણે તેને આદર આપીએ. આચાર્ય આચાર શીખવવા માટે છે, દંભ ચલવવા માટે નથી. જે સદાચાર રાખે છે તેની આગળ આચાર્યનો દંભ નહીં ચાલે.

આપણે પરમેશ્વરથી પણ ના ડરીએ. પરમેશ્વરને આપણે પૂજીએ. પરમેશ્વર પ્રેમ કરવા માટે છે, નર્કમાં નાખવા માટે નથી. જે પ્રભુની ઇચ્છાનો અમલ કરે છે, તે નર્કથી નિર્ભય છે.

આપણે પોલીસથી, શિક્ષકથી, આચાર્યથી કે પરમેશ્વરથી ડરવાનું નથી. પણ વ્યવસ્થા, અભ્યાસ, સદાચાર અને પ્રેમ કેળવવાનાં છે.

*

જુવાનીની મજા

મને લાગે છે કે તેણે જુવાની જાણી જ નથી જેણે તબડક તબડક ઘોડે-સવારી કરી જાણી નથી; જેણે પાંચ-પચીશ હુંગરોને મથાળે જઈ આકાશને અડવાની

હોંશ નથી કરી; જેણે એક-બે જંગલો વીંધી મહામુસીબતે મધરાત પછીની ઊગતી સવાર કોઈ અજાણ્યા સરોવરની પાળે નથી જોઈ.

મને લાગે છે કે તેણે જુવાની જોઈ જ નથી; જેની આંખ કોઈ ગરીબના ઉપર ઘા પડતાં રાતી નથી થઈ; જેનો હાથ નિરાધારને આધાર આપવામાં નથી લંબાયો; જેનો દેહ એકાદ ગુલામી ફિટાડવા નથી પડી ગયો.

તેણે જુવાની જોઈ જ નથી કે જેણે મહત્ત્વાકાંક્ષાઓ સેવી નથી; જે મહત્ત્વાકાંક્ષાઓ પાછળ ધૂળધાણી નથી થયો; ધૂળધાણી થવામાં જેણે મજા નથી માણી.

*

ક્યારે ચડ્યા ?

જ્યારે પરિશ્રમથી થાક્યા ત્યારે ચડ્યા છીએ.
જ્યારે વિચારી વિચારીને મૂંઝાયા ત્યારે ચડ્યા છીએ.
જ્યારે અકળાઈને રડ્યા ત્યારે ચડ્યા છીએ.
જ્યારે આપી આપીને ક્ષીણ થયા ત્યારે ચડ્યા છીએ.
જ્યારે સહી સહીને હિજરાયા ત્યારે ચડ્યા છીએ.
જ્યારે ચાલી ચાલીને બેઠા ત્યારે ચડ્યા છીએ.
જ્યારે ઝૂ ઝૂ ઝૂઝીને ઊભા રહ્યા ત્યારે ચડ્યા છીએ.

*

ક્યાં ભૂલ કરું છું ?

હું કહેવા જાઉં ત્યાં સાંભળવા બેસું તો ભૂલ કરું છું.
હું સાંભળવા જાઉં ત્યાં સાંભળું નહીં ને બોલવા માંડું તો ભૂલ કરું છું.
હું જમાડવા બેસું ત્યાં જમવા જ લાગી પડું તો ભૂલ કરું છું.
હું રમાડવા જાઉં ત્યાં રમવા જ મંડી પડું તો ભૂલ કરું છું.
હું સમજાવવા જાઉં ત્યાં સમજવા જ બેસી જાઉં તો ભૂલ કરું છું.
હું કરવા જાઉં ત્યાં કરાવવા લાગું તો ભૂલ ખાઉં છું.
હું ભણવા જાઉં ત્યાં ભણાવવા બેસું ત્યાં પણ હું ભૂલ કરું છું.

*

એક દિવસે નથી થતું

પેલી સાત માળની હવેલી એક દિવસે નહોતી થઈ. કડિયાએ એક ઉપર બીજી ને બીજી ઉપર ત્રીજી એમ કેટલીયે ઈંટો કેટલોયે કાળ મૂકી, ત્યારે એ હવેલી ચણાઈ હતી.

પેલો વોરા બજારનો રાજા સુલેમાન એક દિવસે મોટો શેઠિયો નહોતો થયો. એક દિવસ એ પાઈ પાઈની ટીકડીની ફેરી કરતો. એમ નાનો વેપાર કરતાં મોટો વેપારી થયો; ને એમ કરતાં કરતાં કેટલાંયે વર્ષે તે એક મોટો શેઠિયો થયો.

પેલો મહાન ચિત્રકાર એક દિવસે નહોતો થયો. કેટલીયે પેનસિલો, કેટલાયે કાગળો, કેટલાયે રંગો ને કેટલીયે પીંછીઓ વાપરી વાપરીને હાથ ઘસાઈ ગયા ને દિવસ પછી દિવસ, ને વરસ પછી વરસ વીતી ગયાં ત્યારે તે ચિત્રકાર થયો.

પેલો સમર્થ પંડિત કાંઈ એક દિવસે નહોતો થયો. કક્કાથી ભણતાં ભણતાં કેટલાંયે પુસ્તકો ભણ્યો, કેટલોયે કાળ ગુરુસેવા કરી, કેટલાયે કાળ સુધી સરસ્વતી-ઉપાસના કરી ને અરધીથી વધારે જિંદગી કાઢી નાખી ત્યારે તે પંડિત થયો.

કશું કાંઈ એક જ દિવસે નથી થતું.

*

શું કરીશું ?

ફૂલોમાં ગંધ નથી, કળીઓ પૂરી ખીલતી નથી, પાંદડાંઓ ચીમળાઈ ગયેલાં છે, ડાળીઓ વાંકીચૂકી છે, થડની છાલ ખરી પડે છે.

શું આપણે ફૂલો પર ગંધ રેડીશું ? હાથે કરીને કળીઓ ઉઘાડીશું ? પાંદડાંની કોરોને સાંધીશું ને પાંદડાંને રંગ લગાડીશું ? ડાળીઓને સુતારો પાસે ઘડાવીને સરખી કરાવીશું ? ને થડની છાલ ન પડે માટે વાળાથી કે દોરડાથી બાંધી લઈશું ?

પણ તેમ કરવાથી ઝાડ સારું થશે ? ના.

ત્યારે શું કરીશું ?

કરવું તો એ જોઈએ કે ઝાડના મૂળને તપાસીએ, સડાને શોધી કાઢી દૂર કરવા લાગી જઈએ.

મૂળનો સડો દૂર થશે તો ઝાડ નવપલ્લવિત થશે.
મનુષ્યવૃક્ષને ખીલવવા પણ મૂળ પાસે કાં ન જઈએ?
ચાલો, આપણે બાળકને સુદૃઢ ને નીરોગી કરીએ.

*

પ્રગતિમાં અવગતિ

મનુષ્ય થોડો પણ પ્રગતિને માર્ગે પડે છે ત્યાં તો તેના મનમાંથી જ જન્મેલાં અનેક ભૂતો તેની આડે આવી તેને અવગતિને પંથે પાડે છે. તેમાં મુખ્ય તો શ્રેષ્ઠતાનું ભાન — પ્રગતિનું ભાન જ છે.

મનુષ્ય જરા સ્વચ્છ રહેતાં શીખે છે ત્યાં તો તેને પોતાની સ્વચ્છતાનું ભાન મલિન કરે છે. તે બીજાં બધાંને અસ્વચ્છ ગણી તેમની પ્રત્યે તિરસ્કારથી જુએ છે.

મનુષ્ય જરા સંયમી બને છે ત્યાં તો તેને જગત બધું અસંયમી લાગે છે ને તેના તરફ ત્રાસ છૂટે છે. પોતાની જાતને મોટો સંયમી ગણીને જ મનુષ્ય સંયમનું ફળ ગુમાવે છે.

પોતે ભણે તો અભણથી પોતાને ચડેલો માને; પોતે જાણે તો અજાણથી પોતાની જાતને શ્રેષ્ઠ માને; પોતે કાંઈ શીખે તો અણશીખેલથી જાતને ઊંચી ગણે; પોતે કાંઈ કરે તો ન કરી શકે તેમની સામે જોઈ મોઢું મરડે.

આનું નામ અવગતિ.

પોતાની શ્રેષ્ઠતાનું ભાન ને તેથી બીજાંને કનિષ્ઠ — હલકાં ધારવાની વૃત્તિ એ પ્રગતિના માર્ગના રોધક છે.

સાચી પ્રગતિનાં લક્ષણ આ છે—

જાત પ્રત્યે અસંતોષ કે "ક્યાં પૂરતું ચડી શકીએ છીએ;" જેઓ ચડ્યા છે તેમના પ્રત્યે અથાગ માન કે "તેઓ કેટલું ચડ્યા છે;" ને નથી ચડ્યા તેમના પ્રત્યે ઉત્કટ લાગણી કે "એ બધા ક્યારે ચડશે."

પ્રગતિશીલ મનુષ્યે હરહંમેશ જાતને તપાસતા રહેવું જોઈએ.

*

જંપ કેમ વળે ?

જ્યાં સુધી બાળકો ઘરમાં માર ખાય, શેરીમાં દુર્ગંધ ખાય અને શાળામાં ગાળ ખાય, ત્યાં સુધી જંપ કેમ વળે ?

જ્યાં સુધી આંધળાં અને લૂલાં, ગાંડાં ને બાંડાં, નાદાન અને ઊખડેલનો કોઈ બેલી નથી — ધણી નથી, ત્યાં સુધી જંપ કેમ વળે ?

ત્યાં સુધી જંપ કેમ વળે, જ્યાં સુધી સ્થળે સ્થળે બાળકો માટે શાળા નથી, વાચનાલય નથી ક્રીડાંગણો નથી, બાગબગીચા નથી, નાટકો નથી, સિનેમા નથી.

ત્યાં સુધી જંપ કેમ વળે, જ્યાં સુધી એક પણ બાળક, સન્માન વિનાનું છે, અસ્પૃશ્ય છે, માંદું છે, ગંદું છે, અવ્યવસ્થિત છે.

હે ભગવાન, બળ આપ કે અમે પોતાનું ઇચ્છિત પ્રાપ્ત કરીએ.

*

ક્યારે હાર્યા ?

જ્યારે પરિશ્રમ વિના થાક્યા ત્યારે હાર્યા.
જ્યારે વગર ફિકરે મૂંઝાયા ત્યારે હાર્યા.
જ્યારે અકળાયા વિના રડ્યા ત્યારે હાર્યા.
જ્યારે વગર આપ્યે દરિદ્ર થયા ત્યારે હાર્યા.
જ્યારે સહ્યા વિના જ દુઃખ લાગ્યું ત્યારે હાર્યા.
જ્યારે વગર ચાલ્યે જ બેઠા ત્યારે હાર્યા.

*

કઈ લડતમાં ઝુકાવીશું ?

જ્યાં સુધી આપણી આજુબાજુમાં ગંદકી છે, ત્યાં સુધી આપણી જ સ્વચ્છતા ટકવાની નથી.

જ્યાં સુધી આપણી આજુબાજુ ચેપી રોગો છે, ત્યાં સુધી આપણું જ

આરોગ્ય સહીસલામત નથી.

જ્યાં સુધી આપણી આસપાસ દરિદ્રતા છે, ત્યાં સુધી આપણો જ રોટલો નિર્ભય નથી.

જ્યાં સુધી આપણી આસપાસ ચોર, લૂંટારા અને ખૂનીઓ છે, ત્યાં સુધી આપણો જ જાન સુરક્ષિત નથી.

જ્યાં સુધી આપણી આસપાસ નિરક્ષરતા, અજ્ઞાન, અંધકાર, વહેમ, જડતા, કુરિવાજ, કુરૂઢિઓ છે, ત્યાં સુધી આપણું જ જીવન સ્વસ્થ નથી, સુખી નથી.

કંઈ નહીં તો આપણે આપણા જ હિત માટે લડીએ, ગંદકી, ચેપી રોગો, દુષ્ટતા, દરિદ્રતા અને નિરક્ષરતા સામે આપણે જ ઊભા થઈએ અને ઝૂઝીએ. દુનિયામાં ચાલી રહેલી અનેક લડતોમાંથી કઈ લડતમાં આપણે ઝુકાવીશું ?

*

આવતી કાલનો ધણી

આજનાં નાનાં બાળકોને આજનાં ગીતો સંભળાવો. આવતી કાલે એ જ બાળકો એવાં ગીતો રચશે.

આજનાં નાનાં બાળકોને આજની કથાઓ સંભળાવો. આવતી કાલે એ જ બાળકો એવી કથાઓ કથશે.

આજનાં નાનાં બાળકોને આજનો ઇતિહાસ સમજાવો. આવતી કાલે એ જ બાળકો એવો જ ઇતિહાસ ઘડશે.

આજનાં નાનાં બાળકોને આજનાં સ્વાર્પણો સમજાવો. આવતી કાલે એ જ બાળકો એવાં સ્વાર્પણો કરશે.

કારણ કે આજનો નાનો બાળક આવતી કાલનો ધણી છે, આવતી કાલનો સરદાર છે.

*

સાચા ઉત્તરો

બહાદુર છો માટે હથિયાર રાખ્યાં છે?
ના, હું બહુ બીકણ છું માટે.
શક્તિ છે માટે રોફબંધ ચાલો છો?
ના, અશક્તિ ઢાંકવા માટે.
સત્તાધારી છો માટે મોટેથી બરાડો છો?
ના, સત્તાને કોઈ સાંભળતું નથી માટે.
બળ છે માટે શિક્ષા કરો છો?
ના, બીજી રીતે વશ કરવા નિર્બળ છું માટે.
ઉદાર છો માટે દરવાજા ખુલ્લા છે?
ના, સાચવવાની શક્તિ નથી માટે.
વ્યવસ્થામાં માનતા નથી માટે આવું પડ્યું છે?
ના, વ્યવસ્થાશક્તિની ખામી છે માટે.

*

એમ આગળ નહીં વધાય

એમ બેઠાં બેઠાં વાતો કરવાથી આપણે આગળ વધી શકીશું નહીં.

એમ બેઠાં બેઠાં નિંદા કરવાથી પણ આગળ વધી શકીશું નહીં.

એમ પડ્યાં પડ્યાં સ્વપ્નો રચવાથી પણ આગળ વધી શકીશું નહીં.

એમ રડતાં રડતાં ઈશ્વર પાસે યાચના કરવાથી પણ આગળ વધી શકીશું નહીં.

આગળ વધવું હોય તો ઊઠો, મહેનત આદરો, અને જ્યાં સુધી આપણા ધાર્યા મુકામે ન પહોંચાય ત્યાં સુધી કામ કર્યા જ કરો.

સાધનાનું પહેલું અંગ કર્મ છે અને તે જ પહેલું સાધો.

બાળદુનિયાની ઉષા

મારા જીવનમાં આ એક ભારે ઊજળો દિવસ છે. જ્યારે મેં મારા પુત્રને માટે મૉન્ટેસોરીના દ્દા, લાંબી સીડી અને પહોળી સીડીઓ કરાવ્યાં, અને હું અને મારું બાળક મૉન્ટેસોરીનાં આ પ્રબોધક સાહિત્યોથી રમવા લાગ્યા ત્યારે મને ખબર ન હતી કે ડૉક્ટર મૉન્ટેસોરીનું પુણ્યબળ મને આજે આપની સામે આ રીતે એક વખત ઊભો કરશે.

જો મારું વકીલનું પાટિયું મેં કાયમ રાખ્યું હોત તો કદાચ આજે એકાદ ન્યાયાધીશની અદાલતમાં હું મારા એકાદ દોષી કે નિર્દોષ અસીલનો કેસ લડતો હોત પરંતુ. ડૉક્ટર મૉન્ટેસોરીના પ્રભાવભર્યાં લખાણથી મારામાં જીવનપલટો થયો અને આજે હું આપની સમક્ષ નિર્દોષ એવાં બાળકોની વકીલાત કરવા ભાગ્યશાળી થયો છું.

હું મને મળેલા આજના આ માન માટે પહેલો ઉપકાર કોનો માનીશ ? મારા મિત્ર ગોપાળદાસ દરબાર સાહેબે મને આપેલાં મૉન્ટેસોરીનાં પુસ્તકોથી મારામાં ચેતનાસંચાર ન થયો હોત તો ? મારી આજુબાજુનાં બાળકોને માતાઓ અને પિતાઓથી તિરસ્કારાયેલાં મેં ન જોયાં હોત તો ? નાનપણમાં હું જે નિશાળમાં ભણ્યો તે નિશાળની જગ્યાની અને શિક્ષકોની મલિનતા મને સાંભર્યાં ન હોત તો ? અને હમેશાં મારી ભેગાં વસતાં મારાં બાળકોની મૂંગી વાણીમાંથી મને સંભળાયું ન હોત કે "બાપુ, અમે મનુષ્યો છીએ; અમને જુઓ, અમને સાંભળો, અમને ન્યાય આપો. અમને સન્માનો, અમને માતાપિતાના અજ્ઞાન અને ખોટા પ્રેમમાંથી બચાવો અને અમારા સ્વાતંત્ર્ય માટે લડો" તો ? અને શ્રી દક્ષિણામૂર્તિ જેવી સંસ્થાએ બાલમંદિર કાઢી આપી મને બાળકોનાં હૃદયોની નજીક આવવાની અને તેમાં મૉન્ટેસોરીના સિદ્ધાંતોનો સાક્ષાત્કાર કરવાની અનુકૂળતા કરી આપી ન હોત તો ? અને સારા ગુજરાતનાં બાળકોની અરજી મારા મનમાં ઊગી મને મૉન્ટેસોરીનો ઝંડો ફેરવવાની ભગવાને પ્રેરણા કરી ન હોત તો ? તો હું કોનો આભાર માનત ?

હું મહેતાજી છું અને તેથી એક મહેતાજી તરીકે, મહેતાજી નિશાળિયાઓને પૂછે તેમ, આપને સવાલ પૂછવા ઊભો થયો છું. મારો પહેલો સવાલ એ છે કે આપને આપની બાલ્યાવસ્થા યાદ છે? વર્ષો પાછળ નજર નાખીને આપ એ અવસ્થાને યાદ લાવો. આપને યાદ આવે છે? આપણે નાનાં હતાં ત્યારે ઘરમાં આપણે છોકરાં ગણાતાં. આપણું સ્થાન ક્યાંય પણ ન હતું. ઘર મોટાંનું હતું, અને મોટાંમાં આપણે સમાઈ ગયાં હતાં. મોટાંઓ માટેની મોટી અને મોટાંઓને ફાવે તેવી જીવનસામગ્રીથી આપણે જીવવું પડતું હતું. મોટાંઓ ચાલતાં હતાં તેમની સાથે આપણે દોડવું પડતું હતું. મોટાંઓની દૃષ્ટિએ, મોટાંઓના ધર્મે, મોટાંઓના આચારે, આપણી દૃષ્ટિ, આપણો ધર્મ અને આપણો આચાર આપણે રાખવાં પડતાં હતાં. મોટાંઓ જ્યારે બોલતાં હતાં ત્યારે આપણે ચૂપ મૂંગાં બેસવાનું હતું; મોટાંઓ જ્યારે નિરાંતે જમતાં હતાં ત્યારે આપણે તેમની સાથે જમી ઊઠવા ઝટઝટ ગળા નીચે કોળિયા ઉતારી દેવા પડતા હતા. મોટાંઓના મહેમાન પાસે આપણે "જી ના, જી હા" કહીને અદબ વાળી ઊભા રહેતાં અને બોલાવે તે કવિતા બોલતાં શીખવું પડતું હતું.

શું આપણે આપણી બાલ્યાવસ્થામાં ડગલે અને પગલે એવો અનુભવ નથી કર્યો કે આપણે બાળકો એટલે આપણાં માબાપના ઘરનાં રમકડાં? માબાપ પોતે રાજી થવા પોતાને ગમતાં કપડાંલત્તાં આપણને પહેરાવે, પોતે ખુશ થાય ત્યારે આપણને ખવડાવે-પિવડાવે, રમાડે-જમાડે, કુદાવે-નચાવે, મહેમાનો આવે ત્યારે આપણને બતાવીને, આપણું પ્રદર્શન કરીને માબાપોએ માન લેવાનું. સમાજમાં હરવાફરવા લઈ જતાં આપણને એટલા માટે શણગારે કે માબાપને શરમાવું ન પડે. સારી સારી ચીજો એટલા માટે વસાવવાની કે એક શ્રીમંત માબાપથી બીજાં શ્રીમંત માબાપ આપણે માટે—બાળકો માટે—રમકડાં વધારે રાખે છે તેનું અભિમાન બતાવવું.

આપણે આપણું બાળપણ યાદ કરીએ તો ઘણાને યાદ આવશે કે બા લોટ બાંધતી હતી ત્યારે લોટની પૂરી વણવાને બદલે આપણે ઉંદર કે માછલી બનાવી તે માટે વેલણનો માર ખાધો હોય. આપણને યાદ આવશે કે બાપાએ નાટક દેખાડ્યા પછી નાટક કરવાનો શોખ થતાં, બાપાની શાહીમાંથી રાજાની મૂછો બનાવી તે માટે બાપાએ આપણને લગાવી દીધી હોય. આપણને યાદ આવશે કે પેનસિલ-કાગળ કાંઈ ન મળ્યું અને "અહીં બગડશે, અહીં

ખગડશે" એવી સૂચના છતાં આપણે રસોડાની ભીંતે કોલસાથી ચિત્ર કાઢ્યું તે માટે નાની કાકીએ હાથ પકડીને આપણને ખખડાવ્યા હોય.

કોને યાદ નથી આવતું કે ઘરના આંગણામાં બેઠાં બેઠાં ખાડો ગાળતાં હતાં તો ત્યાંથી, ઓશરીમાં પડેલા જોડાને ગોઠવતાં હતાં તો ત્યાંથી, ઘોડિયા ઉપર કે હીંડોળાને સળિયે લટકતાં હતાં તો ત્યાંથી, દાદરાને કઠોડે લપસતાં હતાં તો ત્યાંથી, લીંપવા માટે આણેલા છાણમાંથી બાની જેમ છાણાં બનાવતાં હતાં તો ત્યાંથી — એમ જ્યાંથી ને ત્યાંથી આપણને નથી ઉઠાડ્યાં? અને નથી કહ્યું કે "જાવ પાઠ કરો," "હેઠાં બેસો?"

આપણને બધાં તોફાની કહેતાં. આપણને મજા આવી ને ગાદલામાં ગલોટિયાં મારવા માંડ્યાં તો તોફાન; આપણે આપણા ભાઈબંધો સાથે દાદરેથી ચડવા-ઊતરવાની રમત કરવા લાગ્યાં તો તોફાન; આપણે આંગણામાં દોડાદોડ ઝાડવે ચડવા દોડ્યાં તો તોફાન; કાંઈક સાંભર્યું અને ગાવા લાગ્યાં તો બાપાને મન તોફાન થયું; બારીએ ચડીને ધૂબકા ખાવા માંડ્યાં કે તોફાન. આપણે કેટલાંય તોફાનો કરતાં!

આપણે બાને વાસણ ઉટકાવવા જતાં તો બા કહેશે: "આડી આવે છે." આપણે બાપાની ચોપડીઓ ગોઠવવા શીખતાં તો બાપા કહેશે: "ગોટાળો કર્યો." આપણે ઘરની વાડીમાં જઈને જાંબુડા ને આંબા વાવતાં તો માળી કહેશે: "આ છોકરાં જોને, કચારા બગાડે છે!" કાં તો બા કહે: "આ ગારાવાળાં લૂગડાં કેમ કરે છે!" માશી વાત કરતાં હોય ને માશીને સંભારી આપીએ તો માશી કહેશે: "આ જોને ચબાવલી!" પાડોશીને ન આપવા બા ખોટું બોલે ને આપણે સાચું કહી દઈએ એટલે બા કહેશે: "આ જોને, ભાન વિનાનો!" આપણે છરી ઘસતાં ઘસતાં ઝટ જમવા ન જઈએ તો બધા કહેશે: "જોને, સાંભળતો નથી!" ગમતું આપણે છોડીએ નહીં ને પરાણે છોડાવે ત્યારે રડીએ તો કહેશે: "છે કાંઈ હઠીલો!"

હું આપને પૂછું છું કે એ વાત ખરી નથી? અકસ્માતથી છરી લાગી અને બાપાએ સામેથી લાત મારી: "ધ્યાન નથી રાખતો? કેમ છરી લીધી?" હીંચકતાં હીંચકતાં પડી જવાયું; બા આવીને વઢીને કહે: "એ તો એ જ લાગનો! હાશ;

ઠીક થયું તે લાગ્યું." રાતે બાર વાગ્યે દિશાએ જવું પડ્યું ને બાએ ચિડાઈને કહ્યું: "કાલથી ખાવા જ ન આપું."

ઘરમાં આપણી કાલી કાલી વાતો સાંભળવાની કોઈને ફુરસદ ન હતી. આપણી રમતોથી ઘરમાં ગરબડ થતી હતી. આપણે કાંઈ કાંઈ નવું નવું બનાવતાં હતાં તેથી કચરો પડતો હતો. મતલબે ઘરમાં આપણા માટે થોડી જગ્યા છે એમ લાગ્યું, અને આપણે શેરીમાં પગ દીધો.

પછી શેરીમાંથી આપણે શું શું શીખ્યાં તે શું મારે યાદ આપવાની જરૂર છે? રોગોના જંતુથી ભરેલી શેરીની ધૂળ ચૂંથતાં આપણામાંનાં કેટલાંય જીવન ખોઈ બેઠાં; તેમને હવે આગળના પ્રશ્નો પૂછવાનું ન રહ્યું. પણ આપણે જે જીવતાં રહ્યાં છીએ તે એકબીજાને પૂછીએ કે શરીરથી નહીં મર્યાં પણ મનથી આપણે શેરીના પ્રતાપે કેટલાં સડ્યાં? આપણો જવાબ આપણે મનમાં ને સાનમાં જ આપીએ.

ઘરમાં જગ્યા ટૂંકી પડી માટે આપણે શેરીમાં નીકળ્યાં. પણ શેરીની વિશાળ જગ્યામાં ઘરની સ્વચ્છતા ગઈ અને ગંદકી મળી; ઘરની ટોકણી શેરીમાં ન હતી પણ ગુંડા છોકરાઓનું દબાણ હતું; ઘરમાં રમવાની જગ્યા ન હતી પણ શેરીમાં રમતની અનવસ્થા હતી.

ઘરના દબાણમાંથી છૂટ્યાં પણ શેરીની ઉચ્છૃંખલતામાં પડ્યાં. ઘરના વધારે પડતા લૌકિક સભ્ય વાતાવરણમાંથી ગૂંગળાતાં મટ્યાં ત્યાં શેરીના છેક જ અસભ્ય વાતાવરણના ભોગ થઈ પડ્યાં. શેરીમાં વાર્તા કરવાની ને સાંભળવાની છૂટ મળી, પણ વાર્તાના વસ્તુની નિર્મળતાની મર્યાદા જ ન રહી. ઘરમાંથી નાટક કરવા બહાર ભાગ્યાં ત્યારે શેરીમાં માબાપ અને માસ્તરનાં જ નાટકો ભજવ્યાં. ઘરમાં મા અને બાપની ચોકીમાંથી ભાગી છૂટ્યાં ત્યારે શેરીમાં શું કરીએ તેની જરા પણ સંભાળ રાખનાર કોઈ ન રહ્યું.

ટૂંકમાં, ઘરમાંથી શેરીમાં જવું પડ્યું એટલે ઊલમાંથી ચૂલમાં પડવા જેવું થયું.

શેરીની પેલી પાર શેરીએ શેરીએ નિશાળનું મકાન ઊભું હતું. હવે હું આપને પહેલાં, ખરા દિલથી અને ગંભીરતાથી આપણને મોંપાઠ બોલાવતા અને હાથમાં સોટી લઈ ફરતા ધૂડી નિશાળોના શિક્ષકો યાદ આવી ગયા કે નહીં તે

પૂછું છું. આની સાથે જ આપની સ્મૃતિમાં પેલી નાનકડી ધૂડી નિશાળ ને તેમાં કૂતરાં-બકરાંની ગાડીમાં ખીચોખીચ ભર્યાં હોય તેમ બેઠેલાં હોય તેવાં છોકરાંઓ, ને તેમની વચ્ચે હાથમાં પેન-પાટી લીધેલી, મેલાં લૂગડાં પહેરેલી ૧ ક નાખીને પાટી સાફ કરતી ને મહેતાજી સામે બાડી આંખે વારે વારે જોઈને માસ્તર હમણાં કોને મારવાના છે તે નક્કી કરતી આપણી જાત યાદ આવશે.

મને પોતાને તો યાદ આવે છે, અને અત્યારે શાળાને કાંઈક અંશે શરમ સાથે પણ સંભારવી પડે છે. શાળાનાં મીઠાં સંસ્મરણો સાથે ભળેલાં કડવાં ઝરણોને ભૂલી જવા માટે મીઠાં સંસ્મરણો વધારે સંભારવાં પડે છે, પણ વર્ગમાં તમાકુ ખાતો શિક્ષક — અમને ગાળો દેતો તેમ જ અમારી ને વખતે વખતે અમારાં માબાપોની પણ મશ્કરી કરતો શિક્ષક — નથી ભુલાતો. રોફ બતાવવા માટે જ છોકરાને મારતો, ન ભણાવવું હોય ત્યારે "નકશો જુઓ", "આંક લખી લાવો", એવું કામ સોંપતો શિક્ષક કેમ કરી ભુલાય? અને તડ તડ તમાચા ખાતા છોકરાઓને મેં નજરે જોયા છે, અને કોઈ કોઈ વાર મારો ગાલ પણ ચમચમ્યો છે. હું ખાતરીપૂર્વક કહું છું કે શિક્ષકને ને અમારે કશી લેવાદેવા ન હતી. અમે પાઠો કરી લાવતા, ભવાં ચડાવી શિક્ષક લઈ લેતા અને ઘંટ થતાં શાળામાંથી — પાંજરા-માંથી કૂતરાં છૂટે તેમ અમે નાસી છૂટતા. અને હમેશાં માસ્તર માંદા પડે ત્યારે ખચીત રાજી થતાં: "હાશ! આજે પાઠ નથી." કોઈ મરી જાય અને શાળામાં રજા પડે એટલે તો અમારે મજા જ હતી. હું મારું જીવનચરિત્ર કહેવા નથી ઊભો, પણ શિક્ષણનો એક યુગ ચીતરવા ઊભો છું. આ ચિત્ર ઘણું લાંબું છે, ઘણી વિગતોવાળું છે, તોપણ મોટા મોટા કૂચડા મારી હું તે રજૂ કરીશ.

અમને બધા શિક્ષકોના ચાળા પાડતાં આવડતા. ભણાવવામાં સૌથી હોશિ-યાર શિક્ષક સૌથી અણગમતો હતો. જે શિક્ષક ઘરનું કામ સોંપતો અને ભણવામાંથી છુટ્ટી આપતો તે બહુ જ ગમતો. તે શિક્ષક અમને ગમતો જે પરીક્ષા વખતે અમને કોપી કરાવતો. તે દિવસે ખબર નહીં કે કોપી કરાવવામાં શિક્ષક પરીક્ષકને છેતરે છે.

ઘણાઓને યાદ નથી શું કે આપણો પરીક્ષક વયોવૃદ્ધ, વિનોદ વિનાનો અમલદાર, ડોળા કાઢતો અને પરીક્ષા લેવી એટલે માત્ર એક ધંધો ચલાવવો

એમ માનતો માણસ હતો? પરીક્ષા લેતાં એણે એક પણ ગંમત ઉડાવી હતી? નદી અને ડુંગરા પૂછવા સિવાય આપણા જીવનની એક પણ વાત એણે પૂછી હતી? પરીક્ષા માટે તૈયાર થતાં આપણે કેવા હેરાન થયા હઈશું તે બાબતમાં સહાનુભૂતિભર્યો એક પણ પ્રશ્ન પૂછ્યો હતો શું? અને પરીક્ષા વખતે આપણામાંના ઘણાને તાવ નહોતો આવી જતો શું?

અને આપણે ભણતા હતા તે પરીક્ષા માટે. પરીક્ષા ગઈ એટલે હાશના છુટકારા સાથે આપણે છૂટ અનુભવતા હતા. નાપાસ થયેલાં રડતાં હતાં ને પાસ થયેલાં કૂદતાં હતાં. પરીક્ષા આવતી હતી ત્યારે આપણી રમતો સુકાઈ જતી. ઘરમાં લેસન લેસન થઈ રહેતું. સ્વપ્નાં પરીક્ષાનાં ને પાસ-નાપાસનાં આવતાં, પરીક્ષા મોટો હાઉ હતો. ખરેખર, મને તો હજી, પરીક્ષામાં બેસું છું ને લખતાં નથી આવડતું ને "હાય હાય શું થશે"નાં સ્વપ્નાં આવે છે!

આપણું ભણતર એટલે માહિતી, માહિતી, માહિતી! જ્ઞાન, જ્ઞાન, જ્ઞાન! ઇતિહાસની સાલવારીઓ મોઢે; સાબરમતી ને ઢાઢર નદી ઉપરનાં શહેરો મોઢે; પલાખાં ને પાઠ તો કડકડાટ; કવિતા મોઢે ને નોટોમાંથી અર્થ પણ મોઢે. પદાર્થ-વિજ્ઞાન, આરોગ્યવિજ્ઞાન, જે ભણવા બેઠા ત્યાં હકીકત મોઢે એનું નામ આવડ્યું, એનું નામ ભણ્યા. એમાં ક્યાં વિકાસ હતો તે જ શોધવું મુશ્કેલ છે. પણ ભણતરનું ધોરણ આ ને આપણને તેનો અનુભવ છે.

આપણી શાળા શિક્ષણની પ્રયોગભૂમિ ન હતી. એ ક્રીડાંગણ પણ ન હતું. એ નાટકશાળા પણ ન હતી, એ સંગ્રહસ્થાન પણ ન હતું. એ કલામંદિર પણ ન હતું. એ વાડી પણ ન હતી. ચાર ઉજ્જડ દીવાલો; મેલા, ઊખડી ગયેલા તળિયા-વાળી ભોંય; ડાઘાવાળા બાંકડા; તૂટલીફાટલી પાટીઓ તથા ચોપડીવાળા આપણે અને સોટી લઈને ફરતા આપણા શિક્ષક! આ આપણી શાળા.

ત્યાં આપણે ઘણા ગુના કરતા. વાતો કરતા; લેસન ન આવડતાં; કબૂતરો ઉડાડતા; કાંઈક માસ્તર નવું લાવ્યા હોય તે ટેબલ ઉપરથી ઉપાડતા; એકબીજાની વિશેષતાનું અનુકરણ કરતા; કોઈને ન આવડતું તેને માસ્તર ન મારે માટે લખી આપતા; રમતો સાંભરે ને ધ્યાન ન રહે એટલે આડુંઅવળું જોતા; પાટિયા ઉપર દાખલા ગણાવતા હોય ને રસ ન આવે એટલે ઝોકું આવે; ખૂબ લેસન આપ્યું

હોય અને ન થઈ શકયું હોય એટલે બીકથી માથું દુખતું હતું એમ કહેતા; માસ્તરની સોટી ભાંગી નાખતા કે સંતાડી દેતા આ બધા ગુનાઓ ને આપણે બધા ગુનેગારો. પછી શિક્ષણના શાસ્ત્રમાંથી આપણને શિક્ષાઓ થતી. ઊભા રહેવું, અંગૂઠા પકડવા, ઊઠબેસ કરવી, તમાચો ખાવો, વગેરે વગેરે. શિક્ષાના પ્રકારની એક મોટી યાદી કરી કોઈ બહાર પાડે તો શાળાનું 'પિનલકોડ' પણ ઠીક ઠીક બને!

શાળાના શિક્ષકની સ્થિતિ કેવી હતી? એની આર્થિક અને સામાજિક સ્થિતિની દયા ઉત્પન્ન કરે તેવી વાત ને તેની જ્ઞાનસમૃદ્ધિની દરિદ્રતાની કથા હું નહીં કહું. આજને પ્રસંગે હું બાળકોની હાડમારીની વાત કહી શકું; અને તે જો સમજાય તો ગઈ કાલ ગમે તેવી હતી પણ આવતી કાલનો શિક્ષક બદલી જ જશે. એટલે શિક્ષકને અને તેની નિંદાને અહીં જ છોડીને આગળ જઈએ.

આ બધી જૂની વાત જૂના માણસો મનમાં તો કબૂલશે; પણ આપમાંના ઘણાઓ કહેશે; "ગિજુભાઈએ હમેશ મુજબ આ વાર્તા જોડી કાઢી છે." આજનાં સુશિક્ષિત માબાપો અને આપમાંના કેટલાએક જેમણે વિચારી માબાપની છાયામાં ભાગ્યશાળી બાલ્યાવસ્થા ગાળી હશે તેઓ હાથ ઊંચા કરી "ના, ના," કહેશે. તેમ જ અત્યારની કોઈ કોઈ મૉન્ટેસોરી શાળાનાં બાળકો—અહીંતહીં બેઠેલાં બાળકો—ઊભા થયા વિના કહેશે: "એ ગિજુભાઈ, આ શું ગપ મારો છો? આવું અમે તો કાંઈ જોયું નથી." અને કેટલાએક મારા શિક્ષક અને પરીક્ષક ભાઈઓ જરા દુભાઈને મને કહેવાનો વિચાર કરશે: "ભાઈ, અમે કેટલી મહેનતથી શિક્ષણમાં સુધારા કરી રહ્યા છીએ એ જોયા-જાણ્યા વિના જ બોલો છો કે શું?"

હું એ બધાંના મીઠા ઠપકા સાંભળી લઈશ, પણ કહીશ: અલબત્ત જોકે ગણ્યાંગાઠ્યાં ઘરો ને થોડા શિક્ષકો નવી કેળવણીને—નવા પ્રકાશને—ઝીલવા લાગ્યાં છે, છતાં આપ જ ચારે કોર નજર નાખીને કહો કે આજનાં ઘરોમાં પણ બાળકોની સ્થિતિ કેવી છે? શું એમ નથી કે આપણે દિનપ્રતિદિન વધારે ને વધારે પ્રવૃત્તિશીલ થતાં જઈએ છીએ અને પરિણામે આપણે શ્રીમંત હોઈએ એટલે નોકરો-આયા અને બહુ તો એકાદ ટ્યૂશન રાખનારને બાળકો સોંપી દઈએ છીએ? અને આજે આ મોટર ને મિલનાં ભૂંગળાંના અવાજમાં લાખો અસંભા-

વિત બાળકોનું રુદન આપણને સંભળાતું પણ નથી. ગંદકીમાં સડતાં બાળકોની સંખ્યા લઈશું તો તે ચોખ્ખાં બાળકોથી વધશે કે ઘટશે? શું બાળકો રમકડાંથી સંતોષ પામે છે? શું બાળકોને માટે ઘરમાં એકાદ જુદી પેટી પણ છે? અને શું શાળાની સ્થિતિ બદલાઈ ગઈ છે? ટ્રેનિંગ કૉલેજમાં, ધારો કે, સારામાં સારી પદ્ધતિથી કેમ શીખવવું તે ભણીને આવેલા શિક્ષકો શું પોતાની શાળાની અંદર તે પ્રમાણે કામ કરે છે? એમ કહો ને કે તેઓ થોડુંએક કિંડરગાર્ટન અને મૉન્ટેસોરી પણ જાણે છે? એમની શાળામાં ફ્રોબેલની ઉત્સાહભરી રમતો છે? એમની શાળામાં મૉન્ટેસોરીનું બાલસન્માન છે? શું શિક્ષકનો ઉત્સાહ પણ અભ્યાસક્રમ, પરીક્ષાપદ્ધતિ અને જીવનની હાડમારીથી કચરાઈ નથી ગયેલો? હા. શિક્ષા જતી જાય છે તો ઇનામ વધતાં જાય છે. કેવળ ગોખણ ઘટતું જાય છે તો યુક્તિ-પ્રયુક્તિથી રસ ઉત્પન્ન કરવાના પ્રયત્નો દ્વારા અપાતું શિક્ષણ વધતું જાય છે. પણ પરિણામે સંગીન જ્ઞાન વધતું નથી જ. સંગીત, ચિત્રકલા, એવું એવું વધતું જતું હોય તો એક તરફથી અભ્યાસક્રમના વિષયો વધે છે ને બીજી તરફથી તેના શિક્ષણવર્ગો એ વિષયને મોટે ભાગે લજવે તેવા ચાલતા જોવા પડે છે. એ બધું આપ ક્યાં નથી જાણતાં?

ટૂંકમાં, પરિસ્થિતિ બદલાઈ નથી; માત્ર પાસું બદલાયું છે, પણ વસ્તુ તો એકની એક છે.

પણ હમણાં દુનિયા ઉપર નવી ઉષા ઊઘડી છે, અને એ ઉષામાં આપણે સૌ જાણ્યે-અજાણ્યે જવાને જાણે કે તૈયાર થતાં જઈએ છીએ. એ નવો પ્રકાશ જે ઘરોમાં પેઠો છે તે ઘર હું તમને બતાવું? જુઓ. ત્યાં બાળક તંદુરસ્ત હાસ્ય હસી રહ્યું છે. ઘરમાં મોટાં માણસો જેમ એક સ્વતંત્ર વ્યક્તિ તરીકે તે પોતાની હિલચાલો કરી રહ્યું છે. આ રહ્યા તેના પિતા. માનથી તેને કહે છે: "કેમ, જમવા તૈયાર છો કે?" અને બાળક કહે છે: "આ આવું છું, આ ચિત્ર કાઢીને." અને બા બાપાને પીરસે છે એટલામાં ચિત્ર પૂરું કરી બાળક દોડતું આવી બા-બાપાને બતાવે છે ને જમવા બેસે છે. બાળક બાપાને પ્રશ્ન છૂટથી પૂછે છે ને બાપા વિનોદ અને શાંતિથી તેનો જવાબ આપે છે. એ રહ્યું પેલું બા-બાપાના ઘરમાં બાળકનું નાનું એવું ઘર. સાચે જ બાળકનું તે ઘર છે. બાળક ત્યાં બાપાની જેમ છૂટથી રહે છે; બાની જેમ પોતાનું કામકાજ કરે છે; બાપાના મિત્રોની

જેમ પોતાના મિત્રોને ત્યાં બોલાવે છે. બાળકના ઘરમાં તેના જીવનવિકાસની આ રહી કેટલી બધી ચીજો! આ તેનું નાનું એવું પુસ્તકાલય. નીચે નાની અભરાઈ, નીચે નાની માટલી, નાની હથોડી, નાની કાતર, નાની કોદાળી, નાનું આસન અને આ બધી જીવનસામગ્રી. જુઓ, તે ત્યાં ગયું. કેટલું તલ્લીનતાથી પોતાનું ઘર સાફ કરે છે! જેવું આવડે છે તેવું કરે છે. બા ત્યાં આવે છે ને કહે છે: "કાલ કરતાં આજે સારું વળાયું છે. કેમ આજે તો આ નવી આવેલી સાવરણી બરાબર ફાવે છે ના!" જુઓ સાંજનો ફરવા જવાનો વખત થયો છે. બાળક પોતાના ઘરમાં તૈયાર થઈ રહ્યું છે. શાંતિથી તે હાથમોઢું ધોઈ કપડાં પહેરી રહ્યું છે. બાપાએ ડોકિયું કર્યું ને બાળકે કહ્યું: "આ તૈયાર થઈ રહ્યો છું." બા જરા રાહ જોતી ઊભી છે. જુઓ, પેલું એક બાળક પોતાની મેળે પહેરણનાં બુતાન બીડે છે. આયા મદદ કરવા દોડે છે. બાળક મૌન કડકાઈથી સંભળાવી દે છે: "મને આવડે છે. હું તારો ગુલામ નથી." આયા બહાર જઈ બાની પાસે ફરિયાદ કરે છે: "ભાઈને બુતાન બીડતાં પૂરાં આવડતાં નથી, ને મારી સામે તો આમ ડોળા કાઢે છે! કોણ જાણે ક્યારેય એ પહેરણ પહેરી રહેશે!" બા કહે છે: "ભલે મોડું થાય. એની મેળે કરતો હોય ત્યારે કરવા દેવું, એને અપંગ કરવા તને નથી રાખી."

અને આ નવા ઘરની અંદર મહેમાનને બાળકના પિતા કહે છે: "જરા એને છોડી દેશો? આપણાં બાળકો દડાની જેમ ઉલાળવા ને આપણે માટે ગંમત કરવા આપણાં રમકડાં નથી. માફ કરજો જરા." આ નવા બાળકની નવા વિચારની માતા બહેનપણીને જરા સંકોચ પામીને પણ કહે છે: "બહેન, બાળકને બચી ના લે. જોને, એને એ ક્યાં ગમી? એમ એને ન ગમે એ રીતે આપણું હેત ન બતાવીએ." બંને બાપ અને મા સમજુ છે. મોટા મિત્રો આવે છે અને બાળકને કહે છે: "જોઉં, તને સુંદર ગાતાં આવડે છે? ગા જોઈએ. તને તો ઇનામ આપવું જોઈએ. બહુ હોશિયાર તું તો." કોઈ કહે છે: "એ તને તો કાંઈ નથી આવડતું. જો, પેલી છોકરી કેવું ગૂંથે છે!" માબાપ કહેનારને ઇશારાથી જ ના પાડે છે. પાછળથી ખુલાસો કરે છે: "હું આપને કહું? સ્તુતિ-નિંદાઓથી આપણે બાળકોને મુક્ત રાખીએ. એ વિના જ એ તો મજા કરે છે."

તમે માનશો કે, આ નવા ઘરમાં નવા બાળક સાથે નવો જ બની ગયેલો પિતા બાળક સાથે હાસ્યવિનોદ કરે છે? તે તેની સાથે રમે છે, તેની સાથે નાની નાની બાળજીવનની વાતો કરે છે, બાળક સાથે સમભાવથી ચર્ચા કરે છે, દલીલ કરે છે ને માનપૂર્વક તેના જીવનને સમજવાને ને તેની મુશ્કેલીને દૂર કરવાને તત્પર રહે છે? એક વકીલ, ડૉક્ટર કે વેપારી પોતાનું ઘરાક ન ખોવાય તેની જે કાળજી રાખે છે તેથી વિશેષ કાળજી તે પોતાના બાળકનું અંતઃકરણ પોતા પાસેથી ન ખોવાઈ જાય તેની રાખે છે. અને બા પોતાના બચ્ચાંને તેઓ જે નાજુક સવાલો પૂછે છે તે દાબી દીધા વિના તેના જવાબો સ્વાભાવિકપણે આપે છે. બા ખીલતા ફૂલબાગની એક ફૂલદેવી જેવી તેનાં બાળકો વચ્ચે ફરે છે. બાળકો હસે છે ને ખીલે છે. બાને સુગંધ આપે છે અને અભિમાન આપે છે કે, આ બાલમાનસની દૃષ્ટિએ મારું ઘર પૃથ્વી ઉપર એક સ્વર્ગ છે!

આવું નવું ઘર આપણામાંના કેટલાંએ જોયું છે?

આવતા યુગની જે નવી શાળા બની રહી છે તેનો હું આપને જરા ખ્યાલ આપું? એ-એક સ્વપ્ન છે એમ છો કહેતા. નવી નિશાળ હવે નથી રહી. બાળકોનું એ બીજું ઘર છે.

જરા નિશાળની અંદર જઈએ અને જોઈએ.

કામ કરતાં થાકેલું બાળક આ બાજુએ શાંતિથી પડ્યું પડ્યું આરામ લે છે. પેલું બાળક પોતાના મિત્ર બાળકને તેણે ઘેર શું ખાધુંપીધું તેની હસતું હસતું વાત કરે છે. જો પેલું બાળક હીંચકા પર ટીંગાય છે. પેલું એક નાનકડું બાળક જાતજાતનાં રમકડાંથી રમવામાં મશગૂલ છે. પણ આ રમકડાં બજારમાં મળતાં હાથી-ઘોડા કે બાવલાં જેવાં નથી. આ બાળક સામે તો જુઓ! કાચ સામે જોઈને કચારનું પોતાના વાળ સરખા ઓળે છે! ફક્ત ત્રણ વરસનું જ છે. આ સાચું હશે કે સ્વપ્ન કે આટલાં નાનાં બાળકો પોતાની મેળે ચાળીસ-પચાસ બાળકોનો નાસ્તો સાવધાનીથી પીરસી રહ્યાં છે, અને નીચે પડતો નાસ્તો મોઢામાં મૂકવાને બદલે ટોપલામાં નાખી દે છે! આ રહ્યાં બે-ત્રણ બાળકો, ધીમે ધીમે ખખડાટ કિ્યા ઉઘાડા પ્યાલા ઉપર રકાબી ઢાંકે છે. અહીં એકાગ્રતા છે. કામમાં રસ છે. સ્વસ્થતા અને શાંતિ છે. સ્નાયુ ઉપર કાબૂ છે. આ એક નાનીશી મંડળી આટલાં ઉંમરે સાથે મળીને સહકારી કામ કરે છે.

જરા કલ્પના કરો; અહીં એ બાળકો બેઠાં બેઠાં ચિત્રો કાઢે છે. ત્યાં એક બાળક બારીને સાફ કરે છે. પણ એક બાળક આસન સંકેલે છે ને પેલું બાળક હાથ ધોઈ ટુવાલથી હાથ લૂછે છે.

અને આ ઓરડામાં ધૂપની ગંધ શી છે? અંદર કોણ હશે? પૂજાનો કે ધ્યાનનો ઓરડો છે? અરે, આ તો અહીં બાળકો બેઠેલાં છે. સ્વસ્થ ને શાંત! નિઃશબ્દ! આ ઝાંખા અજવાળામાં અગરબત્તીઓનું લાલ અજવાળું શોભા આપે છે. આટલાં બધાં બાળકો ઘોંઘાટિયાં ને ગરબડિયાં હોય છે? માનવું પણ આકરું છે કે ચાળીસ-પચાસની એ નાની મંડળી ધ્યાનમગ્ન હોય, ધ્યાન દ્વારા આનંદ અને આરામને શોધતી હોય.

પણ આ બધામાં શાળા ક્યાં છે? અહીં તો પતંગિયાં પાછળ છોકરાંઓ દોડે છે; તેમને કોઈ રોકતું નથી. અહીં ક્યારનું એક બાળક રેતીમાં કૂબા કરે છે; કોઈ તેને ભણાવતું નથી. અહીં તો ચાર બાળકો પેલા ખૂણામાં ખાડા ગાળી તેમાં મેથી ને મગ વાવે છે, ને નાની ઝારી વડે પાણી પાય છે. અહી શાળા ક્યાં છે? ને ભણતર ક્યાં છે? ને શિક્ષક મહાશય ક્યાં? એ તો એ રહ્યા પેલા. પેલા બાળકને પેનસિલ છોલી આપે છે; પેલા શૌચ જઈ આવેલા બાળકને પાણી રેડે છે; પેલું બાળક દોડી આવીને નમસ્કાર કરે છે તેને સ્વીકારે છે; પેલા નવા ઘરના બાપા પેઠે બાળકને વાર્તા વાંચી સંભળાવે છે કે માતા પેઠે "કેમ છે? શું ખાધું હતું? શું પીધું હતું?" ના સમાચાર પૂછે છે. અહીં ક્યાંયે શિક્ષક નથી. અને એ જ પેલા ભાઈ કે બહેન બાળકનું સર્વસ્વ છે. બાળકના વિકાસની તેને ફિકર છે. વિકાસનું શાસ્ત્ર તે સમજે છે. બાળકની જરૂરિયાત તે જાણે છે. અને જરૂરિયાત પ્રમાણે વાતાવરણ રચી ત્યાં બાળકને ફૂલઝાડ પેઠે ઊગવા, ખીલવા ને ફૂલવાફાલવા છૂટું મૂકી એક સહાયક બાગવાન તરીકે પાસે ઊભાં છે.

આ નવું ઘર — આ નવી શાળા.

નવા યુગનાં આ પૂર્વચિહ્નો ક્યાંક ભાવિના ગર્ભમાં છે, ક્યાંક સ્પષ્ટાસ્પષ્ટ દેખાઈ રહ્યાં છે. પણ આ બાળયુગની નવી શરૂઆત તો થઈ જ ચૂકી છે. આજે આખી દુનિયા બાળશિક્ષણ, બાળવિકાસ, બાળસાહિત્ય, બાળપોશાક, બાળખોરાક વગેરેના અનેક પ્રશ્નો ઉત્સાહ અને આગ્રહથી જોસભેર ચર્ચી રહી છે. બાળ-

ઉદ્ધારમાં જગતનો ઉદ્ધાર જોવાવાળા વિદ્વાનો ક્રાંતદૃષ્ટિએ કહે છે કે નવી પેઢીને હાથમાં લો, નવી પેઢીને વ્યક્તિત્વ આપો, નવી પેઢીને પારતંત્ર્યમાંથી બચાવો. નવી પેઢીને વ્યક્તિ-સમષ્ટિનો જીવનનો મેળ સમજાવો. આ દુનિયાના ઝઘડાઓમાંથી, વેરઝેરમાથી, લડાઈઓમાંથી, અનાથાશ્રમો અને પાગલખાનાંમાંથી, કોર્ટો અને કેદખાનાંમાથી, ગરીબી અને વિલાસમાંથી, સત્તા અને ગુલામીમાંથી બચાવવી હોય તો નવી પેઢીનું શિક્ષણ નવું કરો. જે ઘરે — જે શાળાએ — આજની દુનિયા બનાવી છે (અને ઘર અને શાળા જ દુનિયાને બનાવે છે) તેને તોડી નાખો અને અંધારાને દૂર કરવા નવા પ્રકાશને આવવા દો.

આ નવો યુગ હિંદુસ્તાનમાં આવી ચૂક્યો છે; પણ તેની શરૂઆત માત્ર છે. ઘેર ઘેર એની સ્થાપના કરવા માટે હજી આપણે ઘણું કરવાનું છે. પણ તે પહેલાં આપણે જોઈએ કે આપણે ત્યાં શું શું થયુ છે. એક ગુજરાત ઉપર જ દૃષ્ટિપાત ફેંકીએ. હજી આપણે ત્યાં સમી સાંજે તારા દેખાય તેટલી મૉન્ટેસોરી-શાળાઓ છે. હજી આંગળીને વેઢે ગણાય તેટલાં આપણે ત્યાં મૉન્ટેસોરી-ઘરો છે. આપણે ત્યાં મૉન્ટેસોરી-સાહિત્ય હજી કેટલું બધું ઓછું છે! ઘરોમાં અને શાળાઓમાં હજી મૉન્ટેસોરી-ભાવના આવતાં કેટલોય વખત જશે. અને છતાં હું નજરોનજર જોઈ રહ્યો છું કે આપણી બાળક પ્રત્યેની દૃષ્ટિ વધારે ને વધારે ચોખ્ખી થવા તરફ જાય છે. ગઈ કાલ કરતાં આજે આપણે બાળકને માટે વધારે કાળજીવાળાં થતાં જઈએ છીએ. અને છતાં હજી ઘણું બાકી છે. ઘણી મુશ્કેલીઓ છે. આપણે એ બધી મુશ્કેલીઓને પહોચી વળવું પડશે.

આપણે મૉન્ટેસોરીને હિંદુસ્તાનમાં અપનાવતાં તેને હિંદી પ્રાણથી અલંકૃત કરવાની છે. એટલે જ મૉન્ટેસોરી-શાળા પ્રયોગભૂમિ રહે છતાં તે હિંદુસ્તાનના છાપરા નીચે, હિંદુસ્તાનની ભોંય ઉપર, હિંદુસ્તાનના આસન ઉપર બેસશે. આપણે મૉન્ટેસોરીનાં ટેબલ-ખુરશીની જગ્યાએ બાજોઠ ઉપર બાળકોને સ્વયંસ્ફુરિત ચિત્રો કાઢવા મૂકીશું. હિંદુસ્તાનનાં મૉન્ટેસોરી-બાળકો નાસ્તો લેશે, પણ તે ટેબલ-ખુરશી ઉપર કે જોડા પહેરીને નહીં. મૉન્ટેસોરી-ગૃહમાં બાળકોને કલાનું વાતાવરણ આપણે આપશું, પણ આપણો ફૂલ-શણગાર માટીના લોટકામાં આવળ-માવળનાં ને લીમડાનાં પાંદડાંથી પણ થઈ શકશે. હિંદની મૉન્ટેસોરી શાળામાં બાળકોના હાથમાં એકતારો અને મંજીરા હોય. પ્લાસ્ટિસીનને બદલે સાદી કુંભારની

માટીથી બાળકોના હાથ જાતજાતનાં રમકડાં બનાવતા હોય. આપણી શાળાના આંગણામાં બાળકો રાઈ, મેથી, તુલસી, મરવો, કરેણ, બારમાસી વગેરે વચ્ચે ફરતાં હોય. અહીંના બાગમાં આવળ પણ હોય.

છતાં આ દેશી શાળામાં હાથ લૂછવા માટે ટુવાલ હોય જ હોય; પગ લૂછવા માટે પગલૂછણા વિના ચાલે જ નહીં; હાથ ધોઈને જ ખાવાનું હોય; ખાઈને કોગળા કરવાના જ હોય; વાળ ઓળીને જ ફરવાનું હોય; નાક લૂછવાને માટે પાસે રૂમાલ હોય જ; મળમૂત્રનો ત્યાગ કરવાનાં સ્થળો ચોક્કસ જ હોય. આ ન હોય ત્યાં મૉન્ટેસોરી શાળા ન જ હોય.

આપણે મૉન્ટેસોરી પ્રયોગશાળા ઊભી કરવી પડશે જ; અને તે આપણી આબોહવામાં જ. આપણાં જ બાળકોને આપણે શાસ્ત્રીય દૃષ્ટિથી અવલોકી તેના આંકડાઓ ઉપર આપણા દેશના બાલમાનસના અભ્યાસને આપણે ચલાવવો જોઈએ. સ્વાતંત્ર્ય અને સ્વયંસ્ફૂર્તિનું વાતાવરણ (પ્રયોગભૂમિનો સ્વાભાવિક પાયો) આપણે ત્યાં પણ હોય. શાસ્ત્રીય શોધ માટે સત્યનિષ્ઠા, તાટસ્થ્ય, અ-મતાગ્રહ તેમ જ સમાજ, રૂઢિ, ધર્મચુસ્તપણું વગેરેમાંથી મુક્તિ જોઈશે. અને છતાં બાલવિકાસને માપનારાં અને સાથે સાથે વિકાસને સાધન રૂપ એવાં સર્વ સાધનોનું અનિવાર્ય સ્થાન આ પ્રયોગશાળા માગશે. આ પ્રયોગશાળા ધર્મનો, જાતિનો કે દેશોનો તફાવત સ્વીકારી શકશે નહીં. હિંદુસ્તાનનાં બાળકો આજની ઘડીએ શરીર ને મનથી ક્યાં છે, અને આગળ એક પગલું શામાં છે, તેની ખોજ આ પ્રયોગશાળા હિંદુસ્તાનને માટે જ કરશે. અને સ્પેન જેમ પોતાને માટે, સ્વિટ્ઝર્લૅન્ડ પોતાને માટે અને આયર્લૅન્ડ પોતાને માટે મૉન્ટેસોરી પદ્ધતિનો જે સાચો અર્થ કરે છે તે જ અર્થ હિંદુસ્તાન પણ કરશે. આપણે આવી પ્રયોગભૂમિ સ્થળે સ્થળે સ્થાપીએ નહીં ત્યાં સુધી આપણું કામ મંદ છે.

આપણે એટલે ગામડાંઓ. અને ગામડાંના શિક્ષણનો ઉકેલ એટલે રાષ્ટ્રના જીવનનો ઉકેલ. બાલજીવનના પ્રશ્નો ઉકેલવા આપણે મૉન્ટેસોરીને પણ ત્યાં લઈ જઈએ. સ્વાશ્રય અને સ્વાધીનતા એ મૉન્ટેસોરી પદ્ધતિનો પ્રાણ છે. એ વસ્તુ મૉન્ટેસોરી પદ્ધતિ પાસે ન હોત તો આપણને તેનો કશો ખપ ન પડત. પણ ગામડું આજે શ્રમનું જીવન માગે છે. એદી જીવન, પરાવલંબી જીવન, એ જ આજે

આપણા જીવનની મહાન બદી છે. ગામડું એટલા માટે લૂંટાય છે કે તે અજ્ઞાનમાં છે, વહેમના અંધકારમાં છે, બુદ્ધિની જાડાઈમાં છે. અને એથી સૌથી વધારે આજે ગામડું ભયમાં છે. અને ગામડું એટલે આપણે સૌ: આપણે, આપણાં શહેરો, આપણું આખું રાષ્ટ્ર એ ગામડાં માટે આપણને મૉન્ટેસોરી પદ્ધતિ ફેંકી દેવા જેવી લાગત—જો તે નિર્ભયતાની કેળવણી આપનારી ન હોત, સ્વાશ્રયી બનાવનારી ન હોત, નિર્મળ જ્ઞાનદાતા ન હોત અને ગુલામીમાંથી મુક્તિ આપનારી ન હોત.

જે બાળક આજે ગંદકીમાં સડી ગયું છે, જે માબાપની બદંકેલી અને કુચાલોમાં મરણના શ્વાસો લઈ રહ્યું છે, જે બાળકનું શિક્ષણ પૂરું અક્ષરજ્ઞાન પણ નથી, જે બાળકની વૈજ્ઞાનિક આંખો કેવળ બંધ છે, જે બાળકની લાગણીની તીવ્રતા પશુની સ્થિતિની પેલી પાર નથી જવા પામી, જે બાળક આજે મોટા નખોવાળું, માથામાં જૂઓવાળું, ફાટલાં ગંધાતાં કપડાંવાળું, શેડા ચાટતું, અને કાન ને આંખમાંથી પસ વહેતું ગામડાંની ધૂળમાં છે — તે બાળક આજે શહેરોના ગરીબ લત્તામાં છે, મિલમજૂરોનાં ઝૂંપડાંમાં છે, વાઘરી અને ઢેડના ફૂબામાં છે. તેની અસહાય મૂંગી વેદના સાંભળીને જ મૉન્ટેસોરી ધાયાં છે.

પણ મૉન્ટેસોરીની દૃષ્ટિ ભેદી છે. ગામડાંનાં દુઃખી બાળકોનું દુઃખ તેમણે દેખ્યું તેમ ઉપરથી દેખાતા શહેરનાં, શ્રીમંતનાં, અમીરનાં અને ઉમરાવનાં બાળકોનું દુઃખ પણ તે જોઈ શક્યાં. આયાના અને નોકરના હાથમાં કચરાતું અને દબડાતું બાળક તે સહન કરી ન શક્યાં. માતા છતાં પોતાના બાળકને બીજાને ધવરાવવા આપનારી અ-માતા સામે તેમણે ખેદથી જોયું. સુંદર લૂગડાં પહેરેલાં પણ નોકરોથી અપંગ બની ગયેલાં બાળકોને જોઈને તેમના દિલમાં ચરચરાટી થઈ; અને પ્રેમ અને હેતમાં પ્રભુ પાસે માગી લીધેલાં બાળકોને અજ્ઞાનના પ્રેમ ને હેત નીચે જ કચરાતાં જોઈ તેમને અરેરાટી થઈ ! બાળક સામે જોયું અને તેમણે બાળહૃદયમાં પ્રવેશ કર્યો. બાળહૃદયે તેમને મૉન્ટેસોરી પદ્ધતિ આપી. આજે આપણે તેને જ ઠેર ઠેર કેમ લઈ જવી તેનો વિચાર કરીએ છીએ.

આપણે એટલે આપણે સૌ. આપણે એટલે આપણા ધનિકો અને ગરીબો; આપણે એટલે કેળવણીની સત્તાઓ અને આપણી રાજસત્તાઓ; અને આપણે

દરેક દરેક માબાપ. આ આપણે બધાં જાગીશું, આપણાં ઘરો બાળકોને રહેવા યોગ્ય કરીશું, આપણું દ્રવ્ય લખલૂટ બાળકો માટે વાપરી નાખશું, આપણી કેળવણીની સત્તાનો બાળકો માટે સદુપયોગ કરીશું અને આપણી રાજસત્તા જ બાળકોના રાજ્ય માટે ખરચી નાખીશું.

આપણી કેળવણીની સત્તાઓએ આ નવા યુગને લાવવા હવે પોતાનું ધોરણ બદલવું પડશે. દુનિયા આખી જે કરી રહી છે તે હિંદુસ્તાન ન કરે તો તે ક્યાં જશે? હવે પછી તો કેળવણીનું બજેટ સૌથી પહેલું — તેમાંય બાળકેળવણીનું બજેટ તેનાથીયે પહેલું બેસવું જોઈશે. પુસ્તકોના ભંડારો વચ્ચેથી અધ્યાપક મહાશયને કાઢીને બાળકોની વચ્ચે તેણે ગાવું, વાવું અને કૂદવું જોઈશે. અર્થાત્ અધ્યાપકે જૂનું ખોળિયું કાઢી નાખી નવું ખોળિયું પહેરવું પડશે. બાળકો ત્યાં સુધી સંતોષ નહીં પામે કે જ્યાં સુધી શિક્ષકો પરીક્ષા આપતાં સુધી કિંડરગાર્ટન ને મૉન્ટેસોરી પદ્ધતિ ભણશે અને પછી પાછા તે ભૂલી જશે. બાળકો તરત જ કહી દેવાનાં છે કે, અમારે ઊતરેલા ને પચાસ વરસ પહેલાંના જૂના બાલશિક્ષણના સુધારા નથી જોઈતા; તમારી કેળવણીની સત્તાઓ અમને તો જ માન્ય છે કે જો તે અમને સત્તાનું શિક્ષણ આપવાને બદલે સમાનતાનું શિક્ષણ આપે. આપણી કેળવણીની સત્તાઓએ આ કરવાનું છે.

આપણે હજી ઘણું કરવાનું છે. આપણામાંના કેટલાઓએ દેશપરદેશની બાળશાળાઓ ને બાલશિક્ષણનો અભ્યાસ દુનિયા ફરીને કર્યો છે? એક નહી પણ અનેક જિજ્ઞાસુ વિદ્યાર્થીઓને બાલશિક્ષણનો તાગ લેવા માટે જગતના પ્રવાસે મોકલવા આપણે ક્યાં પગલાં લઈશું? ગુજરાત પાસે ક્યાં દ્રવ્ય ઓછું છે? ગુજરાત સખાવતે શૂર છે. પરદેશમાં જઈને અભ્યાસ કરવા માટે શિષ્યવૃત્તિ આપનારી એક સમર્થ સંસ્થા ગુજરાતને ખોલતા કેટલી વાર? આપણો વેપાર વધારવા આપણે દેશપરદેશ સાથે જૂના વખતથી સંકળાયા છીએ, અને કાળે કાળે પરદેશની સમૃદ્ધિને આપણે ત્યાં વસાવી આપણે આપણા દેશને સમૃદ્ધ કર્યો છે. આજે જગત ઉપર બાલશિક્ષણની કેટલીયે કોઠીઓ છે. આપણે આપણને ખપતો માલ લેવા ત્યાં કાં ન જઈએ?

આપણી એટલે ગુજરાતની શ્રી દક્ષિણામૂર્તિ સંસ્થામાં ચાલતું મૉન્ટેસોરી અધ્યાપન મંદિર કેટલું નાનું છે? કેટલું ખૂણામાં પડ્યું છે? ગુજરાત એક કેન્દ્રવર્તી

વિશાળ મૉન્ટેસોરી અધ્યાપન મંદિર માગશે ત્યારે મને લાગશે કે ગુજરાતને મન બાળકો ગારાનાં પૂતળાં નથી પણ મોંઘાંમૂલાં, દેવનાં દીધેલ છે.

આપણે વધારે મહત્ત્વનું કામ એક બીજું છે, અને તે આપણી ગુજરાતી જનતાને સુશિક્ષિત કરવાનું, મૉન્ટેસોરી પદ્ધતિની તૈયારી રૂપે ભૂમિકા રચવાનું. ગુજરાત આખામાં બાલજીવન, બાલઉછેર ને બાલશિક્ષણની નવી દૃષ્ટિ આપણે ત્યારે જ ફેલાવીશું કે જ્યારે કેટલાએક બાલશિક્ષણ-સેવકો મિશનરી થઈ બાલ-શિક્ષણનો પેગામ ગામેગામ ફેલાવશે, અને નહીં વાંચતી પ્રજાનું હૃદય ઉઘાડશે. ગુજરાત તો એક જબરજસ્ત પ્રચારસંસ્થા ચલાવી શકે. લાખોની સંખ્યામાં માબાપોને ઉપયોગી એવાં પતાકડાંઓ અને પુસ્તિકાઓ ગુજરાત ઉપર રોજ ને રોજ ફેંકાવાં જોઈએ. જનતાનો અંધકાર ફેડવા માટે સારી દુનિયાએ આ જ ઉપાય લીધો છે. અને જે ઢબે આપણે આપણો વેપાર ફેલાવીને વધારી રહ્યા છીએ, તે જ ઢબે આપણો પેગામ ફેલાવીએ.

પણ આપણે બાળકનાં માબાપને વીસરી નહીં જઈ શકીએ. તેમને દૃષ્ટિ આપવાનો પ્રયત્ન કર્યા વિના આપણે તેમને ઠપકો કેમ આપી શકીશું? ખરા શિક્ષાગુરુઓ તો માબાપો છે, અને ઘર એ જ પહેલી શાળા છે. ત્યારે માબાપને માટે અધ્યાપન મંદિર કાઢવાનો વિચાર રમૂજી છતાં મહત્ત્વનો છે.

હવે આપણે મૉન્ટેસોરી શિક્ષકો સામે જોઈએ. એમને હું કહું છું કે આપણે હજી થોડા છીએ, અને મૉન્ટેસોરી પ્રગતિનો બધો મદાર આપણા ઉપર છે. આપણે જ્યાં જ્યાં કોઠી નાખી પડ્યાં છીએ ત્યાં ત્યાં આપણે અડગ ઊભાં રહીએ. ધનથી ન લોભાતા. તમારી પદવી સ્વતઃ જ મોટી છે. તમારી પ્રવૃત્તિ પોતે જ કલ્યાણનો માર્ગ છે, તમે નમ્ર થઈને બાળકની સાથે તમારી પ્રગતિ સાધતાં સાધતાં જીવન સાર્થક કરજો. તમારું ભવિષ્ય ઊજળું છે.

હું ઘણું બોલ્યો. પણ બોલતાં બોલતાં આપણે જેને માટે એકઠા થયા છીએ, જેને નામે આપણે આ સમારંભ કર્યો છે તે બાળકને ન ભૂલીએ. આપણી આડે તે તો ક્યાંય દેખાતું નથી. તેના હાથપગ નાના છે; તેની ઇન્દ્રિયો અણ-વિકસી છે, એની ભાષા ઘડાતી છે; એની બુદ્ધિ ખીલતી છે; પણ તેનો આત્મા મહાન છે; તેની વિકાસશક્તિ અમર્યાદ છે. બાળક કે જે આપણી આશા છે, જે

આપણું અનંત ચિરંજીવપણું છે, જે આપણું સર્વસ્વ છે તેને આપણે ન વીસરીએ. તે સર્વથા આપણી આગળ, ને આપણે તેની પાછળ હોઈએ; તેને સર્વથા વિકસવાના હકો હોય, અને આપણી તેને વિકાસ સાધવા દેવાની જવાબદારી હોય. આપણે ભવિષ્યમાં તેની પાછળ જઈએ અને તેની સાથે આપણે આપણું ભાવિ ઘડીએ. આપણી સમસ્ત જીવનપ્રવૃત્તિમાં આપણી સામે બાળક હોય. ઘરમાં બાળકનું સ્થાન; બજારમાં બાળકનું સ્થાન; બાગમાં, બગીચામાં, રેલવેમાં સર્વત્ર બાળકનું સ્થાન આપણે પ્રથમ મૂકીએ.

માટે બાળકને યોગ્ય સ્થાન આપવા-અપાવવા, ચાલો, આપણે કમર કસીએ, હથિયારો હાથ ધરીએ અને લડતો લડીએ. બાળકની આડે આવતું, ચાલો, આપણે હઠાવી દઈએ. વિકાસવિરોધક વસ્તુને નિર્મૂળ કરી બાળી નાખીએ. બાળક માટે, એટલે આપણે જ માટે, ચાલો, આપણે આજની દુનિયાને અસ્થિર કરીએ, બંડ કરીએ, અશાંત કરીએ. શિક્ષકો અને માબાપોએ કરેલી અને બાળકોના હક માટે થયેલી લડત ભલે ઇતિહાસમાં ન થઈ હોય, પણ આપણે તો કરીએ. આ લડતમાં આપણે નાતજાત ભૂલી જઈએ, ચામડીભેદ ભૂલી જઈએ. અને એક બાળકને માટે, સમગ્ર મનુષ્યજીવનની ઉમેદને માટે, સમગ્ર મનુષ્યજીવનની મનુષ્યતાના ફળને માટે વિજયી યુદ્ધ કરીએ. આ યુદ્ધ આપણે આપણી સંકુચિતતા સામે, આપણા મતાગ્રહ સામે, આપણા અજ્ઞાન સામે, આપણી પોતાની ગુલામી સામે, આપણા ભેદભાવ સામે અને આપણી નાસ્તિકતા સામે કરીએ. આપણે પહેલાં આમાંથી સ્વતંત્ર થઈએ; અને ત્યાં જ બાળક માટેનું આપણું યુદ્ધ પૂરું થાય છે. ત્યાં જ આપણું જીવનકર્તવ્ય સમાપ્ત છે. ચાલો, આપણે એક થઈએ અને આ આપણું કાર્ય સફળ થાય તે માટે જે તેજમય છે તે આપણને તેજ આપે, જે ચેતનમય છે તે આપણને ચેતન આપે, જે અનંત વિજય છે તે આપણને વિજય આપે એમ પ્રાર્થીએ.

માબાપોને—

બાળકનું ઘરમાં સ્થાન કયું?

રોજ રસોઈ કોને પૂછીને થાય છે?

બાળકને આ વસ્તુ ભાવશે કે નહીં, તેને આ પચશે કે નહીં, એવો વિચાર રાંધતી વખતે કેટલી માતાઓ કરે છે?

બાળકોને કંઈ ભાવે નહીં, તો આપણે કહીએ કે તેને ખાતાં જ ક્યાં આવડે છે? એને સ્વાદનું ભાન જ ક્યાં છે?

તીખું લાગે ને બાળક ખાવાની ના પાડે, તો આપણે કહીએ કે તીખું ખાવાની ટેવ તો પાડવી જોઈએ ના?

આપણને ખારું-ખાટું ગમતું હોય તો આપણે તેને ખારું-ખાટું ખાવાનાં હિમાયતી કરીએ; ભાત ભાવતો હોય તો ભાતનાં ને શાક ભાવતું હોય તો શાકનાં હિમાયતી કરીએ.

બાળકે આપણા હુકમને અનુસરવું જોઈએ જ, કારણ કે આપણું શરીર તેના કરતાં મોટું છે. પણ એટલેથી આપણને સંતોષ ક્યાં છે? એણે તો આપણી ટેવોને, આપણા શોખોને ને આપણી પસંદગીને પણ પોતાની જ કરવી જોઈએ.

આપણે જેમ બેસીએ તેમ બેસતાં તેણે શીખવું જોઈએ; આપણે જેમ બોલીએ તેમ તે બોલે તો જ તેને બોલતાં આવડ્યું કહેવાય; આપણે જે ખાઈએ તે બાળક ન ખાય તો તેને ખાતાં ક્યાંથી આવડે?

આપણે ઇચ્છીએ છીએ કે જેવા આપણે છીએ તેવાં બાળકો થાય. આપણે પોતે જ ઠરાવી દીધું છે કે બાળકો માટે આપણો આદર્શ પૂરતો છે. આપણાથી ઉચ્ચ વૃત્તિનાં ને શક્તિનાં બાળકો થઈ શકે એ ખ્યાલ આપણામાં છે?

આપણા પૂર્વજો કરતાં કેટકેટલી બાબતોમાં આપણી ચડતી થઈ તેનો ઇતિહાસ આપણે જાણીએ છીએ?

દુનિયા આગળ વધે છે કે પાછળ જાય છે?

બાળવિચારને આપણા હૃદયમાં કેટલું સ્થાન છે? બાળકને વિલાયતીને બદલે દેશી કપડાં પહેરવાં હોય તો આપણને આપણું અર્થશાસ્ત્ર આડે નથી આવતું? આપણે આપણી સ્વાર્થી દૃષ્ટિ ભૂલી જઈએ છીએ ખરા? નવા યુગની કલ્પના એને પણ ઝીલવા નથી દેતાં એ વાત ખરી છે કે ખોટી?

ઘણાં બાળકોને માથે ટોપી પહેરવી અથવા પગમાં જોડા પહેરવા નથી ગમતા; પણ દીકરો ઉઘાડે માથે અને ઉઘાડે પગે હોય તો બાપની આબરૂ જાય તેનું શું?

પહેરણનું ગજવું બાપને ગમે ત્યાં જ થાય ના? બાળકની સગવડ જોવાની વાત તો ધ્યાન પર જ કેમ લેવાય?

છોકરીનાં ઘાઘરી-પોલકાંની જાતો તો માએ જ નક્કી કરવી જોઈએ ના? બાળકમા પસંદ કરવાની શક્તિ છે, એમ માને છે જ કોણ? આપણે ક્યાં નાનપણમાં જાતે પસંદ કરવા જતાં હતાં? આપણે ગુલામ રહ્યાં એટલે બાળકે તેનું પ્રાયશ્ચિત્ત કરવું જ જોઈએ ના?

કયે વખતે ને કયે દિવસે કેવાં કપડાં બાળકે પહેરવાં તેનો નિર્ણય તો અનુભવી માતા જ કરે છે. માતાની આંખને ગમે તે સૌને ગમે. વરઘોડા કે સભાને યોગ્ય કપડાં બાળકે ન પહેર્યાં હોય તો આબરૂ તો માતાની જ જાય ને? નાનાં બાળકોની શી પ્રતિષ્ઠા?

માબાપોની પ્રતિષ્ઠા જાળવવાનાં બાળકો તો સાધનો!

માબાપોની દંભવૃત્તિ અને અભિમાનવૃત્તિ સંતોષવાનું બાળકો તો સાહિત્ય!

ઘરડી મા ન પહેરી શકે ત્યારે બાળકને લાદે. માને સોગ હોય તો બાળકે મજા કરવી!

બાળકો તો છેક નાનાં નમાલાં! એને રંગનું ભાન ક્યાંથી? એને વળી કલાની કદર શી? એને સૌન્દર્યનો ખ્યાલ હોય જ શાનો? એ તો માબાપની મોટી મોટી ઢીંગલીઓ. માબાપ પોતાની મરજી પ્રમાણે બાળકને શણગારે ને તેને જોઈ રાજી થાય; તેને રમાડે ને જમાડે. આટલુંય બહુ સારાં ગણાતાં માબાપોનાં બાળકો પામે.

બાળકોને તો ઘણું નાગા રમવું ગમે; પણ શિષ્ટાચારનું શું? માબાપો શિષ્ટાચારની ગુલામીમાંથી છૂટે તો જ બાળકને છોડાવી શકે ના?

ભલે ઘામ થાય, પણ કપડાં તો પહેરો. ભલે શરીરની હરવાફરવાની છૂટ અટકે, પણ કપડાં તો પહેરો. કપડાં વિનાનું બાળક કેવું ભૂંડું લાગે? એના સુંદર શરીરને કૃત્રિમ વેશથી ઢાંકીએ ત્યારે જ આપણને નિરાંત થાય, ને ત્યારે જ આપણી કલાબુદ્ધિનું દેવાળું નીકળે!

પણ બાળક રહ્યું સામાજિક પ્રાણી. સમાજના બધા નિયમો તેણે જાણી લેવા જ જોઈએ ના? જો નાનપણથી કપડાં પહેરતાં ન શીખે તો મોટપણે નાગું રખડે તો?

બાળક કુદરતનું બચ્ચું. ખુલ્લી હવા ને બાલસૂરજનો તડકો, એ એના પ્રિય દોસ્તો પૃથ્વીનો ખોળો માના પ્રિય ખોળા કરતાંયે બાળકને વધારે વહાલો. પૃથ્વી તો માતાનીયે મા.

પણ બાળકને ખુલ્લી હવામાં જવા દઈએ તો એને શરદી ન થઈ જાય? સૂરજનો તાપ લાગે ને તાવ આવે તો? ને જમીન ઉપર રખડવાથી તો કપડાં બગડે ને શરીર પણ બગડે. આ આપણી માન્યતા.

સૂતાથી પથારી બગડી જાય, માટે પથારીમાં સૂવું નહીં; રમવાથી કપડાં બગડી જાય, માટે રમવું પણ નહીં! આ આપણો ન્યાય.

આપણે માટે એક કાયદો; બાળકો માટે બીજો કાયદો.

પણ કોઈ વાર કોઈએ પૂછી જોયું કે, "બાપુ! તારે રમવું છે કે કપડાં સાચવવાં છે?"

કેવો માથામાં લાગે એવો જવાબ મળશે!

કુદરતનો સહવાસ બાળકમા જીવન રેડે છે. પૃથ્વીના સ્પર્શમાં બાળકના કેવા આનંદો છે તે કોઈએ જાણ્યું છે?

તમે પાછળ દોડો ને એ આગળ દોડે ત્યારે જ તમે સમજી શકો કે છૂટું રમવું બાળકને કેટલું બધું ગમે છે!

કોઈને ખ્યાલ છે કે બાળકને મન આખી સૃષ્ટિ — જીવન એ જ ચમત્કારથી ભરપૂર લાગે છે?

પૃથ્વીની નિર્દોષ ધૂળ આપણા ચંદન કરતાંયે તેને વહાલી છે.

પવનની મીઠી લહેરો આપણી વિકારી ચૂમીઓ કરતાંયે એને પ્રિય છે.

બાલસૂરજનાં કોમળ કિરણો આપણા કર્કશ હાથ કરતાં એને ફૂલ્યાં લાગે છે.

આપણે જ્યાં કશું ભાળતાં નથી ત્યાં બાળક ચમત્કાર ભાળે છે.

નાનું ફૂદડું ભાળી બાળક ગાંડું બને છે; પતંગિયું જોઈ તે પતંગિયું જ બની જાય છે; દેડકું જોઈ તે કૂદે છે; ઘોડો જોઈ તે હણહણે છે; ગાયને ભાળી તે ડચકારો કરે છે.

નાનું ઘાસનું તરણું બાળકનો મોટો સંગ્રહી રાખવા જેવો પદાર્થ છે.

તેના ખીસામાં જુઓ તો ઘાસનાં તરણાં મળે, ફૂલો ને પાંદડાંના ડૂચા જડે.

કુદરતમાં નાહ્યા વિનાનું બાળક કુદરતના ભેદો કેમ ઉકેલશે?

ચાંદની, નાની શી નદી, ખેતરોની ધૂળ, વાડીનાં ઘરો, ટેકરીના કાંકરા, ખુલ્લા મેદાનની હવા અને આકાશના રંગો બાળકને મળેલી કુદરતી ભેટો છે.

એનો છૂટે હાથે ઉપયોગ લેતાં આપણે તેને કેમ અટકાવીએ?

બાળકને ખુલ્લા આકાશ તળે અને ઉઘાડી પૃથ્વી ઉપર રાતદિવસ રાખવામાં આવે તો તેઓ ઘરમાં આવવાની વાત જ ન કરે.

ફૂલો તો તેના દિલના દોસ્તો. એને જોઈને તો એ ગાંડું બને; આઘેથી ફૂલો જુએ ત્યાં નાકનું ટીચકું હલે; મોં ઉપર અજવાળું પથરાય; દાંતની કળીઓ દેખાઈ જાય; ગાલ ઉપર બે નાના એવા ખાડા પડે.

બાળક ફૂલ ઉપર આફરીન; માતા બાળક ઉપર આફરીન!

બાળક પહેલાં કુદરતની મીઠાશ સમજે ને પછી તે આપણી મીઠાશ સમજે.

બાળક ધૂળમાં આળોટી ઊંચે રહેલા આકાશની સામે જોઈ રહે છે ત્યારે એ શું કરતું હશે?

આખી કુદરતને તે પીતું હોય છે. આખી સૃષ્ટિ તે ભરી દેતું હોય છે.

ચાંદો તેને રોજ ને રોજ નવો નવો આનંદ આપે છે.

ચાંદો રાતે જ દેખાય. એને એમ થાય કે ચાંદો દિવસે ક્યાં સંતાઈ જતો હશે? સંતાકૂકડીની રમત બાળકો ચાંદા પાસેથી જ શીખ્યાં હશે?

આપણે તો હબૂક પોળીનો ગમે તે અર્થ કરીએ; એ કામ તો રહ્યું લોક-સાહિત્યાચાર્યોનું. ભલે આપણે બાળકને છાનું રાખવા હબૂકપોળીની રમત રમાડીએ; પણ બાળક તો એમ જ સમજતું હશે કે મને ચાંદાનું તેજ ખવરાવે છે.

ચાંદાનું તેજ — તેની શીતળતા કોને ન ગમે ?

બાળકની મજા તો ચાંદાનો રંગ જોવામાં છે, એની ચાંદનીથી નાહવામાં છે, એનું તેજ આંખે ભરવામાં છે.

ચાંદામાં હરણ ને ડોસી દેખાય છે એ વાત બાળક તુરત જ માની લે છે; એ એનું ભોળપણ નહીં પણ ગાંડપણ. કુદરત સાથેની એની એટલી લગની. વિજ્ઞાનની કર્કશતા બાળકના મગજને ન રુચે. એમાં જ બાળકોને પરીઓની વાતો ગમે છે. અદ્‌ભુતતા એ એનો સ્વભાવ અને અદ્‌ભુતતા એ એની મજા!

પણ આપણે બાળકને લઈને ચાંદનીમાં ફરવાને ક્યાંથી નવરાં હોઈએ?

આપણે ચાંદની ઉપર કાવ્ય ન કરવું હોય? આપણે હરણ અને ડોસીની લોકવાર્તાનું મૂળ ન શોધવું હોય? આપણે ચંદ્રમામાં જીવંત પ્રાણીઓ છે કે નહીં તેની શોધ ન કરવી હોય?

આપણે તે નવરા ક્યાંથી હોઈએ?

માણસ સાચો કવિ તે ક્યાંથી થાય?

માણસને ચિત્રકલામાં ચમત્કાર કેમ લાગે?

કુદરતને પી ગયા વિના માણસ કુદરત ચીતરે ક્યાંથી? તેનું ગાન શી રીતે ગાય? તેની કવિતા શી રીતે કરે?

વગર જમ્યે કદી પેટ ભરાય છે?

બાળકને કુદરતથી દૂર રાખી આપણે એને કેવું બનાવશું?— દેવ કે રાક્ષસ?

ફરી વાર એ જ પ્રશ્ન પૂછું છું: બાળકનું ઘરમાં સ્થાન શું?

બાળકો માટે ક્યો ઓરડો, એનો વિચાર મકાન બાંધતી વખતે કોઈ કરે છે?

ઘર ભાડે લેતી વખતે, આમાં બાળકોને રમવાને જગ્યા છે કે નહીં તેનો વિચાર આપણે નથી કરતા. મોરી છે કે નહીં, રસોડામાં અજવાળું છે કે નહીં,

સૂવાની જગામાં હવા આવે છે કે નહીં, નાહવાને નળ અને શૌચ માટે જાજરૂ છે કે નહીં, ને ગોદડાં-ગાદલાં તડકે નાખવાને અગાશી છે કે નહીં, એ પ્રશ્નો ઘરધણીને આપણે પૂછીએ છીએ. હજી સુધી કોઈએ પૂછ્યું છે અથવા ઘરમાં જઈ તપાસ કરી છે કે, ઘરમાં બાળકોને રમવાની જગ્યા છે કે નહીં?

ઘર ભાડે લેતાં આપણને બાળકો ક્યાંથી જ સાંભરે? બાળકો માટે વળી અલાયદી જગ્યા કેવી? એ વિચાર જ આપણને નવો લાગે છે!

એટલાં નાનાં નાનાં પ્રાણીઓનો આજથી હક? એમને માટે વળી આજથી જ ખટપટ! આખું ઘર જ એમનું છે ના? ખાય, પીએ ને મજા કરે છે! આખા ઘરમાં ફરતાં, હરતાં ને રમતાં કોણ એમને રોકે છે?

પણ ક્યાં એણે ગાવું?

ક્યાં એણે વાતો કરવી?

ક્યાં એણે રમવું?

ક્યાં એણે ખેલવું-કૂદવું?

રસોડામાં માને ગરબડ થાય; બધી ગોઠવણ ઊંધી વળે; રસોડું બગડી જાય. વળી માતા પાઠપૂજા કરતી હોય તો તો તેમાં ભંગ જ પડે ના?

ત્યારે દીવાનખાનામાં તો પિતાજી છાપું વાંચતા હોય; કાં તો અસીલ માટે કેસ તૈયાર કરતા હોય: કાં તો ગામમાં ભાષણ આપવાની નોંધ કરતા હોય. ત્યાં ગરબડ કરવાની રજા ક્યાંથી મળે?

પણ ઓસરીમાં મોટાભાઈ ને મોટીબહેન પાઠ કરતાં હોય ત્યાં પણ ન જવાય, ન રમાય ને ન ગવાય!

એ તો જ્યાં ગયા ત્યાંથી પાછા.

કદાચ એકાદ એકાંત ખૂણો મળી ગયો તો બાળકે કલ્પનાથી ઢીંગલી-ઢીંગલા રમવું. ખોટું ખોટું ખાવું ને ખોટું ખોટું વાવું

આમ કાંઈ કલ્પનાશક્તિ ન ખીલે.

કેળવણીશાસ્ત્રીઓનો આ ભ્રમ છે.

આપણે માટે ને આપણા મહેમાનો માટે ટેબલ હોય, ખુરશી હોય, ચટાઈ હોય, જાજમ હોય વગેરે વગેરે હોય. બાળક માટે ખાસ કરીને રાખેલો કોથળો પણ હોય છે ખરો?

એની પાસે, એનો ભાઈબંધ બેસવા આવે તો એને ક્યાં બેસાડવો?

પણ આપણે ક્યાં જાણવાનોયે પ્રયત્ન કરીએ છીએ કે નાનાં બાળકોને દોસ્તો હોય છે?

દોસ્તો તો આપણને જ હોય. નાનાં બાળકો વળી દોસ્તીમાં શું સમજતાં હશે? પણ આપણી દોસ્તી સ્વાર્થી; બાળકોની દોસ્તી નિર્દોષ.

આપણી પાસે આપણાં દાગીના અને કપડાં મૂકવાને કબાટો, ટ્રંકો ને પેટીઓ છે. બાળકોએ એમનાં છીપલાં ને શંખલાં ક્યાં રાખવાં? એમનાં પીંછાં ને ઢીંગલી-પોતિયાંને મૂકવાની એકે જગ્યા ખરી?

આપણી વસ્તુની ચોરી થઈ જાય તો બાળકને મન કંઈ નહીં. પણ એનાં પીંછાં ને ફૂટલી કોડીઓ કોઈ લઈ જાય તો? એને મન તો આખું રાજ ગયું! અને છતાં આવા કીમતી સંગ્રહ સાચવી રાખવાને આપણે એને એક પેટી કે ડબલુંયે ન આપીએ! કેવી આપણી વિચિત્રતા?

ખરી રીતે તો બાળકને ગણે છે જ કોણ? એ અંબાઈ શકે તેટલી ઊંચાઈએ ઘરમાં ખીંટીઓ ક્યાં છે? અભરાઈઓ ક્યાં છે? આલમારીઓ ક્યાં છે? ઘરમાં વસાવેલાં સારાં સારાં ચિત્રો બધાં ઊંચે ઊંચે ટાંગેલાં હોય છે; એના તરફ આપણી નજર ભાગ્યે જ જાય છે. તો પછી બાળકને તો એ ખપનાં જ નહીં ના?

બાળકનાં કપડાં આપણે ટાંગીએ.
ઊંચેથી લોટા-પ્યાલા આપણે ઉતારી દઈએ.
મોટા પાટલા આપણે નાખી દઈએ.
થાળી પણ અપણે માંડવી જોઈએ.

બાળક બિચારું શું કરે? મોટી મોટી વસ્તુઓને એ શી રીતે પકડી શકે? એને મન તો ઘણુંયે થાય. પણ કેમ કરે?

આપણે જાણીએ કે બાળક સશક્ત નથી; આપણે તેને બદલે કરવું જોઈએ. બાળકપ્રેમી માતપિતા એમ જાણે કે આપણે બાળકને ખૂબ સુખી કરીએ છીએ.

બાળકના મહત્ત્વને સમજવાનો દાવો કરનાર કહે કે અમે બાળકને બદલે જે બધું કરીએ છીએ, તે તેની પૂજા કરવા ને તેને માન આપવા કરીએ છીએ. પણ બધાં બાળકને પળે પળે અપંગ કરે છે, બાળકને ગુલામ બનાવે છે. જેના આપણે ગુલામ બનીએ છીએ તે આપણો મોટો ગુલામ થાય છે!

આપણે બાળક ઉપર વિશ્વાસ કરીએ છીએ? કાચનું વાસણ તેને ઊંચકવા દઈએ છીએ? કોઈને રસોઈ પીરસવા દઈએ છીએ? બત્તી કરવા દઈએ છીએ? ચૂલામાં દેવતા પાડવા દઈએ છીએ? તેના નાના નાના રૂમાલો અને કપડાં ધોવા દઈએ છીએ?

આપણે કહીએ છીએ કે એનાથી એ ન બને; આપણે માનીએ છીએ કે એનામાં વ્યવસ્થા કરવાની શક્તિ જ નથી. પણ આપણને આંખ જ ક્યાં છે?

અજ્ઞાનનું ઘોર અંધારું આપણી ફરતું ફરી વળ્યું છે.

એના ઉપરના વિશ્વાસથી એને કોઈ વાર આપણે તક આપી છે?

આપણે એને બદલે કદી ખાતાપીતા નથી; આપણે એને બદલે ચાલતા નથી; આપણે એને બદલે રમતા નથી.

પણ આપણે એને બદલે એનાં વાસણ ઊટકીએ છીએ; એને લૂગડાં પહેરાવીએ છીએ; એને પાટલા નાખી દઈએ છીએ.

આપણને આપણા જેવું કામ કરવાની મના થાય તો? આપણે માટે બધું કામ બીજાં જ કરે તો? આપણે ગુલામ કે શેઠ?

એવી શેઠાઈ આપણે પસંદ કરીએ?

એ શેઠાઈ કે મૃત જીવન?

બાળકો તો બધું કરી શકે. નાનાં નાનાં વાસણો ઊટકી શકે; નાની સાવરણીએ વાસીદું વાળી શકે, નાની બહેનને હીંચકો પણ નાખી શકે.

પણ આપણને એ ક્યાં સૂઝયું જ છે?

બાળકને યોગ્ય સ્થાન આપીએ તો પૃથ્વી ઉપર સ્વર્ગનું રાજ્ય સ્થપાય. ઘરમાં દેવો રમવા આવે. દેવોને મૃત્યુલોકમાં અવતરવું પડે.

સ્વર્ગ બાળકના સુખમાં છે.
સ્વર્ગ બાળકની તંદુરસ્તીમાં છે.
સ્વર્ગ બાળકની નિર્દોષ મસ્તીમાં છે.
સ્વર્ગ બાળકના ભોળા ગાન-ગુલતાનમાં છે.

*

ઘરમાં બાળકે શું કરવું?

ઘણી વાર પૂછવામાં આવે છે કે, "અમારું બાળક બાલમંદિરમાં અગર શાળામાં જાય છે ત્યા સુધી તો તે પ્રવૃત્તિમાં રહે છે; પરંતુ ઘેર આવ્યા પછી તેણે શું કરવું? ઘરમાં ચાલે તેવાં તેને લાયકનાં કામકાજ અમે જાણતાં નથી, ને બાળકને ધંધો નહીં મળવાથી તે કાં તો આળસુ અથવા તો રખડુ, અથવા તો જ્યાં ત્યાં અથડાતું અને ઠપકો-ઠેસ ખાતું થાય છે. અમે જાણવા માગીએ છીએ કે ઘરમાં બાળકે શું કરવુ. અમે બાળકને સુખી અને પ્રવૃત્તિશીલ જોવા ઇચ્છીએ છીએ, માટે અમને તે બાબતમાં માર્ગ બતાવવો."

આ પ્રશ્નના ઉત્તરરૂપે બાળકો ઘરમાં કેવી કેવી પ્રવૃત્તિઓ કરી શકે તે જણાવવામાં આવ્યુ છે.

ઘર બાળક માટે નાનીસૂની દુનિયા નથી. ત્યાં તેને માટે કેટલીયે પ્રવૃત્તિઓ પડી છે. આપણે તે તરફ નજર નાખી નથી. બાળકને તે બતાવી નથી. બાળકે જ્યારે જ્યારે પોતાની મેળે મનગમતી પ્રવૃત્તિઓ શોધી કાઢી છે, ત્યારે ત્યારે અજાણ્યે પણે આપણે તેનો વિરોધ કરેલો છે. આપણે તેની કેટલીએક સરસ પ્રવૃત્તિઓને દાબી દેવા ધમકી અને શિક્ષા પણ કરેલી છે. પરંતુ તે વાત જવા દઈએ. હવે આપણે ફરી વાર નવે નામે શરૂ કરીએ.

આપણે જરા ઝીણી નજરે જોઈશું તો બાળક કંઈ ને કંઈ કરવા માગતું હશે. આપણે જરા વધારે વાર ઊભા રહીને જોઈશુ તો જણાશે કે તે જે કરે છે તે એક ચોક્કસ ક્રિયા છે. તેની પાછળ કંઈ ને કંઈ નિશ્ચિત હેતુ છે. તે હેતુ

પાર પાડવા માટે તેના મનમાં કલ્પના છે. તે પોતાની નાની છતાં બળવાન ક્રિયાશક્તિ વડે તે સિદ્ધ કરવા અથાગ મહેનત કરી રહ્યું છે. તેણે પોતાની સર્જક અને કલ્પક બુદ્ધિથી ઘણી વાર લાયક સાધનો — હથિયારો શોધી કાઢ્યાં છે. તે કામમાં તેની અસાધારણ તન્મયતા છે.

આવી પ્રવૃત્તિ તે જ બાળકની ખરી પ્રવૃત્તિ છે. આવી પ્રવૃત્તિને આપણે જોઈ જોઈને બાળકની પ્રવૃત્તિઓની યાદીમાં નોંધી લેવી જોઈએ. બાળક પાસેથી એક વાર જાણવામાં આવેલી પ્રવૃત્તિ જો આપણે તેને આપશું તો તે તુરત જ લેશે; તેમાં તે તલ્લીન થશે; તેમાં લાગી આનંદી અને સુખી થશે.

અત્યારે આપણા ઘરમાં કોઈ વાર આવી પ્રવૃત્તિઓ અચાનક મળી જાય છે તો બાળક દીવો કર્યું દેખાતું નથી; ને કોઈ વાર જ્યારે તે નથી જડતી ત્યારે બાળક પોતે કંટાળીને ફર્યા કરે છે, ને જેને આપણે કનડવું કહીએ છીએ તેવું કનડે છે. બાળકો માટેની પ્રવૃત્તિઓ આપણે કાંઈ જોડી કાઢવાની કે ઘડી કાઢવાની નથી. તેમની જ પ્રવૃત્તિઓ આપણે તેમને આપવાની છે. અને આપવી છે એનો અર્થ એ છે કે આપણે તે માટેનાં સાધનો તેમને પૂરાં પાડવાનાં છે; તે કરવાની જગ્યા આપવાની છે; તેમની આડે આવવાનું નથી. તેમની પાસે પ્રવૃત્તિઓ કરાવ્યા કરવાની નથી; પ્રવૃત્તિઓનું પ્રદર્શન નથી કરવાનું. તેમને તેમની પ્રવૃત્તિઓ કરવા માટે છૂટાં મૂકવાનાં છે.

આવી થોડીએક પ્રવૃત્તિઓ ગણાવીએ.

૧ : કાગળ અને કાતર

બાળકોને બેઠાં બેઠાં કાગળો કાપવા ગમે છે. સાથે તેઓ કાતર વાપરતાં શીખે છે. આથી આંગળાં અને હાથના સ્નાયુઓ દૃઢ બને છે. તેઓ ધીમે ધીમે ચોક્કસ આકારો કાપવા લાગે છે. કાપવાની બાબતમાં તેમનો કાબૂ ખૂબ વધે છે.

કાગળ કોરવાનું બીજું કામ છે. કાગળને બેવડો-ચોવડો વાળી તેને આજુ-બાજુ અને વચ્ચે કાપવાથી તેમાં ભાત પડે છે. પછી કાગળ ઉઘાડતાં સુંદર કોરણીની કારીગરીનો દેખાવ મળે છે. આ સુંદર કોરણી જોકે એક રીતે અણધારી થાય છે; એટલે કે એવી જ કોરણી કરવા માટે અગાઉથી બાળકે યોજના કરેલ હોતી નથી; કોરણી આકસ્મિક છે. પરંતુ એવી અનેકવિધ કોરણીઓના નમૂના એક

પ્રકારનું ડિઝાઇનનું સુંદર પ્રદર્શન છે, ને ડિઝાઇનો જોઈને બાળકને નવી ડિઝાઇનો ચીતરવાનું સૂઝે છે. એવી ડિઝાઇનો સ્વતઃ જ કલાકૃતિઓનું વાતાવરણ છે. બાળક આગળ જતાં એવી કોરણીમાં પ્રવર્તતા નિયમો પકડી લેશે ત્યારે તે યોજના-પૂર્વકની કોરણી પણ કરી શકશે. એ બધી કોરણીઓનો એક સંગ્રહ બનાવી શકાય. કોરા કાગળો પર તે બધી ચોંટાડીને રાખી શકાય.

વળી કાતરથી બાળક ઘરમાં પડેલાં નકામાં છાપાં વગેરેમાંથી ચિત્રો કાપી કાઢે. ચિત્રોમાં બોર્ડરો, જાતજાતના અક્ષરો વગેરે પણ આવી શકે. આ બધાંને ભેગાં કરી બાળક એક સંગ્રહ કરે. દર મહિને એવો સંગ્રહ બાંધી આપીએ એટલે બાળકનું ચિત્રસંગ્રહાલય બને. આ પ્રવૃત્તિ માટે બાળકને કાતર, ગુંદરની એક વાટકી, દાતણની અગર કોઈ બીજી પીંછી, કાગળો અને ચોપાનિયાં આપવાં. આ બધા સાથે કચરો નાખવાની એક ટોપલી અને હાથ લૂછવા એક લૂગડાનો ટુકડો અવશ્ય આપીએ.

૨ : દીવાસળીનાં બાકસો : ખાલી અને ભરેલાં

બાળકો બન્ને જાતનાં બાકસોથી કામ કરે છે. નાનું બાળક ભરેલા બાકસ-ની દીવાસળીઓ બહાર કાઢી તે ભર્યા કરશે; પાછું તે ઠાલવીને ફરી ભરશે. તેની આ રમત ઘણો વખત ચાલશે. નાના બાળકને આ રમત સુંદર કેળવણી આપે છે; આંખને સ્થિર કરે છે, હાથ કાબૂમાં આવે છે ને એકાગ્રતા કસાય છે.

ખાલી બાકસોની પ્રવૃત્તિઓમાં બાકસ ઉઘાડવું અને બંધ કરવું એ એક પ્રવૃત્તિ છે. આંખ અને હાથના સ્નાયુઓને તે વ્યાયામ આપે છે.

વળી બાકસોના બંગલા બાંધી શકાય છે. બંગલા એટલે જાતજાતની ગોઠ-વણો — જેવી કે દીવાલ, ચોતરો, કૂવો, તળાવ, રેલગાડી વગેરે. દીવાલો કેટલાયે પ્રકારની બની શકે છે. ઘરમાંથી બાકસો મળી શકે છે, અગર તે સહેલાઈથી મેળવી શકાશે. એક નાની એવી બાકસો મૂકવાની પેટી અને બેસીને બંગલા કરવા માટે એકાદ આસન બાળકને આપો; અને પછી તમે તેનાથી તેને કામ કરતું જ જોશો.

૩ : લાકડાની ઈંટો અને ઘનો

આ સાધનો અતિ મહત્ત્વનાં છે. લાકડાની ઈંટો કે ઘનોથી બાળકો મિનારા, દીવાલો, ઘરો, કૂવા, વાવ, તળાવ વગેરે સ્થાપત્યને લગતા ઘણા આકારો બનાવે

છે. એક દીવાલ બનાવવામાં કેટલીયે જાત રચે છે. ઉપરાંત ઈંટો કે ઘનોને જમીન પર ગોઠવી જાતજાતની આકૃતિઓ ઉપજાવે છે. બાળક આ પેટી વાપરવામાં ખૂબ મજા લે છે. તેનો આત્મા નાના રૂપે છતાં સંપૂર્ણ કલ્પનાથી રચનાઓ રચે છે. કલાત્મક સર્જન માટે આ પ્રવૃત્તિ સુંદર અને ઉપકારક છે. એક અથવા બે કે તેથી વધારે બાળકો ભેગાં મળી આ સાધનો વાપરે છે. ઈંટોની એક પેટી અને ઘનોની એક પેટી બાળકને પાથરણા સાથે આપવી.

૪ : ચિત્રો જોવાં અને કાઢવાં

બાળકોને લાંબો વખત પ્રવૃત્તિ આપે એવાં કામોમાં ચિત્રો જોવાં અને કાઢવાં એ છે. દરેક ઘરમાં થોડાંએક ચિત્રો વસાવવાં. તેમાં પોસ્ટકાર્ડ-ચિત્રો ખાસ હોય. આ ચિત્રોમાં બાળકોને ગમે તેવા વિષયો પસંદ કરવા : જેમ કે પશુપક્ષીનાં કાર્ડો, પતંગિયાનાં, બજારનાં, તેમ જ હમેશ આસપાસ બનતા બનાવોનાં ચિત્રો. માબાપો ચિત્રો ખરીદી ન શકે તો તેઓ રખડતાં-રઝળતાં છાપાંઓનાં પૂંઠાંઓ પરથી તેમ જ અંદરથી ચિત્રો મેળવી શકે છે. આ ચિત્રો બરાબર જોઈએ તેવાં તો નથી હોતાં, પણ બાળકોને ચાલી શકે તેવાં હોય છે. નહીં મામા કરતાં કહેણો મામો શો ખરાબ ? — એવો હિસાબ આમાં છે. આપણે ચિત્રો એકઠાં કરવાની બાબતમાં જરાએક નજર કેળવીએ તો ઘણું ઘણું મળી રહેશે. કોઈ સ્થળેથી રંગીન આકાશ, તો કોઈ સ્થળેથી રંગીન દેખાવો; જાહેરખબરનાં કાગળિયાંમાંથી પણ કાપીકારીને ચિત્રો ભેગાં કરી શકાય. આ બધાં ચિત્રોનાં આલબમ કરી રાખ્યાં હોય તો વધારે સારું. બાળકો ચિત્રો જોઈ ઉડાડી દે અગર તેને ગમે તેમ ફેંકે તેના કરતાં તે ન જુએ એ જ સારું. કલાનું અપમાન કરીને માણસ કલાની દૃષ્ટિ ન જ મેળવી શકે. આપણે બાળકોને ચિત્રો આપીએ તેની સાથે જ તેને માટેની કાળજી અને માન આપીએ. માટે જ ચિત્રો સાથે તેને રાખવાની જગા આપવી. ભલે મફત મળેલાં કે રસ્તે ઊડતા કાગળોમાંથી ચિત્રો મેળવ્યાં હોય, પણ આપણા અને બાળકના મને તે કલાકૃતિઓ છે એમ રહેવું જોઈએ. પૈસા આપીએ તે કલા, ને ન આપીએ તે ચીંથરું, એવું ઘણી વાર કલા તરફની આપણી વર્તવાની રીત પરથી લોકો અને બાળકો સમજે છે. એ રીત કલાનું ખૂન કરનારી છે, માટે તે આપણામાં ત્યાજ્ય જોઈએ.

ચિત્રોનું સાહિત્ય સંપત્તિ પ્રમાણે વસાવીએ. પરંતુ તે સઘળું બાળકોને

એકાએક ન આપવું; થોડું થોડું આપવું રસ વધતો જાય તેમ આપવું; ફરી ફરીને આપવું. બાળક તે જુદે જુદે વખતે જુદી જુદી અને નવી નવી દૃષ્ટિથી જોશે.

જેમ ચિત્રો જોવાની એક આનંદદાયક અને વિકાસક પ્રવૃતિ છે તેમ જ ચિત્રો કાઢવાની પ્રવૃત્તિ પણ તેવી જ છે. બાળકો પણ ચિત્રો કાઢી શકે છે; પરંતુ તે ચિત્રો તેમને હિસાબે છે, મોટા-ચિત્રકારોના હિસાબે નહીં જ. પણ જો એ બાલચિત્રો બાળકોને રોકી રાખે, તેમને આનંદ આપે, અને એક પગલું આગળ વધારે તો તે મહામૂલ્ય કૃતિઓ જ છે. મનુષ્ય પોતાના વિકાસની કક્ષાએ આછુંપાતળું જે સર્જન કરે છે તે જ તેને માટે અદ્‌ભુત અને ભવ્ય, સંપૂર્ણ અને સુંદર સર્જન છે. આ દૃષ્ટિએ બાળકોના લીટા એ ચિત્રો છે. બાળકોનાં ઢંગધડા વિનાનાં કાગડા અને ગાયનાં બે લીટા અને ટપકાંથી કાઢેલાં ચિત્રો પણ ચિત્રો જ છે.

બાળકોને કાળું પાટિયું ને ધોળા અગર રંગીન પરંતુ સારા અને હાથ ન બગડે તેવા ચાક આપવા. આગળ જતાં રંગીન પેનસિલો અને કાગળના ટુકડા આપવા.

ગરીબ ઘરમાં બાળકો ગાર કરેલી જમીન પર ચાકથી લીટા કાઢે. મા વખત લઈને બે-ચાર દિવસે જમીન લીંપી નાખે.

ચાક, પાટિયું, કાગળ અને પેનસિલો એવું કશુંય ન મળે ત્યાં બાળકોને ફળિયામાં ધૂળમાં લીટા અને ચિત્રો કાઢવાની અવશ્ય છૂટ જોઈએ. ગામડાંઓમાં ધૂળમાં લીટાથી ઘણી જાતનાં ચિત્રો થાય છે; જેમ કે હાટડી, સાથિયા વગેરે.

બાળકોને સાહિત્ય આપવું. તેઓને જે કાઢવું હોય તે કાઢવા દેવું. ભૂલ ન કાઢવી. કાઢેલાં ચિત્રો ભેગાં કરી કોઈ નજીકની ચિત્રશાળા અગર શિક્ષણસંસ્થા પર મોકલવાં અને અભિપ્રાય માગવા. સૂચનાઓ મળ્યા પ્રમાણે કામ આગળ લેવું.

૫ : માટીનાં રમકડાં

બાળકોને માટીનાં રમકડાં કરવાની છૂટ આપવી. ચોમાસામાં ગારો તૈયાર હોય છે; બીજી ઋતુઓમાં ખેતરની ને છેવટે શેરીની કે ફળિયાની ધૂળનો ગારો વાપરવા દેવો. જરા ખર્ચ કરીને ભૂતડો કે લાલ-પીળી માટી પણ આ કામમાં વાપરી શકાય.

બાળકોને એકાદ વાસણ માટી ભરવા આપવું. રમકડાં બનાવવા માટે એક પાટયું, હાથ ધોવા માટે બાલદી ભરી પાણી ને લૂગડાનો એક કટકો, એટલાં વાનાં આપવાં.

તેમને પહેરણની બાંયો કેમ ચડાવવી, કેમ બેસવું, હાથ કેમ ધોવા તે પણ કરી બતાવવું.

તેઓ જેવાં રમકડાં બનાવે તેવાં બનાવવા દેવાં. તેઓ ઘણી જાતના આકારો કરશે જ. તેઓ પોતાને ગમતી વસ્તુઓ બનાવશે; ને કેટલીએક વસ્તુઓનાં ગારામાં બીબાં પણ પાડશે.

ગારાથી ઈંટો પાડવાનો રસ્તો પહેલી તકે બતાવવો, સુથાર પાસે લાકડાનું એક ચોકઠું કરાવી શકીએ. જે ઘરોને ચોગાન હોય ત્યાં ઈંટો પાડવાનું કામ બાળકો કરે.

ગારાનો કરેલો બધો સામાન આપણે નીંભાડો નાખી કોઈ કોઈ વાર પકવી દઈએ.

બાળકોએ કરેલાં ગારાનાં મામૂલી રમકડાંઓને આપણે ખંતથી બાલસંગ્રહ-સ્થાનમાં મુકાવીએ. માટીકામ એક સર્જક પ્રવૃત્તિ છે. તેનાથી હાથના સ્નાયુઓ ખાસ કરીને કેળવાય છે. બાળકનું અવલોકન કેવા વિષયોમાં છે તે જણાય છે. બાળકો પોતાની મનોવૃત્તિ પોતાની કૃતિઓ અને રમતોમાં પ્રગટ કરે છે, તે આપણે અહીં પણ જોઈ શકશું.

૬ : ટાંકણીઓ અને કાગળ

બાળકો ટાંકણીઓથી જાતજાતની પ્રવૃત્તિઓ કરે છે. ટાંકણી ભરાવવાની ગાદીમાંથી ટાંકણીઓ કાઢીને તેને પાછી ભરાવી દેવાનું સૌથી નાનાં બાળકોને ખાસ રુચે છે. જરા મોટાં બાળકો ટાંકણીઓથી કાગળમાં કાણાં પાડી તેમાં આકારો બનાવે છે.

ટાંકણીઓથી ગણવાનું કામ પણ ચાલે છે. ટાંકણીઓને જુદી જુદી રીતે ગોઠવી તેની ઘટનાઓ પણ થઈ શકે છે.

એક પ્યાલો, ટાંકણી ભરાવવાની ગાદી ને જરા જાડા કાગળ, આટલાં વાનાં બાળકને આપવાં.

૭ : લૂગડાના ટુકડા

નાનાં બાળકોને ખાસ કરીને નાના નાના લૂગડાના કટકા આપવાથી તેઓ તેને રૂમાલ પેઠે ફેલવાનું કામ ઘણો લાંબો વખત કરે છે. હાથે કરવાની બીજી ક્રિયા જેટલો જ તેનાથી પણ તેમને લાભ થાય છે. કેટલાએક કટકા એક પેટીમાં કે પોટલીમાં આપવા. કટકા રંગબેરંગી હોય તો વધારે સારું. કટકા રૂમાલના કદના જોઈએ. કટકા ગંદા તો ન જ જોઈએ; ગંદા થતાં તે ધોવાઈ જવા જોઈએ.

૮ : મંદિરની પેટી અથવા દેવઘર

બાળકોને ઘર ઘર રમવું ગમે છે એમ જોવામાં આવે છે. તે રમતમાં આજનાં સામાજિક અનિષ્ટો પેસી જાય છે : જેમ કે રડવું, કૂટવું, સંસારજીવન વગેરે; માટે તેને બદલે તેમની રમતની વૃત્તિને તૃપ્તિ મળે તથા તેમને પ્રવૃત્તિ મળે તે માટે મંદિરની પેટી આપવી. આ મંદિરની પેટી એટલે સુંદર કલાપૂર્ણ ગોઠવણ થઈ શકે તેવાં સાધનો. જેમ કે નાનાં નાનાં તાંબાપિત્તળનાં વાસણ, છબીઓ, ગાદીઓ, લાકડાંનાં કે દાંતનાં સારાં રમકડાં વગેરે. આ બધું બાળક ગોઠવે. વચ્ચે ઠીક લાગે તો દેવ રૂપે કંઈ મૂકે. ત્યાં ધૂપ કરે, દીવો કરે, ફૂલો પાથરે. શાંતિથી બેસે, સૌને બોલાવી બેસારે, પ્રાર્થના કરે અને કરાવે. આ એક રીતે દેવઘરની રમત પણ કહેવાય. આમાં ધાર્મિકતા વધારવાનો હેતુ ન જ હોય. કોઈ અમસ્તી ગોઠવણ પણ કરે. માબાપ જરાયે આડાં ન આવે કે સૂચના ન કરે; બાળકોને મરજી હોય તો પ્રાર્થના કરે; ગમે તે કરે.

એક પેટી કે ટાં હોય તેમાં આ બધી ચીજો રહે. એક અથવા વધારે બાળકો આ પ્રવૃત્તિ કરે.

૯ : બાગકામ

નાનાં બાળકોની એક મહત્ત્વની પ્રવૃત્તિ તે ઝાડ ઉછેરવાની છે. તેઓ નાની ઉંમરે પોતાનાં કૂંડાં સાચવી શકે. ફળિયામાં ક્યારા કરી આપ્યા હોય તો બી રોપવાથી માંડી છોડને ઉછેરી શકે. તેઓ મોટાં ઝાડને પાણી પાઈ શકે.

તેમને માટે પાણી પાવાનાં તથા ખોદવા માટેનાં તેમના હાથમાં રહે તેવાં ને ફાવે તેવાં હથિયારો આપવાં. તેમને ઘરના આંગણામાં થોડીએક છૂટી જગા આપવી; થોડાંએક ઘઉં-જુવાર અને મળે તો ફૂલઝાડનાં ને એવાં બિયાં આપવાં. તેમને

તેમની હથે બાગ કરવા દેવો. આમ વાવશો તો ઊગશે ને નહીંતર નહીં ઊગે વગેરે જાતની પડ ન કરતાં આપણી દૃષ્ટિએ થોડાંએક બિયાં બગડે તો બગડવા દેવાં. જેમ જેમ અનુભવ થશે તેમ તેમ તેઓને તે કામમાં સમજ પડશે. તેમનું વાવેલું એક બિયું પણ ઊગશે તોપણ તેમને મન તે ઉત્સવ સમાન થશે.

તેઓ ઉત્સાહથી કામે લાગ્યાં હશે ત્યારે મજા આવશે. નાના હાથો નાની પ્રવૃત્તિને પૂર્ણ ગંભીરતાથી — સંપૂર્ણ ક્રિયાબળથી કરી રહ્યા હશે. તેમનાં મોં પર પરસેવાનાં ટીપાં અથવા લાલી દેખાશે. તેઓ એકાગ્ર ને પ્રસન્ન હશે. જેમ આપણે આપણી કોઈ ઇષ્ટ પ્રવૃત્તિમાં તલ્લીન હોઈએ છીએ ત્યારે જેવાં દેખાઈએ છીએ તેવાં તેઓ દેખાશે.

હથિયારો કેમ વાપરવાં, ક્યાં મૂકવાં, ને વ્યવસ્થા ને સ્વચ્છતા કેમ રાખવી, વગેરે તેમને આગમચથી બતાવવું.

૧૦ : પ્રાણીઓ પાળવાં

બાળકો માટે આ કામ સરસ છે. શેરીમાં બાળકો કૂતરાંને અને કુરકુરિયાંને રમાડે છે તે આપણે જાણીએ છીએ. તેઓને ગંમત આવે છે તેનો આપણને જાતઅનુભવ છે. બાળકોને કુરકુરિયાં, બચ્ચોળિયાં, નાનાં ભાઈબહેન, એ બધાં જીવંત મિત્રોની ઉપર બહુ પ્રેમ આવે છે. તેઓ તેમને ખવડાવે-પિવડાવે છે, રમાડે છે, છાતીસરસાં રાખે છે, તેમને ભેગાં સુવાડે છે, તેમની સાથે હસે-બોલે છે ને તેમના સુખે સુખી અને તેમના દુઃખે દુઃખી થાય છે. બાળકોની એ જીવંત સૃષ્ટિ છે. બાળકો તેમની સાથે ઊછરે છે. તેમની વચ્ચે રહી પ્રેમ ફેળવે છે. તેમના પરિચયથી ઘણો અનુભવ મેળવે છે. પોતે તેમને ખવરાવવા-પિવરાવવામાં ઉદ્યોગી રહે છે. બાળકોને આ જીવંત વાતાવરણ તેમના વિકાસ માટે અવશ્ય મળવું જોઈએ.

જો આપણે ગાયો ને વાછરડાંની મૈત્રી બાળકને આપી શકતાં હોઈએ તો પ્રાણીપરિચય માટે તે સર્વોત્તમ સાધન થાય. તેના અભાવે કૂતરું-બિલાડું આપણે પાળીએ. ઘરમાં કોઈ પક્ષી રાખી શકાય તો વધારે સારું. મતલબ કે બાળકને પ્રાણીપરિચય લાભદાયક છે, ને તે સ્વતઃ એક પ્રવૃત્તિ છે. બાળક તેને સાચવવામાં, તેને ખવરાવવા-પિવરાવવામાં ને તેની સાથે જીવવામાં ઘણું રોકાય છે.

૧૧ : નાટકો કરવાં

કદાચ આપણામાંના ઘણાઓએ નાનપણમાં નાટકો કર્યાં હશે, એમાંના કોઈ કોઈએ એ કામ સાથે કાયમનો સંબંધ બાંધ્યો હશે; કોઈ નાટક કંપનીના મેનેજર, કોઈ ઍક્ટર, કોઈ ગાયક, કોઈ લેખક, કોઈ નાટ્ય-વિવેચક, કોઈ ઍમેચ્યોર નટ, કોઈ સિનેમા-ઍક્ટર, કોઈ ફિલ્મ ઉતારનાર વગેરે બન્યા હશે. મતલબ કે નાટક કરવાનું બાળકોને ગમે છે. નાટક કરીને પ્રમુખતઃ બાળકો પોતાની અભિનય કરવાની વૃત્તિને વેગ અને સંતોષ આપે છે. અભિનય એ કલા છે; મનુષ્યનો કલાપ્રિય સ્વભાવ એ દ્વારા પ્રગટ થાય છે. આ વૃત્તિ સહજ છે, ને તેને વિકાસમાં સ્થાન છે.

બાળકોનાં નાટકો એટલે જે જે જોયું તે ભજવવું — કરી બતાવવું. બાળકોએ નાટકો જોયાં હશે એટલે તેઓ તેવાં નાટકો કરવા જશે. ત્યાર પછી તો વાંચેલાં નાટકો પણ ભજવવાની મરજી કરશે. આપણે તેમને નિર્દોષ નાટકો બતાવીએ તો નાટકની પ્રવૃત્તિને અનુકૂળતા મળે.

આપણે ઘરમાં નાટક કરવાની મના કરીએ છીએ કારણ કે ઘણાંઓ નાટક કરવાનું ખરાબ ગણે છે. તેમાં કશું ખરાબ નથી. દુનિયામાં નાટક કરનારા અને નાટકનું વસ્તુ ખરાબ હોઈ શકે છે; નાટક જોનારાઓ નાટકનો ખરાબ ઉપયોગ કરી શકે છે, પરંતુ નાટક સ્વતઃ એક કલા છે ને તેથી તે નિર્મળ છે, એટલું જ નહીં પણ મનુષ્યને ગતિ આપનાર છે. તે જ્યારે હલકા માણસના હાથમા પડે છે ત્યારે જરૂર ત્યાજ્ય છે. અને તેવું તો બધી સારી બાબત પરત્વે છે. એટલે આપણે નાટક કરવાની ના ન પાડીએ, પણ ઊલટું તેમાં આપણે જાતે ભાગ લઈને નિર્દોષ અને બળવાન નાટકો કેવાં થાય છે તે બતાવીએ. બાળકો નાટકો કરે; ભલે કરે. તેમનાં નાટકોનું વસ્તુ જોતા રહેવું. તેમના વિનોદો બહારના કારણે ગ્રામ્યતા તરફ ન જાય તે જોવું; તેમનાં યુદ્ધો શેરીમાંથી મળેલ વાતાવરણને લીધે ગુંડાની મારામારી ન બને તે જોવું. તેમનાં નાટકો એટલે અભિનયને બદલે સીન-સિનેરી ન થાય તે જોવું. એટલે તે માટે તેવું સારું વસ્તુ તેમને બતાવવું. સારું વસ્તુ બતાવવું અને અયોગ્ય વસ્તુનો અભાવ પેદા કરવો.

ઘરમાં નાટક કરવાને માટે ઓસરી એ રંગભૂમિ છે. ધોળા દિવસનો તડકો

કે ચાંદની એ રોશની છે. અંધારી રાતે એક બત્તી તે કિટ્સન કે વીજળીનો પ્રકાશ છે. ઘરનાં બારણાં એ પડદાઓ છે. ઘરમાંથી બહાર જવું ને બહારથી ઘરમાં જવું; અગર અગાશીમાંથી દીવાનખાનામાં ને દીવાનખાનામાંથી અગાશીમાં જવું. ઘરમાં જે હમેશનાં વપરાશનાં સાધનો છે તે પાત્રોના ડ્રેસ છે. બાનો સાડલો ઘડીકમાં સાફો, ઘડીકમાં દુશાલો, ઘડીકમાં ખેસ ને ઘડીકમાં ફેંટો બાંધવાની ભેટ થઈ જાય; બાપાની લાકડી એક વાર શેઠની લાકડી, બીજી વાર પોલીસની બંદૂક, ત્રીજી વાર મહેતાજીની સોટી અને ચોથી વાર લડાઈની તલવાર બની રહે. પોતાનાં લૂગડાં જુદી જુદી રીતે પહેરીને નવા નવા વેશો દેખાડી શકાય. ખરાબ રીતે કપડાં પહેર્યાં એટલે ગાંડા બન્યા; ફાટલતૂટલ ઢસરડાતાં દેખાય એમ પહેર્યાં એટલે ભિખારી, ને બરાબર તાલમેલથી પહેર્યાં એટલે છેલબટાઉ. એ સિવાય ઘરમાં રસોડાનાં વાસણો ને એવું ઘણું હોય છે; તેમાંથી કેટલાંયે સાધનો થઈ પડે. શરીરની ચામડીનો રંગ બદલવા આછી જાડી રાખ ભૂંસી એટલે બધા પાઉડરો આવી ગયા!

આમ કરતાં શીખવાથી સીનસિનેરી ગૌણ છે એમ સમજાય છે. સીનસિનેરી ગમે તેમાંથી ઉપજાવી લેવામાં બુદ્ધિનું કૌશલ ફેળવાય છે. આમ કરવામાં હાજરજવાબી છે. ખરી વાત અભિનય છે; અભિનય નબ્બાણું ટકા બરાબર થયો એટલે તે તેના બળથી ડ્રેસ વગેરેને અનુકૂળ બનાવી દેશે. વળી નાટકોની કિંમત આપણે આત્મબળથી આંકવી છે, એટલે તેને કદી પણ બહારનાં સીનાસનેરીથી ઢાંકવાં નહીં. નાટક ઘરમાં ચલાવવાં. કશુ નવું વસાવવું નહીં; કશું ખાસ કરવું નહીં. નાટક કરવાનું મન થયું એટલે નાટક ચાલે. બાળકો નક્કી કરે કે કયું નાટક કરવું છે. સૌને પ્લોટ ધ્યાનમાં હોય. તેઓ કોઈ નાટક ગોખી રાખે જ નહીં. નાટક ગોખ્યા વિના થાય એવું જાણતાં બાળકોને ભારે ગંમત આવશે. માથાઝીક મટી જશે; ચાલતે નાટકે થાય છે તેવો ટેબ્લો નહીં થાય; પ્રોમ્પ્ટર અને રિહર્સલ ઊડી જશે; ને ગમે તે વખતે ભળતું, ધ બેસતું, વધતુંઘટતું બોલીને પતાવવાની અને વખતસરની ખૂબી ઊભી કરવાની તક મળશે. નાટકના શબ્દોના ગોખેલા ચોકઠામાં જ ચાલવાથી અભિનયને રોકાઈ રહેવું પડે છે તે નહીં બને.

ઘરમાં આ રીતે બાળકો નાટક કર્યાં કરે. આપણે સાંભળવું જ જોઈએ એમ કોઈ ન માને. ઘરમાં ચલાવવા જેવી આ એક મજાની પ્રવૃત્તિ છે.

૧૨ : મિકેનો વગેરે

મિકેનો અને એવી રમતો કે સાધનો કે જે વાપરવાથી બાળકોમાં યાંત્રિક બુદ્ધિ અને આવડત વધે છે, તેવાં સાધનો ઘરમાં વસાવવાં, આવાં સાધનો મધ્યમ વર્ગ માટે મોંઘાં પડે તેમ હોય તો તેમણે તે જતાં કરવાં અથવા બે-ચાર પાડોશીઓ મળી એવાં સાધનો સૌને માટે ભેગાં વસાવે અને અમુક એક ઘરમાં તે રાખે ને ત્યાં બાળકો આવીને તે વાપરે. જોકે બાળકો તો ભેગાં રહીને વાપરશે અને તેનો આનંદ લેશે, પરંતુ માબાપો તેમાંથી લડવાનું નહીં શોધે એની ખાતરી નથી. ભેગાં ચાલી શકે તેમ હોય તો જ આ પ્રયોગ કરવો.

મિકેનો કે એવાં સાધનો સાથે જોઈતી એકાંત જગા અને બેઠક પૂરાં પાડવાં. ખાસ કરીને જે બાળકને આવી બાબતોનો શોખ છે તે તો આ પ્રવૃત્તિને મીઠા ભોજનરૂપે સ્વીકારાશે.

૧૩ : ફૂલો અને પાંદડાં એકઠાં કરવાં

બાળકોને શોધવું, એકઠું કરવું અને મૂકવું ગમે છે અર્થાત્ બાળકમાં સંગ્રહ — સંચય કરવાની વૃત્તિ સારી છે. એ વૃત્તિ એટલે વસ્તુસંચય-વૃત્તિ. બાળકો પોતે પોતાની આસપાસની દુનિયામાંથી, પદાર્થોમાંથી જે જ્ઞાન મેળવે છે તે જ્ઞાન એવું ને એવું પોતાની સામે મૂકવા પણ સંગ્રહો કરે છે. એમ પણ કહેવાય છે કે આમાં બાળકની પ્રાથમિક કાળની પરિગ્રહ વૃત્તિની સદ્‌ગતિ કે ઉચ્ચ ગતિ રહેલી છે.

બાળકોને પોતાની આસપાસની દુનિયા જોવા અને તેમાંથી ઠીક લાગે તે ભેગું કરવા છોડી મૂકવાં. તેઓ જે એક કરે તે વધાવી લઈએ. તેમાં બકરાની લીંડીઓ અને કાચના કટકા પણ આવશે. પરંતુ આજે જે વસ્તુઓ સામે જોઈને આપણે હસીએ છીએ તે જ વસ્તુઓ આપણે નાનપણમાં ધારી ધારીને જોઈ છે; તે કેવી છે તે બધી ઇંદ્રિયોથી જાણવા મહેનત કરી છે; વખત ગાળી તેને વિશે જ્ઞાન મેળવ્યા પછી જ આજે તેને નકામી કરી દીધી છે. એમ તો જેમ જેમ આપણે આગળ વધીએ તેમ તેમ નકામું છોડતા જઈએ છીએ; અને તેથી જ, પાછળનાંઓ નકામું પડતાં છોડી દેશે એવી જાતઅનુભવની ખાતરીથી જ તેમને તે એકઠું કરવા દઈએ.

ભેગું કરેલું સરસ રીતે ગોઠવી તેઓ કલાદૃષ્ટિ કેળવશે. ભેગી કરેલી વસ્તુઓને સાચવીને મૂકવાની અનુકૂળતા આપણે તેમને કરી આપીએ.

ફૂલો અને પાંદડાંને ખાસ રીતે એકઠાં કરવાનું બતાવી શકીએ. બાળકો ફૂલો અને પાંદડાં લાવીને ચોપડીમાં દબાવીને મૂકી દે. તેઓને વનસ્પતિનો આ રીતે પણ ઠીક પરિચય થશે. ચિત્ર માટે આ નમૂના કામમાં આવે; શણગારરૂપે આ નમૂનાંને વાપરી શકાય.

૧૪: રેતીનો ઢગલો

આંગણા સામે રેતીનો ઢગલો એટલે પ્રવૃત્તિઓની શાળા. બાળકોને ત્યાં જવા દેવાં. કૂવા, બાગ, રસ્તા, ગઢ, ડુંગરા વગેરે છૂટથી કરવા દેવાં. માથામાં રેતી ન ભરાય તે બતાવવું. રેતીવાળા હાથ ધોવાને માટે પાણીની જગા આપી દેવી. રેતીમાં રમવાથી કપડાં મેલાં થતાં હોય તો માત્ર ચડ્ડી જ પહેરાવવી. રેતીની અંદર ઘણું કામ બાળકો કરે છે તેની ખાતરી નજરે જોઈને કરવી. રેતીનો ઢગલો ફળિયું હોય તો, અને પોસાય તો, જરૂર આપો. બે ગાડાં રેતી બસ છે.

ઉપર વર્ણવેલી પ્રવૃત્તિઓ જેવાં જ બીજી ઘણી પ્રવૃત્તિઓ છે, જેવી કે સિક્કા સાફ કરવા, રંગોળી પૂરવી, તકલી ચલાવવી, વાળવું-ચોળવું, વાસણ માંજવાં, કપડાં ધોવાં, વાંચવું, લખવું વગેરે. એવી બધી પ્રવૃત્તિઓને ઘરમાં સ્થાન છે.

ઉપલી યાદી વાંચીને તે પ્રમાણે ઝટઝટ પ્રવૃત્તિ ગોઠવી દેવાથી નહીં ચાલે, તે બાબતમાં આપણે થોડોએક વિચાર કરી લેવો પડશે. આપણે બાળકોની રમતો અને પ્રવૃત્તિ બેને જુદાં સમજવાં. ઘરમાં બાળકો ઘણી જાતની રમતો રમી શકે: જેમ કે ચલકચલાણું, ગણગણ બોશલો; ગંજીપો, ચોપાટ વગેરે. બાળક એકલું પણ રમે ને બીજાં સાથે પણ રમે. રમતો બધી આનંદ — આરામ માટે છે; એનો મુખ્ય હેતુ આનંદ કરવાનો છે. જ્યારે ઉપર વર્ણવેલી બધી પ્રવૃત્તિઓ છે, ને પ્રવૃત્તિઓનો પ્રધાન આત્મા સર્જન છે. તે કરવાનું બાળકને મન રમતરૂપ છે; છતાં તે રમત નથી. રમતમાં કંઈક કરવાનું હોય છે; ક્રિયા છે. સાત ટાપલિયા દાવમાં દોડવાનું આવે છે, છતાં દોડવું એ એનો ઉદ્દેશ નથી; દોડીને હાથ ન આવવું કે ન પકડાવું એ ઉદ્દેશ છે. આથી ક્રિયા રમતમાં અંતર્ગત છે, ઝાડને પાણી પાવું એ ક્રિયા છે; તેનો હેતુ તે ક્રિયા જ કરવાનો છે, અર્થાત્ ઝાડને પાણી પાવાનો છે. ત્યાં ક્રિયા અને હેતુ એક છે. અહીં ઝાડને પાણી પાવાને એક ક્રિયા અર્થાત્ પ્રવૃત્તિ કહેલ છે. આ લેખ આ અર્થમાં રમતો અને પ્રવૃત્તિમાં તફાવત

પાડે છે. "ઘરની રમતો" એ વિષય જુદો લખી શકાય. આ તફાવત સમજીને જ ઘરની જુદી જુદી પ્રવૃત્તિઓ ગોઠવવી.

બીજી વાત એ સમજવા જેવી છે કે બાળકો માટે દરેકે દરેક ઘરમાં આવી બધી પ્રવૃત્તિઓ વસાવવાની ન હોય. બધાં ઘરો બધી પ્રવૃત્તિ દાખલ ન જ કરી શકે. માટે સાધન, સંપત્તિ, સગવડ વગેરેને ધ્યાનમાં લઈ બને તેટલી પ્રવૃત્તિઓને માટે ગોઠવણ કરી આપવી. શ્રીમંત ઘરોમાં બધી જાતની પ્રવૃત્તિઓ શક્ય કરી શકાય; પરંતુ તેમ શક્ય કર્યા પછી તે બધી બાળકે કરવી જ જોઈએ એ વહેમમાં ન પડવું. બાળકને માટે શ્રીમંતને ત્યાં ખોરાકના ઢગલેઢગલા હોય તેથી જેમ તેણે કાંઈ બધું ખાઈ ન નખાય, તેમ પ્રવૃત્તિઓની બાબતમાં છે. જ્યાં તે અત્યંત વધી પડે ત્યાં બાળકને તેનું અજીર્ણ ન થવું જોઈએ. બાળકને માટે પ્રવૃત્તિ છે, પ્રવૃત્તિને માટે બાળક નથી. બાળકને પ્રવૃત્તિ વિના પડ્યું રહેવું પડતું નથી; તેને બીજું ઘણું કરવાનું છે જેથી આમાંનું ઘણું તે ન કરે તો કશી ફિકર નથી. મતલબે પ્રવૃત્તિ કરવા માટે બાળકને અનુકૂળતા કરી આપવાની છે; તે કરવાની ફરજ મૂકવાની નથી. બાળક જે કરે તે રાજીખુશીથી કરે.

જે જે પ્રવૃત્તિની આપણે બાળકને વ્યવસ્થા કરી આપીએ તે તે પ્રવૃત્તિ બાળક શાંતિથી કરે. વચ્ચે દખલગીરી વગેરે ન થાય, તે ખાસ જોવું. તે માટે અલાયદી જગા અપાય તો સારું. ઘણી પ્રવૃત્તિઓ રાખીને એકેયને માટે વ્યવસ્થા ન હોય, તેને બદલે એક જ — માત્ર એક જ — પણ વ્યવસ્થિત પ્રવૃત્તિ ઘણી ઉપકારક થશે.

પ્રવૃત્તિઓ ગોઠવવામાં ઉપરની યાદી માર્ગદર્શક છે. જેઓ વૈજ્ઞાનિક બાબતમાં કે વનસ્પતિના વિષયમાં સમજતા હોય તેઓ તે તે વિષયમાંથી ઉપરને ધોરણે પ્રવૃત્તિઓ યોજી શકે.

બાળક જ્યારે જ્યારે કંઈ કરે ત્યારે ત્યારે તેને આપણે અવલોકીએ તો આપણને અને તેને લાભ છે. આપેલી પ્રવૃત્તિઓમાંથી બાળક કઈ લે છે ને કઈ નથી લેતું, કઈ તેને અત્યંત ગમે છે ને કઈ સાવ નથી જ ગમતી, તે ઉપરથી તેનું કઈ બાબતમાં વલણ છે તેનો કંઈક ક્યાસ કાઢી શકીશું.

હરકોઈ પ્રવૃત્તિ જો બાળકને એકાગ્ર રાખે નહીં, બાળક તેનાથી કંટાળી જાય, બાળક બાળક વચ્ચે માત્ર તે કજિયો કરાવનાર થાય, વારંવાર તે આપણી

મદદ વિના ચાલી જ ન શકે તેવી લાગે, તો કાં તો બાળક તે માટે લાયક નથી અગર એ પ્રવૃત્તિ બાળકને માટે હમણાં ઉપયોગી નથી. એટલે તે બાજુએ મૂકી દેવી. એ પ્રવૃત્તિ સાચી ગણવી કે જે બાળકને રોકે, પ્રસન્ન રાખે, એકાગ્ર રાખે, બાળક તે કરતું કરતું હસે, ગાય ને બીજાને તેમાં ભેળવવા દોડે.

બાળક પોતાને ઉપકારક એવી પ્રવૃત્તિથી પણ ઘણી વાર થાકી જાય છે. જ્યારે તે એક વાર અત્યંત ગમતી અને એકાગ્ર કરનારી પ્રવૃત્તિ સામે લડે છે, ને બરાબર નથી કરી શકતું તેથી ખિજાય કે ચિડાય છે, જાતે કરી શકતું હતું ત્યાં પણ બા-બાપાને બોલાવી કરાવવા માગે છે, ત્યાં સમજવું કે હવે બાળક પ્રવૃત્તિથી થાકયું છે; હવે પ્રવૃત્તિ તેને સુખ અને આરામ નહીં આપે. એટલે તે તેની પાસેથી આઘાત ન લાગે તેવી રીતે છોડાવવી. જેઓને અનુભવ હશે તે કહેશે કે, "હા, વાત સાવ સાચી છે: થાકેલ બાળકને હળવેથી લઈ સુવાડી દઈએ છીએ કે તુરત જ તે ઊંઘી જાય છે."

ઘણી વાર બે-ચાર બાળકો એકઠાં થઈ પ્રવૃત્તિ ચલવે છે. આ વખતે ઘણી વાર તે સરસ ચાલે છે, તો ઘણી વાર મુશ્કેલી પડે છે — પ્રવૃત્તિ બરાબર ચાલતી નથી; એકેયને સંતોષ થતો નથી. કોઈ કોઈ વાર તો બાળકો લડી પણ પડે છે. આમાં ઘણાં જુદાં જુદાં કારણો પ્રવર્તે છે. આ બધાંની અહીં વિગતમાં ચર્ચા નથી થઈ શકતી. પણ આપણે કારણ જોઈ તેનો ઉપાય કરવો. સામાન્ય રીતે બાળકોને જાતે ગોઠવાઈ જવા દેવાં. ચાલે જ નહીં ત્યારે વચ્ચે પડી નિકાલ કરવો, અને તે કરવો ત્યારે ખૂબ ડહાપણથી અને સૌને — ઘણાંને સાચો લાગે તેવો સંતોષકારક કરવો.

ઘણી વાર બાળકો માંદાં હોય છે, અગર આપણે વઢયાં કર્યાં હોઈએ છીએ ત્યારે તેમના મનની સ્વસ્થતા નથી હોતી. આથી પ્રવૃત્તિ વ્યવસ્થિતપણે ચાલતી નથી. પ્રવૃત્તિ તેમને કાયર કરે છે ને તેઓ આપણને કાયર કરે છે. પરિણામે આપણને થાય છે કે પ્રવૃત્તિ જ નકામી છે. આપણી નજરે પ્રવૃત્તિની કેળવણીવિષયક કિંમત ઘણી વાર ચડતી-ઊતરતી આવાં બહિર કારણોને લીધે થવા સંભવ છે. ત્યાં આપણે ચેતીએ અને પ્રવૃત્તિની નિંદા કે વિરોધ ન કરતાં એકંદરે દોષ ક્યાં રહેલો છે તે શોધીએ.

શાંત પળોમાં

૧

એક કરોડાધિપતિ હતો. રસ્તે જતાં એક લખપતિના લાખની તેને અદેખાઈ આવી.

મને કરોડાધિપતિ દરિદ્ર લાગ્યો.

એક દાનેશ્વરી હતો. લાખોનું દાન કરતો હતો, પણ ગરીબોને પાઈ પાઈનું દાન આપતા બ્રાહ્મણની તેને અદેખાઈ આવી.

મને દાનેશ્વરી કૃપણ લાગ્યો.

એક મહાપંડિત હતો; સોળે વિદ્યાનો જ્ઞાતા હતો. બિચારા એક જ વિદ્યા જાણનાર વિદ્વાનને તેણે હસી કાઢ્યો.

મને તે પંડિત નહીં પણ અબૂજ લાગ્યો.

એક જ્ઞાની હતો. સાત જ્ઞાનના ભંડારો તેના હતા. એકબે અક્ષર જાણનારને જોઈને તે બળતો દેખાયો.

મને તે જ્ઞાની મૂરખ લાગ્યો.

એક મહાકવિ હતો; ઉન્નત કાવ્યોનો સર્જક હતો. કોઈ બિચારે બે લીટી લખી અને કવિથી તે ન સહેવાઈ.

મને કવિની કાવતામાં કાવ્ય ન લાગ્યું.

એક સેવક હતો; સેવાભાવનાની સાધના હતી. એક શિખાઉ બિચારાએ કોઈની જરા સેવા કરી. એ સેવાની સેવક કદર ન કરી શક્યો.

સેવક મને દાસ લાગ્યો.

એક રાજા હતો; રાજમહેલમાં રહેતો હતો. એકાદ ગરીબની ઝૂંપડી ઝૂંટવી લેવાનું એને મન થયું.

મને રાજા રંક લાગ્યો.

એક સૂરજ હતો. એકાદ આગિયાને જોઈ તેની તેણે ઘૃણા કરી.

સૂર્યનું તેજ મને નિસ્તેજ લાગ્યું.

એક સમુદ્ર હતો. ખાબોચિયાના પાણીને જોઈને મનમાં તેણે કહ્યું : "એટલુંય પાણી ત્યાં કેમ છે?"

મારા મનમાંથી સાગરની મહત્તાનું માન ઊતરી ગયું.

એક મલ્લ હતો; ચાલતાં ધરતી ધ્રૂજતી. રસ્તે જતા એક સુકલકડીને ટલ્લો મારી એ ખુશી થયો.

મલ્લની તાકાતની મને દયા આવી.

એક નદી હતી; પુરવેગથી વહેતી હતી. એક નાના ઝરણાને જોઈ નદી મનમાં બડબડી : "અરે, આ સુકાઈ કેમ નથી જતું?"

નદી મને રેલો લાગ્યો.

કોયલ હતી. કાગડી ગાતી હતી. કોયલ કહે : "કાગડી વળી શાની ગાય?"

કોયલનો સૂર મને કાગડી જેવો લાગ્યો.

૨

ઘડીભર રાજદ્વારી પ્રપંચ છોડી દે
ને તારા બાળક સાથે રમ.
ઘડીભર વકીલી કાવાદાવા છોડી દે
ને તારા બાળક સાથે રમ.
ઘડીભર વેપારની ગડમથલ છોડી દે
ને તારા બાળક સાથે રમ.
ઘડીભર કાવ્ય-સંગીતને છોડી દે
ને તારા બાળક સાથે રમ.
ઘડીભર ભાઈબંધ-મિત્રોને છોડી દે
ને તારા બાળક સાથે રમ.

ઘડીભર પ્રભુભજનને પણ છોડી દે
ને તારા બાળક સાથે રમ.
ઘડીભર જીવન સમગ્ર વીસરી જા
ને તારા બાળક સાથે રમ.
ઘડીભર ગડમથલિયા જગતને ફેંકી દે
ને તારા બાળક સાથે રમ.

૩

દિવસમાં ફક્ત પાંચ જ મિનિટ વિચાર કરી જુઓ —

ધારો કે આપણા ઉપરીઓ બાળકો જ છે અને આપણે તેના આજ્ઞાંકિતો છીએ, તો?

ધારો કે બાળકો જ આપણા જીવન માટેના કાયદા ઘડનારાં છે અને આપણે તો ફક્ત મૂંગે મોઢે તેનો અમલ જ કરવાનો છે, તો?

ધારો કે બાળકો જ આપણને ભણાવવા બેઠાં છે, આપણને રમાડે છે, આપણને હરવાફરવા લઈ જાય છે, અને આપણે તો તેઓ કહે તેમ જ કરવાનું છે, તો?

— દિવસમાં ફક્ત પાંચ જ મિનિટ આવો વિચાર તમે કરી જુઓ.

૪

તમને લાગતું હોય કે બાળકોને મારવાથી તેઓ સુધરશે તો તમે એક વાર નહીં પણ અનેક વાર તેમને મારી જુઓ. વારંવાર મારવાથી પણ જો તેઓ સુધરે નહીં તો તમારે પોતે જ સુધરવું પડશે. એટલું જ નહીં પણ તમારે તમારા કૃત્ય માટે પ્રાયશ્ચિત્ત કરવું પડશે; એટલું જ નહીં પણ જેણે તમને બાળકો આપ્યાં છે તેને તમારે જવાબ આપવો પડશે.

આ બધું કરવાની હિંમત અને શક્તિ હોય તો જ તમે બાળકો ઉપર તમારો નાદાન હાથ ઉપાડજો.

૫

જો બાળકને મારવું તે નિર્બળતાની નિશાની છે, તો તેને લાલચ આપવી એ અધમતાની નિશાની છે.

જો બાળકને મારવું તે બાયલાપણું સૂચવે છે, તો તેને લાલચ આપવી એ લાંચિયાપણું સૂચવે છે.

જો બાળકને મારવું તે રાક્ષસપણું દર્શાવે છે, તો તેને લાલચ આપવી એ દુષ્ટ પ્રલોભન દર્શાવે છે.

જો બાળકને મારવું તે એક ગુનાહિત કૃત્ય છે, તો તેને લાલચ આપવી તે ભયંકર ગુનાહિત કૃત્ય છે.

જો બાળકને મારવું એ અત્યાચાર છે, તો તેને લાલચ આપવી તે અપહરણ છે.

જો બાળકને મારવું એ જુલમ છે, તો તેને લાલચ આપવી તે શરાબ છે.

૬

તમે આખી દુનિયાને ઠગી શકશો, પણ તમારા બાળકને ઠગી શકશો નહીં.

તમે આખી દુનિયાને બનાવી શકશો, પણ તમારા બાળકને બનાવી શકશો નહીં.

તમે આખી દુનિયાને આંજી શકશો, પણ તમારા બાળકને આંજી શકશો નહીં.

તમે તમારું ચારિત્ર્ય ઈશ્વરથીયે છૂપું રાખી શકશો, પણ તમારા બાળકથી છૂપું રાખી શકશો નહીં.

તમે તમારું હૃદય સ્ત્રીથી પણ ઢાંકી શકશો, પણ તમારા બાળકથી ઢાંકી શકશો નહીં.

કુદરતે એમને કોણ જાણે કેવીયે શક્તિ આપી છે કે તેઓ તમને જાણી જ જવાનાં છે. બેલાશક, તેઓ તરત જ સમજી જાય છે કે —

આપણી આંખમાં અમૃત છે કે ઝેર છે;
આપણી વાણીમાં કડવાશ છે કે મીઠાશ છે;
આપણા અવાજમાં હુકમ છે કે વિનંતી છે;
આપણા સ્પર્શમાં કોમળતા છે કે કર્કશતા છે;
આપણી હિલચાલમાં રુઆબ છે કે સૌન્દર્ય છે;
આપણા અંતરમાં શાંતિ છે કે અશાંતિ છે;
આપણા મનમાં આદર છે કે અનાદર છે;

બાળકો એ બધુંયે તુરત જ સમજી જાય છે.

કુદરતે એમને કોણ જાણે કઈ શક્તિ આપી છે કે તેઓ આપણને તુરત જ સમજી જાય છે.

૭

હું તો માત્ર એંજિનમાં જેવો કોલસા નાખનારો હોય તેવો કોલસા નાખનારો છું. તમે વિદ્યાર્થીઓ કોલસાઓ છો; તમારામાં અગ્નિ ભારેલો છે. હું તો ચિનગારી મૂકું છું; સળગવાનું કામ તમારું છે. તમે તમારામાં રહેલ અગ્નિને ઓળખશો નહીં, ચિનગારીને ઝીલશો નહીં, તો તમે અણસળગ્યા રહેશો; પછી મને ઠપકો ના આપશો.

હું તો વરસાદ જેમ મારાં વચનોથી વરસીશ, પણ ઝીલનારાં તમે છો. તમે તમારું પાત્ર અવળું રાખીને જો ઊભાં રહેશો તો તેમાં એક પણ છાંટો નહીં પડે. વરસી વરસીને હું ચાલ્યો જાઉં પછી તમે એમ ના કહેતાં કે, અમે તો કોરાં રહ્યાં!

આ તે શી માથાફોડ !

બધુંય ભાવવું જોઈએ

"લે, સામું જોઈને બેઠો છે શું? આ રોજની પંચાત. દાળ કરીએ તો કહેશે શાક ભાવે છે, ને શાક કરીએ તો કહેશે દાળ ભાવે છે. એમાં ભાવવું'તું શું? બધુંય ભાવે!"

"પણ આ તીખું ભાવે નહીં એનું શું?"

"એટલું બધું તીખું ક્યાં છે?"

"લે, ચાખી જો જરા, કેવું તીખું છે!"

"ઊઠ, ઊભો થા! જો સામું બોલવા શીખ્યો છે! આવાં રૂપાળાં દાળભાત દસ વાગ્યામાં તૈયાર કરી આપીએ છીએ, ત્યારે ભાઈને ભાવતું નથી! કોક બીજી મા હોત તો ખબર પડત!"

"હું તો એમ કહું છું કે આ જરા તીખું લાગે છે, ને આ કારેલાંનું શાક નથી ભાવતું."

"આ કોઈને તીખું નથી લાગતું ને તને તીખું લાગે છે? કારેલાંયે ખાવાં પડે; રાંધ્યું હોય તે કાંઈ નાખી દેવાય?"

મોહન બિચારો ધીમે ધીમે શાક ને રોટલી ખાય છે. તીખી દાળમાં જરા જરા હાથ બોળે છે. બા ચિડાય છે ને કહે છે: "દસ વરસનો ઢાંઢો થયો તોય દાળ ખાતાં આવડે છે? ખાશે તો કાં તો આંગળી નહીં બોળે, ને કાં તો રગેડા ઉતારશે! સવિતાબહેન, આ જુઓ તો ખરાં! કહે છે કે આ ખાવાનું નથી ભાવતું. ત્યારે મારે નિતનવા મેવા ક્યાંથી લાવવા?"

"હશે બહેન, છોકરું છે. ખાતી વખત શું કામ રોવરાવો છો?"

"એ તો એને હેવા પડ્યા છે! રોજ કહેશે નથી ભાવતું. શું માણસ સોનું કાપીને ખાતા હશે?"

"માશી! તમે ચાખો જોઈએ; આ દાળ તીખી છે કે નહીં?"

"લે રાખ રોયા, અકારા કર મા!"

મોહનને માથે ભારે થઈ. એક તો દાળ તીખી, શાક કડવું ને વધારામાં માની ગાળો! બિચારાને ખાવું ક્યાંથી ભાવે?

*

રોવાથી વીંછી નહીં ઊતરે

"ઓયવોય મરી ગયો રે! કરડી ખાધો રે, કરડી ખાધો!"

"છે શું, રોયા! દોડાદોડ કરે છે તે ભસ તો ખરો!"

"ઓયવોય મરી ગયો રે, મરી ગયો!"

"છે રોયો! ભસતોયે નથી."

"એ એને વીંછી કરડ્યો એટલે રોવે છે."

"તે જાય નહીં આઘે! રોયાને ના પાડી'તી કે ત્યાં ઓલ્યા છોકરાઓ ભેળો રમવા જઈશ મા. રોયાને માનવું હોય ત્યારે ના?"

"ઓયવોય રે! ઓય, ઓય, ઓય!"

"રો, રો. હું તો આ બેઠી."

"કેમ અલ્યા, શેના ઘાંટા કાઢે છે? ગામ ગાંડું કર્યું!"

"વીંછી કયડ્યો છે, વીંછી."

"તે કરડે જ તો? મેં પણ કહ્યું હતું કે ત્યાં નથી જવું."

"પણ આ છોકરો રડે છે, ને એને પીડા થાય છે, એનું તો કાંઈક કરો!"

"છો રડે; એ જ લાગનો છે!"

શામજી ડોસા પાડોશમાંથી આવ્યા: "એલા કોઈને લાગણીબાગણી છે કે?

આ છોકરો રાડો નાખે છે, એને વીંછી કરડ્યો છે, ને માબાપ તો ટગરટગર જોવે છે!"

"તે દાદાજી, ઈ રોયાને ક્યાં નથી જાણતા? રોયો ઘડીયે જંપીને બેસે તો કે? આખો દી હેઠો બેસતો નથી. અત્યારે રાતેય ત્યાં અંધારામાં શું દાટ્યું હતું તે ગયો હતો?"

"હશે હવે. કાંઈક દવા તો કરો. છોકરાને પાસે તો બોલાવો! જરાક દયા રાખો."

"તે તમારે બહુ ડહાપણ ન કરવું. છોકરો તો અમારો છે ને? અમે એને છાનો રાખશું."

"એલા મૂંગો મરે છે કે? હમણાં ઉતારવાવાળા પાસે લઈ જાઉં છું; ભેંકડો શું તાણે છે, ભેંકડો!"

'ઓયવોય, ઓયવોય!"

"હળવો રે હળવો; ત્યાં રોવાથી વીંછી નહીં ઊતરે!"

*

બતાવે તો?

૧

બાપા કહે છે: "એ ભાઈ, જરા જોઈને ચાલજે; ક્યાંક પડી ન જતો."
બા કહે છે: "જોજે, ઠેશ ન લાગે ને લોહી ન નીકળે."
કાકી કહે છે: "નટુને હાલવાનું ભાન જ ક્યાં હતું?"
બહેન કહે છે: "નટુ તો એવો જ છે. એ તો એમ જ ચાલે છે ને પડે છે."

ખરેખર, આસ્તે આસ્તે નટુને પણ એમ જ લાગે છે કે, "ખરેખર, હું તો એવો જ છું. મને ચાલતાં આવડતું જ નથી. જ્યાં જાઉં ત્યાં મને ઠેશ લાગે છે."

બિચારાને કોઈ ચાલવાનું બતાવે તો? બધાં વાંક જ કાઢ્યા કરે છે, તેના કરતાં કોઈ ચાલી બતાવે ને કહે કે "આમ ચલાય" તો? તો ભાઈને ચાલતાં આવડશે.

૨

"એલી જશલી! સરખું થોભ, સરખું. જરા થોભતાં તો શીખ!"

"જશી! વાટકો પડ્યો હો. બાપુ, ધ્યાન રાખીને થોભને?"

"જશી, જશી! તારો હાથ ધ્રૂજે છે. આ ઘડીએ વાટકો પડશે."

"એ પડ્યો, એ વાટકો પડ્યો! જશી, જશી! લે, નો'તી કે'તી કે વાટકો પડશે ને તૂટી જશે? આ એના કટકેકટકા થઈ ગયા!"

"અરે ભગવાન! એને કહી કહીને મરોને! એને સરખું થોભતાં આવડશે જ નહીં."

આસ્તે આસ્તે જશીને પણ ખાતરી થાય છે કે, "મને સરખું થોભતાં આવડતું નથી. થોભીને ચાલું છું ત્યાં હાથ ધ્રૂજે છે. ને હાથ ધ્રૂજે છે માટે જોરથી પકડવા જાઉં છું ત્યાં તો લીધું હોય તે પડે છે. ત્યારે તો બધાં કહે છે કે, સરખું થોભ."

બધાં "સરખું થોભતાં આવડતું નથી" એમ કહે છે, તેના કરતાં કોઈ કેમ થોભાય તે તેને બતાવે તો?

"હમણાં પડશે" એમ કહીને જશીની અશ્રદ્ધા વધારવા કરતાં "જશી, આમ થોભાય ને આમ ચલાય," એમ કોઈ શાંતિથી કરી બતાવતું હોય તો? અને જશી તેમ કરવા જાય ત્યારે તેને ઢોળવાની કે પડવાની બીક ન બતાવે તો જરૂર જશીને થોભતાં આવડશે.

૩

બા કહે છે: "એને ઈ આવડવાનું જ નથી તો! મને તો કે દીની ખબર છે કે ઈ ભણવાનો જ નથી."

બાપા કહે છે: "એને ભણવામાં ચિત્ત જ ક્યાં છે? ચિત્ત ચોડીને બેસે તો આવડેને?"

બહેન પણ એમ જ કહે છે: "મને કેમ આવડે છે ને તને કેમ ન આવડે? આખો દી ચોપડી લઈને બેસીએ તો આ ઘડીએ આવડે."

માસ્તર પણ તેને ઠોઠ ને મૂરખો જ કહે છે. કોઈ દી કહેતા નથી કે તેને કંઈ આવડે છે. એ તો કહે છે: "ભણ્યાં ભણ્યાં! તું શું ભણતો'તો?"

ભાઈને વાત સાચી લાગે છે કે: "મને કશું આવડતું નથી; ચોપડી લઈને બેસું છું પણ ચિત્ત ચોંટતું જ નથી."

એને કોઈ ઠોઠ ન કહે, પણ શું કર્યે આવડે તે બતાવે તો? બધાં એને મૂરખો કહે છે પણ કોઈ કેમ આવડે તે બતાવતું જ નથી. બધાં એનો જ વાંક કાઢ્યા કરે છે, ને ભાઈ વધારે વધારે મૂરખો બનતો જાય છે.

૪

બધા કહે છે કે બચુને બોલતાં જ નથી આવડતું.

કાકા કહે: "એમ તુંકારો કરીને શું બોલે છે? જરાક વિવેકથી તો બોલતાં શીખ!"

બા કહે છે: "ઈ તો લોક જેવો છે. કોળીની જેમ વડછની વડછ બોલે છે!"

બાપા કહે છે: "આ આપણા ઘરમાં કોઈ તારા જેવો જંગલીબોલો નથી! તું તે આવું શીખ્યો ક્યાંથી?"

ભાભી કહે છે: "આઘા જાઓ, તમે મને નથી ગમતા. કેમ બોલાય ને કેમ ન બોલાય ઈ કોઈએ શીખવ્યું છે, કે હાંઉ!"

બચુ મૂંઝાય છે. કેમ બોલવું તે તેને સમજાતું નથી. બધાં તેને વઢે છે, પણ કોઈ તેને બતાવે કે વિવેકથી આમ બોલાય ને સારી રીતે આમ બોલાય ને સારી રીતે આમ બોલાય તો?

તો તેને વિવેકથી બોલતાં જરૂર આવડે.

✿

નાહકનું શું કામ?

એક જણ મને જોઈ નાની બે વરસની છોકરીને કહે: "લો, નમસ્કાર કરો; નમસ્કાર કરો. કરો, કરો, કરો!" નાની છોકરીના હાથ જોડી નમસ્કાર કરાવ્યા. છોકરીને કંઈ લેવાદેવા ન હતી. મને થયું: "નાહકનું શું કામ?"

દેવદર્શને ગયેલો. બાએ છોકરીને કહ્યું: "જે જે કરો, બેટા, જે જે

કરો!" છોકરી તો દીવા જોતી હતી. છોકરીનો હાથ પકડી બાએ જે જે કરાવ્યા. છોકરીએ નમીને જે જે કર્યાં. બા ખુશ થઈ. મને થયું: "નાહકનું શું કામ?"

રસ્તામાં જતાં મેં બાપ-દીકરાને જોયા. સામે એક મિત્ર મળ્યો. બાપે દીકરાને કહ્યું: "સલામ ભરો; ભાઈ, ભાઈને સલામ, સલામ, સલામ. અરે આમ સલામ!" છોકરાને ગમ્યું નહીં પણ તેણે સલામ ભરી. તેનો હાથ ઢીલો હતો; મોં ઊતરી ગયું હતું. મને થયું: "નાહકનું શું કામ?"

હું એક ભાઈને ત્યાં મળવા ગયો. ભાઈની પાસે તેની દીકરી બેઠી હતી. નાની મજાની હતી. મેં તેની સામે મોં મલકાવી જોયું. બાપે કહ્યું: "દીકરા, શ્લોક બોલો જોઈએ? બોલ્યો 'મૂકું'વાળો." દીકરી મારી લાકડી સાથે રમતી હતી. બાપા કહે: "બોલો બેટા, બોલો. પછી આપણે ટીકડી ખાવી છે ના?" દીકરી શ્લોક બોલી ગઈ. મને થયું: "નાહકનું શું કામ?"

હું એક વૈદને ત્યાં દવા લેવા ગયો. વૈદે દીકરાનાં વખાણ કરી કહ્યું: "આને અત્યારથી દવાની કેવી સરસ ઓળખ છે!" વૈદે દીકરાની સામે જોઈ કહ્યું: "બેટા, કોયદાનની શીશી લાવો." દીકરો કૂતરા સાથે રમતો હતો. વૈદે કહ્યું: "લાવો છો કે ભા! જો આ ભાઈ કહેશે, દવા ઓળખતાં નથી આવડતું. જો તને તો આવડે છે, ખરું ના?" દીકરો ક્વિનાઇનને બદલે સોડાની બાટલી લાવ્યો. બાપે કહ્યું: "આ ક્વિનાઇન છે? જો તો બેટા, ઉતાવળમાં ભૂલી ગયો, ખરું?" દીકરો ક્વિનાઇન લઈ આવ્યો. બાપે કહ્યું: "શાબાશ, ખરો!" મને થયું: "આ બધું નાહકનું શું કામ?"

રામચંદ્રને ત્યાં જઈ ચડ્યો. રામચંદ્રે દીકરાને બોલાવી ઓળખાણ કરાવીને કહ્યું: "પેલું નવું ગાયન ગા જોઈએ?" છોકરાને ગાવું ન ગમ્યું. તે ઊભો રહ્યો. રામચંદ્ર કહે: "કેમ, ગાને? આ તો કાકા છે."

મેં કહ્યું: "જવા દોને! રમવા દો."

રામચંદ્ર કહે: "અરે! એ તો હમણાં ગાશે. સુંદર ગાય છે!"

છોકરે ગાયું નહીં. રામચંદ્ર કહે: "કેમ રે, ગાય છે કે? આ શું? મોટાનું માનતો નથી?"

મેં કહ્યું : "જવા દોને, છોકરાં છે."

રામચંદ્ર ખિજાઈ ગયા. છોકરાને લગાવી દીધી. "માનતો નથી?" છોકરે ગાવાને બદલે રુદન કર્યું. મને થયું : "આ નાહકનું શું કામ?"

એક સંસ્કારી દેખાતા કુટુંબનો મને અનુભવ થયો. હું બેઠો હતો ને વાત કરતો હતો એટલામાં બાળકો આવ્યાં. તેમના ખોળામાં ફૂલો હતાં. મને હોંશ થઈ આવી કે મને બાળકો ફૂલો આપે. તેણે કહ્યું : "બેટા, થોડાં ફૂલો ભાઈને તો આપ!"

"ના બા, મારે એનો હાર કરવો છે."

બા કહે : "પણ બેટા, મહેમાન આવે તેને આપણે ના ન પાડીએ. તારા બાપાએ તને શું શીખવ્યું છે? જો આપ તો! જશી તું પહેલાં આપીશ, કે વિનુ તું?"

વિનુ દોડ્યો ને તેણે જશીની પહેલાં ફૂલો આપ્યાં.

મને થયું : "આ નાહકનું શું કામ?"

વરસાદ હતો ને હું મારા બાળકને લઈને ફરવા નીકળેલો. રસ્તામાં વરસાદ પડ્યો ને અમે ભીંજાયા. નજીકના મિત્રને ઘેર ગયા. ભીંજાયેલ કપડે બાળકને જોઈ સવિતાબહેનને થયું કે પોતાના બાબુનાં ચોરણી ને ખમીસ તે આપે. તેણે તે પેટીમાંથી કાઢ્યાં ત્યાં તેનો મહેન્દ્ર આવ્યો.

"બા, એ તો મારાં છે. મારે પહેરવાં છે."

"તેં તો પહેરેલાં છે."

"પણ એ મારાં છે; મારે પહેરવાં છે."

"પણ તારે તો ઘણાં છે."

"આ મારે જોવે છે."

"ના રે ભાઈ, એમ તે થાય કે? જો એ કેવું ભૂંડું લાગે છે? આપણે આ ભાઈને આપવું જોઈએ ના?"

"ના, મારે નથી દેવાં."

બાએ કંટાળીને ઘરમાંથી માણસ બોલાવ્યું ને કહ્યું : "આને જરા લઈ લેજો." ને રડવાના અવાજ સાથે મહેન્દ્ર બહાર!

મને થયું : "પણ આ નાહકનું શું કામ?"

*

કઈ બચલી સારી?

૧

મારી બચલી! કાંઈ ડાહી છે બા! ઘરનું એક રમકડું પાડોશીને ત્યાં જવા ન દે. ઊલટું ત્યાં ગઈ હોય તો એકાદ ઉપાડી આવે!

બા, કાંઈ હોશિયાર છે! કદીયે ઘરની એકે વાત કોઈને ન કહે. પૂછે તો ઊલટું ઊંધું કહે!

બા, કાંઈ સમજુ! પારકાં ઈ પારકાં ને પોતાનાં ઈ પોતાનાં. બરાબર પોતા-પારકાનો ભેદ સમજે છે.

બા, કાંઈ ચતુર! આપણે કહીએ કે કાકીમાને કહેજે ઘરમાં કોઈ નથી; તો એવું ઠાવકું મોં રાખીને બોલે કે એમ જ લાગે કે બચલી સાવ સાચું બોલતી હશે!

૨

મારી બચલી તો, બા, સાવ ભાન વગરની છે. આટલાં બધાં રમકડાં આણ્યાં, પણ ભાઈબંધોને જ આપી દે છે!

બા, એ તો સાવ ભોટ જેવી; સમજે જ ત્યારે કે? ઘરમાં જે થાય તે બહાર જઈને કહી આવે; પેટમાં શું રખાય ને બીજાને શું કહેવાય એની ખબર જ પડે તો કે?

બા, ઈ તો સાવ અજડ જેવી; આ આપણું ને આ નહીં, એટલીયે ખબર ન મળે! કોક આવે તો આ પાથરીને બેસે ને જે માગે તે આપે.

બા, ઈ તો તમારે સાવ ભોળી ભટાક! જરાય ખોટું બોલતાં આવડે તો કે? જેવું મનમાં એવું મોઢે. ઊલટાં આપણને પાડોશી આગળ ખોટાં પાડે!

*

શું કામ?

બાએ મને કાઢી મૂકી. શું કામ મને કાઢી મૂકી? હું તો એને કહેવા ગઈ હતી કે કાચ મને જડ્યો. એમ કહેવા ન જવાય?

બાપા મને વઢ્યા. શું કામ મને વઢ્યા? હું તો બતાવવા ગઈ'તી કે શાહીથી ચીતર કેવાં કર્યાં છે. બાપુને બતાવવા ન જવાય?

બાએ મને મારી. શું કામ મને મારી? હું સાબુનાં ફીણ કરતી'તી. રાતાપીળા રંગ જોતી'તી. રાતાપીળા રંગ ન જોવા?

બાપાએ મને પાપી કીધો. શું કામ મને એવો કીધો? કેવું સરસ પતંગિયું હતું! હું તો એમને બતાવવા ગયો હતો. પાપી એટલે શું હશે?

બાએ મને બાયલો કીધો. શું કામ મને બાયલો કીધો? બંગડી મેં પહેરી જોઈ; જોયું કે કેવી લાગે છે. સરસ લાગતી હતી. પણ બંગડી પહેર્યે બાયલો કેમ?

બાપાએ મને મૂરખો કીધો. શું કામ મને મૂરખો કીધો? ન ગમ્યું તો ન ગાયું. પરાણે કાંઈ ગમે? ને મૂરખ એટલે ન ગાનાર?

ભાઈએ મને ધક્કો માર્યો. શું કામ એણે ધક્કો માર્યો? મેં એટલું પૂછ્યું કે ચાલને ભાઈ રમીએ. ન રમે તો કાંઈ નહીં, પણ એમાં ધક્કો શું કામ મારે?

બહેન કહે, ખસ આઘી. શું કામ મને ખસ કહે છે? હું તો ત્યાં ઊભી હતી; કીડીઓને જોતી હતી. મારે ક્યાંય જવું નો'તું. શું કામ મને ખસ કીધું?

*

તમને હોંશ થઈ

આમને હોંશ થઈ કે આપણે બાળકને માટે કંઈક કરવું તો જોઈએ. તમે એક જ કંઈક કરવા માગો છો. તો શું કરશો?

છોકરાંને મારવાં નહીં.

ધારો કે તમે કંઈક બે વાનાં કરવા માગો છો. તો શું કરવું?

બાળકને વઢવું નહીં; તેનું અપમાન કરવું નહીં.

ધારો કે તમારે કંઈક ત્રણ કરવાં છે. તો શું કરવું?

તો બાળકને બિવરાવવું નહીં, બાળકને લાલચ આપી સમજાવવું નહીં, બાળકને ભા-બાપા કરી ચડાવવું નહીં.

ધારો કે તમે બાળકને માટે ચાર કંઈક કરવા ધારો છો. તો શું કરવું?

તો બાળકને વારે વારે શખામણ દેવી નહીં; વારે વારેહુલાવવું-ફુલાવવું નહીં; વારે વારે વાંક કાઢયા કરવો નહીં; વારે વારે રોફ છાંટવો નહીં.

ધારો કે તમે પાંચ કંઈક કરવા હોંશ રાખો છો. તો શું કરવું?

તો બાળકને માગે તે કરી દેવું નહીં પણ તે કરતાં શીખવવું. બાળકને તે જે કરવા માગે તે કરવા દેવું; બાળકના કામને હલકું ગણવું નહીં; બાળકના કામમાં વચ્ચે પડવું નહીં; બાળકનું કામ લઈ લેવું નહીં.

બા, દાડમ આપને?

"બા, દાડમ આપને?"

"ન અપાય. તને તાવ આવ્યો છે. આપું તો શરદી થાય."

"એં...એં...અમને દાડમ આપ. દાડમ, દાડમ!"

"દાડમ ન અપાય. તારે રોવું હોય તો રો, ને ન રોવું હોય તો ન રો..."

"એં...એં...એં..."

"જો રોવું હોય તો બહાર જા. એક-તો તાવ આવે ને દાડમ ખાવું, ને ઉપર જતાં ભેંકડો તાણવો!"

છોટુ બહાર જઈ રડવા લાગ્યો.

માને દયા આવી.

"અહીં આવ તો, છોટુ."

"મને દાડમ આપ. એં...એં...એં..."

"આવ તો ખરો. જો બે દાણા આપીશ."

"એં...એં...એં...અમને આખું આપ."

"આખું ન અપાય. માંદા પડાય. લે, બે દાણા ખા."

"એં...એં...એં...થોડાક વધારે આપ."

"લે. હવે થોડાક વધારે આપું."

"બા, હવે થોડાક વધારે આપ. પછી નહીં માગું."

"લે ભાઈ, હવે છે કાંઈ? હવે એકે દાણો વધારે નહીં."

છોટુ દાડમ ખાઈ રહ્યો.

"એં...એં...એં...અમને એક આખો ભાગ આપ. લખુને કેટલું બધું આપ્યું?"

"પણ એ તો સાજો છે, ને તું માંદો છે. તને નહીં મળે."

"એં...એં...એં...અમને ન આપે ને લખુને આપે!"

"જા, મારા રોયા! એટલું બધું ખાઈ ગયો ને હજી પાછો અકારા કરે છે! જા, હવે તો એક દાણો નહીં આપું."

"એં...એં...એં..."

"હવે તું તારે બહાર જઈને રોયા કર. હવે બોલાવવાની જ નથી."

છોટુ રડવા લાગ્યો.

માને ફરી દયા આવી.

"આ લે છોટુ, આ આટલું રહ્યું છે. હવે બધું આપી દઉં છું. ખાઈ જા."

છોટુ ખાઈ જઈને કહે: "એ પણ થોડુંક પાણિયારે રાખ્યું છે ને કહે છે કે બધું આપ્યું! અમને બધું આપી દે."

"જા, રોયા ચામઠા! હવે તો એક દાણોયે નહીં આપું, તું તારે રો."

આટલું દાડમ ખાધું તોયે પાછું છોટુને રડવાનું તો રહ્યું જ.

કારણ? એની બાની નબળાઈ.

આવે વખતે છોટુને આપવું કે ન આપવું તેનો વિચાર પહેલેથી જ કરવો. પછી આપવું હોય તેટલું જ આપવું છતાં બાળક રડે તો ગણકારવું નહીં; પીગળી જવું નહીં. બાળકને ખાતરી થવા દેવી કે માગણી ચાલશે નહીં. માંદા બાળકને દુઃખ દેવાનો હેતુ ન હોય; તેને પ્રસન્ન રાખવું ઘટે છે. પણ તેને માંદું પડે તેવું આપીને તો નહીં જ! તેને બીજી પ્રવૃત્તિ આપીને રડવામાંથી બચાવી લઈ શકીએ તો વધારે સારું.

*

ટીકા અને કદર

૧

"એ છોકરા! આ વાળ તો સરખા રાખ? વાઘરા જેવો લાગે છે."

"સુશીલા! અત્યારમાં આ ક્યાં આદર્યું? મૂક કોરે. બીજો ધંધો છે કે?"

"જોને, ઘરમાં સૌનાં કપડાં રખડે છે. આ તે ઘર છે કે ધોબીની દુકાન છે?"

"એ છોકરા! અત્યારે આરડવા ક્યાં લાગ્યો? આ તો બપોર છે. તેં તો માથું પકાવ્યું!"

"જોને, માથું ઓળતાં આવડ્યું છે?"

"જોને કોટ કાંઈ મેલો પહેર્યો છે!"

"જોને, હાથ કાંઈ ધોયા છે! આ ધૂળ તો ચોંટી છે."

"જોને, કાંઈ ખાતાં ખાતાં એઠું પડ્યું છે!"

"આ ચોપડી તો ઊંધી ગોઠવી છે? જો ચોપડીઓ ગોઠવી!"

"જોને, ચાંદલો કરતાં આવડ્યો છે? ક્યાં જાતો ઊંચે ક્યો છે!"

"વાળ્યું ખરું, પણ પગે તો ધૂળ ચોંટે છે!"

"ચોખા બધા દઝાડી દીધા. ધ્યાન રાખે છે?"

૨

"બચુ, આ વાળ તો કોઈએ સરસ કાપ્યા છે! હવે એ ઓળવાથી વધારે સરસ લાગશે."

"બહેન, જો પણે શાક છે તે સુધારી નાખને! આ કામ જરા પછી લેજે."

"ચાલ તો, આ કપડાં ઉપાડી લઈએ. બધાં ધૂળે ભરાય છે; જરા મૂકી દઈએ."

"અરે ભાઈ, આમ આવ. જો સંગીત સાંજે કે સવારે શોભે. અત્યારે જરા વાંચીએ — લખીએ."

"માથામાં તેલ સરસ નાખ્યું છે!"

"કોટનાં બુતાન ટંકાવ્યાં? સારું કર્યું."

"હાથ ઠીક ધોવાયા છે; ઘણી બધી ધૂળ તો વહી ગઈ છે."

"કાલે તો આના કરતાં વધારે પડ્યું હતું; હવે ખાતાં આવડતું જાય છે."

"વાહ! આ ગોઠવણ તો સારી થઈ છે. આ ચોપડી જરા આમ મૂકું?"

"હવે ચાંદલો તું હાથે કરતાં શીખી. હવે ઠીક થશે."

"ઠીક વાળ્યું છે; બીજી વાર વાળશો એટલે બધી ધૂળ વહી જશે."

"ઠીક થયું, વહેલા ઉતાર્યા; નહીંતર સાવ દાઝી જાત. કાલથી ધ્યાન રાખજે."

*

જરા વિચાર્યું હોત તો?

કોઈએ મને કહ્યું કે બાબુએ ચીમની ફોડી, ને સાંભળતાંવેંત મારો પિત્તો ઊછળ્યો.

સફાળો ઊઠ્યો ને બાબુને બે તમાચા લગાવી દીધા.

બાબુ હેબતાઈ જ ગયો. પહેલાં તો તે કંઈ બોલી જ ન શક્યો; અને પછી તે ખૂબ ખૂબ રડવા લાગ્યો.

પણ મને ખબર પડી કે ચીમની તો ગઈ કાલે સાફ કરતાં એની બા વડે તૂટી હતી.

મને ઘણો પસ્તાવો થયો. મેં બાબુને પાસે બોલાવ્યો ને મૂંગાં મૂંગાં પંપાળ્યો; બાબુ ડૂસકાં ભરતો હતો, તે મારી પાસેથી દૂર ગયો ને વધારે રડ્યો.

o

ચંદ્રા હીંડોળેથી પડી ને ચીસ નાખી રડવા લાગી. ઘરમાંથી એની બાએ બૂમ પાડી: "એ રતિયા, પાછી એને પછાડી કે?"

સાંભળતાં જ હું વાંચતો હતો એ ચોપડી રતિયા ઉપર ફેંકી ને તેને માથામાં જોરથી લાગી. તે રડતો રડતો બેસી ગયો.

ચંદ્રાએ થોડી વારે કહ્યું: "બાપુ, રતુભાઈએ મને નહોતી પછાડી. એ તો હું સરી પડી હતી. રતુભાઈને શું કામ માર્યો?"

મને ખૂબ લાગી આવ્યું. રતુને મેં પાસે બોલાવ્યો, પણ તે મારી પાસે આવ્યો જ નહીં. તેણે ક્યાંય સુધી રડ્યા કર્યું; મારી સામે પણ ન જોયું.

o

ઘરમાં બાબી અને જીવન દોડાદોડ કરતાં હતાં. હું વાચવાના ઓરડામાં બેઠો હતો. મેં એની બાને બોલતાં સાંભળી: "અરે, આ તે હવે કેમ ખમાય?"

સાંભળીને હું બહાર આવ્યો તો ઘરમાં દૂધ ઢોળાયેલ હતું ને છોકરાની બા સાફ કરતી હતી. મારો મિજાજ ગયો. જોરથી ઘાંટો પાડી છોકરાંને બોલાવ્યાં: "આમ આવો, તોફાની!" છોકરાં સમજ્યાં નહીં કે કોણ જાણે, પણ તેઓ તો

ઘરમાંથી ફળિયામાં દોડતાં હતાં. મેં ત્યાં જઈ તેમને એક એક લગાવી દીધી ને વાંચવાના ખંડ તરફ પાછો વળ્યો. મારા કાન પર બન્નેના રડવાનો અવાજ આવતો હતો.

દૂધ લેતી લેતી એની બા બોલી : "શું કામ એમને નકામાં માર્યાં ? દૂધ તો બિલાડીએ ઢોળ્યું હતું. એ તો બિચારાં એને હાંકવા દોડ્યાં હતાં."

હું ખસિયાણો પડી ગયો. છોકરાંઓને શું મોઢું બતાવવું ? તેઓ મારી પાસે રાત સુધી આવ્યાં જ નહીં. હું તેમની પાસે જઈ શક્યો નહીં !

o

નલિની અને નાનુ એના ઓરડામાં રમતાં હતાં. હું બાજુની ઓરડીમાં લખતો હતો. એકાએક નલિનીએ ચીસ પાડી. હું ભડક્યો ને ત્યાં દોડ્યો. વગર તપાસે નાનુનો કાન ખેંચી થપાટ લગાવી. "આટલી નાની છોડીને રડાવે છે ? હજી સમજતો નથી ?" પણ ત્યાં તો નલિની હસી પડી. એ કહે : "કાકા ! એ તો અમે ગંમત કરીએ છીએ; મને કોઈએ નથી રડાવી."

મને ભાગતાં ભોં ભારે થઈ પડી. રડતી કરડી આંખે નાનુ મારી સામે જોઈ રહ્યો. મને મારી જાતને ધિક્કારવાનું મન થયું. નાનુ તે દિવસથી મારી ઓરડીની બાજુમાં રમતો નથી.

o

ઘરમાંથી આવીને એણે કહ્યું : "આને કંઈ કહેવું છે ? મારું કહ્યું તો કરતો નથી ને ઊલટા જવાબ આપે છે. ચંપક મને તો ગાંઠતો જ નથી !"

મારી લગામ ખસી ગઈ ને ચંપકને મેં ચખાડી દીધી : "કેમ અલ્યા, શું સમજે છે ?"

ચંપક બોલ્યો નહીં. આંખમાં આંસુ આવ્યાં. તે બહાર ચાલ્યો ગયો. ચંપક મોટો હતો ને સમજુ હતો.

બીજે દિવસે તે મારી પાસે આવ્યો ને ખુલાસો કર્યો કે એની બાનું કહેવું તદ્દન અતિશયોક્તિભરેલું હતું. પોતે કહ્યું કરતો જ હતો, પણ બાને બહુ અધીર આવી ગઈ હતી.

મને ચંપકની માફી માગવાનું મન થયું. પણ ન બની શકયું. મારા મનને ઘણું દર્દ થયું.

o

જીવી ને રસુ ને વસુ કૂંડીમાં નાહવા પડેલાં. અરધાએક કલાકથી પડેલાં હશે. પણ હું ગામમાંથી આવ્યો ને એની બાએ કહ્યું: "આ કયારનાં બે કલાકથી નહાય છે ને નીકળવાનું કહું છું પણ નીકળતાં નથી."

મેં કહ્યું: "ચાલો, નીકળી જાઓ ઝટ! ઝટ નીકળો."

પણ છોકરાં નાહવાની મજામાં હતાં. મને ગુસ્સો આવ્યો. મગજ તપ્યું ને મેં તેમને ખેંચી ખેંચીને બહાર કાઢયાં ને ધક્કા મારીને દૂર કર્યાં. તેમનાં બાવડાં વીંઝી નાખ્યાં.

તેઓ હસતાં હતાં તેનાં રડતાં થઈ ગયાં.

કોઈએ કહ્યું: "ભાઈ, એ બિચારાં હમણાં જ નાહવા પડયાં હતાં; ને આ તો ઉનાળો છે. જીવી વહુને તો એવી વધારીને બોલવાની ટેવ જ પડી છે.

મારું મોં પડી ગયું. મને થયું, ખરેખર ભૂલ થઈ. મેં છોકરાંને કહ્યું: "કાલે ખૂબ નાહજો."

તેઓએ કહ્યું: "નથી નાહવું અમારે."

મને થયું: "ઠીક વાણીનો પ્રહાર થયો!"

o

ઑફિસમાંથી આવું છું તો વિનુએ મારી લાલ શાહી વાપરી નાખેલી. એનાથી એણે ભીંત પર લીટા કાઢેલા; કાળી શાહીથી એણે મોં ઉપર ચાંદલા કર્યા હતા, ને લૂગડાં ને હાથ બગાડેલા હતા. એ દેખાવ જોઈ મારો ગુસ્સો ફાટી નીકળ્યો: "વિનુડા! આમ આવ, હરામખોર! આ ભીંત બગાડી, મોઢું બગાડયું, આ શું કર્યું?"

વિનુ નાસવા ગયો, પણ ત્યાં તો મેં એને બૂટ સુધ્ધાં ઘરમાં જઈ પકડયો ને ત્રણ-ચાર સોટી લગાવી દીધી. વિનુ ખૂબ રડયો. વાળુ પણ ન કર્યું; એમ ને એમ સૂઈ ગયો. રાતમાં તે રડી ઊઠયો ને રડતાં રડતાં બોલ્યો: "એ બાપાજી, મારો મા! એ બાપાજી, મારો મા!"

હું છાપું વાંચતો બેઠો જ હતો. મારા દિલમાં કારી ઘા લાગ્યો. શા માટે મેં એને માર્યો? કેવી એની કરુણાજનક ચીસ છે! મેં વિનુને પંપાળ્યો, પાણી પાવા પ્યાલો ધર્યો; પણ આંખ ઉઘાડી મને દેખી મોં ફેરવી ગયો. એની બાએ પાણી આપ્યું ત્યારે પીધું.

મને થયું કે હું ખરેખર રાક્ષસ બની ગયો હતો. એણે એટલી શાહી બગાડી એમાં મેં એનું કેટલું બગાડ્યું!

o

હું ચિત્રોની એક સુંદર ચોપડી જોતો હતો. નાનો રસિક હસતો હસતો આવ્યો ને ચોપડી ખેંચી કહે: "બા બોલાવે છે. ચાલો, ચાલો, ઝટ બોલાવે છે."

ચોપડી ખેંચાઈ ને ચિત્ર ફાટ્યું. હું ચિડાઈ ગયો. મેં કહ્યું: "જા, નથી આવતો. કેવો જંગલી છે!"

રસિક રડતો રડતો નાસી જ ગયો. એની બાની પાસે જઈને રડી ઊઠ્યો ને રડતો રડતો જ એના ખોળામાં સૂઈ ગયો.

બાએ મને ન જ બોલાવ્યો; એણે મારી ધમકીનો અવાજ સાંભળ્યો હશે.

હું મોડેથી રસોડામાં ગયો. રસિક ઊંઘતો હતો; એની બાનું મોં પડી ગયું હતું; રસિકના ગાલ પરના આંસુના લીટા સુકાઈ ગયેલા તગતગતા હતા.

મને શરમ આવી ગઈ. મને થયું: "ચિત્ર ફાટ્યું તે તો ફાટ્યું જ હતું; પણ આ બાળકના ગાલનું ચિત્ર કાઢી એની કોઈ વાર્તા લખે તો?"

*

આ છોકરો કોનો છે?

૧

આ છોકરો કોનો છે?

આમ છે તો કતડિયા જેવો. આંખ મારકણી છે. પગની પિંડીઓ ભરેલી છે. જે સોંપે છે તે કામ ઝટઝટ કરે છે. બાપા માગે છે તે લાવી આપે છે. "એલા, ઓવર કોટ લાવ." ઓવર કોટ ઢસડી આવ્યો. "એલા, આ કૂતરું હાંક." કૂતરાને એક પથરો માર્યો તે કૂતરું ડાઉં ડાઉં કરતું ચાલ્યું ગયું! "એલા, જા

દુકાને ને બે પૈસાનાં પાન લઈ આવ." દોડતો જઈને બે પૈસાનાં પાન લઈ આવ્યો.

બાપા બહાર ગયા. છોકરો ઘોડી પાસે જઈને હાથ ફેરવવા લાગ્યો. "બાપો, બાપો." છોકરાની માએ સાદ પાડ્યો: "એ છોકરા, જા તો સામે ઘેરથી છાશ લઈ આવ." છોકરો દોડતો દોડતો છાશ લઈ આવ્યો.

છોકરો નવરો પડ્યો. એક સૂતરનો દડો લીધો ને એક ગેડી લીધી. ફળિયામાં એકલો એકલો એક કલાક રમ્યો.

ત્યાં બાપા આવ્યા ને કહે: "એલા જા, બજારે જા. મેં મૂળા લઈ રાખ્યા છે તે ઉપાડી આવ." છોકરો દોડતો ગયો ને લઈ આવ્યો.

૨.

આ છોકરો કોનો છે?

પગથી માથા સુધી કીમતી લૂગડાં પહેર્યાં હતાં. રખેને ટાઢ લાગે ને શરદી થાય માટે એક ઉપર એક એમ ત્રણ કપડાં હતાં. માથે કીમતી કાનટોપી હતી. પગમાં નાનાં એવાં મોજાં ને તેની ઉપર બૂટ હતા. હાથમાં એક કીમતી વીંટી હતી. ગળામાં પણ કંઈક દાગીનો હતો તો ખરો. ચહેરો ચોખ્ખો હતો; વાળ ઓળેલા હતા; હાથ પણ ચોખ્ખા ને ઊજળા હતા.

છોકરો ચાલવા જતો હતો તો તેની પાછળ ચાલનાર તેને ઊંચકી લેતો હતો. છોકરો દોડવા જતો હતો તો નોકર કહેતો હતો: "જાળવજો, પડી ન જાઓ." મોટા ભાગે તો તે તેને દોડવા ન દેતો; તેને આંગળીએ જ વળગાડી રાખતો. ભાઈ ચાલતાં જરા હલી ગયા એટલે નોકરે કહ્યું: "ભાઈ, ખમા!" ભાઈએ પૂછ્યું: "આ શું છે?" નોકરે કહ્યું: "જી, બાપુ, એ તો ગાડું છે." ભાઈએ ટોપી કાઢી નાખવાને માટે હાથ કાન આગળ લીધો. નોકરે કહ્યું: "બાપુ, શરદી લાગે. બાએ ટોપી કાઢી નાખવાની ના કહી છે."

છોકરે પાણી માગ્યું ને નોકર પાણી લેવા દોડ્યો. પાણી લાવતાં વાર થઈ એટલે છોકરે કહ્યું: "એ સુ, ગધ્ધા! કેટલી બધી વાર?" નોકરે અદબથી કહ્યું: "બાપુ, હશે; માફ કરો. હું તો દોડતો આવ્યો છું."

૩

આ છોકરો કોનો છે?

આંખમાં ચીપડા છે; માથે મોટા લાંબા વાળ વધેલા છે; નખમાં મેલ છે ને ખૂબ વધેલા છે. ડિલે આખે ઉઘાડો છે. પગે ને હાથે મેલ છે ને ન નાહવાથી ઓઘરા વળ્યા છે.

હાથમાં બટકું રોટલો છે ને તડકે બેઠો બેઠો ખાય છે. નાકમાં શેડા આવે છે તે સરડ દઈને ઊંચે ચડાવે છે. રોટલો ચડાવતો જાય છે ને હરતોફરતો એક પગે કૂદતો જાય છે.

એની બા નીકળે છે: "એલા હું આવું ત્યાં સુધી અહીં રમજે, હો. આ હમણાં ખડ લઈને આવી." છોકરો કહે: "હું સાથે આવું?" મા કહે છે: "રોયા! ત્યાં શું દાટયું'તું? અહીં પડ્યો રહે; આ લખડો આવ્યો એની સાથે રમ."

બા ગઈ. આસપાસથી એના જેવા છોકરા ભેગા થયા. ધૂળના ઢગલા કરવા માંડ્યા. ઢગલા કરીને એની ઉપર મૂતર્યા. પછી એના ગોળા કર્યા. એમ કરતાં બાઝી પડ્યા ને એકબીજાને ગાળો ભાંડી. પણ થોડી વાર થઈ ત્યાં પાછા ધૂળના ઢગલા કરવા માંડ્યા ને મોટો ડુંગરો કર્યો. પછી બધા ફરતા-ફેરા ફરવા લાગ્યા. આ બાઈનો છોકરો પણ એમાંનો એક હતો.

૪

આ છોકરો કોનો છે?

કેડે કંદોરો, પગમાં સાંકળાં, હાથે વીંટી ને ગળામાં ગળચાવો.

કપડાં મેલાં ને મોં એવું સરખું ઊજળું, પણ ગંદું.

છોકરો બોલે ત્યારે જરા જરા તોતડાય. છોકરાને કાછડી પૂરી પહેરતાં ન આવડે. કંદોરા નીચે માંડ માંડ રહે.

છોકરો ઊઠે કે તરત દફતર-પાટી કાઢે ને આંક લખવા બેસે. આંક બહુ આવડે. છોકરો તોતડું બોલતો બોલતો કવિતાઓ મોઢે કરે:

એક અડપલો છોકરો
જીવો જેનું નામ;
અતીસે કરતો અડપલાં
જઈ બેસે જે ઠામ.

છોકરો દાતણ કરે કે ન કરે તેનું કોઈ ન પૂછે; છોકરો પાઠ કરે તેની કાળજી સૌ રાખે.

છોકરો રોજ હાટે જાય ને બાપા પાસે બેસે. છોકરો પાઈ, પૈસો, બે પૈસા, રૂપિયો બરાબર સાચવે. છોકરાને પાઈની ટીકડી બરાબર ગણીને દેતાં આવડે. છોકરો બાપાને સંભારી આપે : "બાપા, તમારા ખીસામાં રૂપિયા છે, કોઈ લઈ ન જાય."

*

તમારું બાળક તમને કહે કે —

ધારો કે તમારું બાળક તમને કહે કે, બાપા, હું જરા લખું છું; તાણી તાણીને વાતો કરીને મને ખલેલ ન પહોંચાડો.

ધારો કે તમારું બાળક તમને કહે કે, આજે તો મારા મિત્રો મને મળવા આવ્યા છે એટલે હું જમવામાં મોડો આવીશ.

ધારો કે તમારું બાળક તમને કહે કે, તમે મોટાઓ નિયમિતપણે પોતાનું કામ નથી કરતા એ તો ઠીક નહીં.

ધારો કે તમારું બાળક તમને કહે કે, આજે નિશાળે જવાની જરા આળસ થાય છે; જરા મહેતાજીને ચિઠ્ઠી લખીને મોકલાવોને કે આજે એ નહીં આવે.

ધારો કે તમારું બાળક તમને કહે કે, તમે કપડાં ગંદાં રાખો છો, જોડા મેલા રાખો છો તે કાંઈ સારું નહીં; એવું અમને નથી ગમતું; એવું મોટાઓને શોભે નહીં.

ધારો કે તમારું બાળક તમને કહે કે, જુઓ બા, એમ જૂઠું ન બોલીએ; જૂઠું બોલવાથી પાપ લાગે. જુઓ, કાલથી સાચું બોલજો.

ધારો કે તમારું બાળક તમને કહે કે, પૈસા કાંઈ નાખી દેવા માટે નથી; નકામી ચોપડીઓ ને કપડાં ને એવું લીધા કરો છો તે ઠીક નહીં.

ધારો કે તમારું બાળક કહે કે, જુઓ, તમને અમારી સાથે બરાબર વર્તતાં નથી આવડતું માટે તમારે બાળકો પ્રત્યે કેમ વર્તવું તે બાબતમાં અમુક ચોપડી વાંચવી.

ધારો કે તમારું બાળક કહે કે, જુઓ, તમે બા-બાપા અંદર અંદર લડશો તો તમને ઘરમાં આવવા નહીં દઈએ, તમને જમવા નહીં દઈએ.

ધારો કે તમારું બાળક કહે કે, તમને બરાબર કામધંધો નથી આવડતો માટે માસ્તર રાખવો પડશે. ... તો?

*

કોણ વધારે કેળવાય છે?

પૂનો અરધે ઉઘાડે ડિલે સૂરજના તડકામાં આથડે છે ને ટાઢ ઉડાડે છે.

ઉષઃકાન્ત શરીરને ગરમ કપડાંથી લપેટીને સગડી પાસે બેઠો છે.

પૂનો ઘર પાસે આવેલા કૂતરાને હાથમાં પથરો લઈ ઝટ કરતો હાંકી કાઢે છે.

ઉષઃકાન્ત કૂતરો જોઈ રડતો રડતો પાછો ભાગી બાને બોલાવે છે.

પૂનો ખોબો વાળી ઉપરથી રેડાતું પાણી ગટક ગટક પી જાય છે.

ઉષઃકાન્ત પાણી પીતાં પીતાં પ્યાલું ઢોળે છે ને લૂગડાં પલાળે છે.

પૂનો ઘરની ગાય અને ભેંસને હાથમાં દંડીકો લઈ પાવા જાય છે.

ઉષઃકાન્ત તેની ભેંસ કે ગાય સામે મળે છે ત્યારે "બા" કરતો ભાગે છે.

પૂનો સવારે અરધો રોટલો ને છાશ શિરાવે છે ને બપોર પહેલાં ભૂખ્યો થાય છે

ઉષઃકાન્તને દૂધ ભાવતું નથી ને ચાનો એક પ્યાલો લીધા પછી બપોર સુધી ભૂખ્યો થતો નથી.

પૂનો દોડાદોડ સાત ટાપલીઓ દાવ રમે છે ને ક્રમે કરી હાથમાં આવતો નથી.

ઉષઃકાન્ત રમવાની જ ના પાડે છે. તે કહે છે: "મને રમવું ન ગમે; હું તો પડી જાઉં!"

પૂનો કરોળિયા જાળાં ક્યાં બાંધે છે તે શોધવા જાય છે; તે કાબરનાં ઈંડાંને શોધી જાણે છે. એને આંબે ચડીને ફેરી ઉતારતાં આવડે છે; ભેંશે ચડીને ઢોરને પાણી પાવા જતાં આવડે છે; અંધારામાં તારાને અજવાળે ચાલતાં આવડે છે.

ઉષઃકાન્ત ઘરમાં બેઠો બેઠો કરોળિયાની ને કાબરનાં ઈંડાંની વાતો વાંચે છે; આંબાના અને તારાના પાઠોની નકલ કરતાં તેને સારી આવડે છે; તેના અક્ષર સારા છે.

*

બા, હું તને અબોટ કરાવું?

"બા, હું તને અબોટ કરાવું? લે તું પાણી નાખ ને હું વાળું."

"લે રાખ, રોયા બાયલા! અબોટ તો છોકરીઓ કરે!"

o

"બા, હું આ ઘર વાળી નાખું?"

"રોયા, ભીખાને પગાર મફતનો આપીએ છીએ? વાળવાવાળો થજે વાળવાવાળો!"

o

"બા, જો તો! મેં આ મારો રૂમાલ હાથે ધોયો!"

"હવે આઘો ખસ, આ આખું પહેરણ પલાળ્યું ને પગ ગારોગારો કર્યા! મારે તે લૂગડાંય કેટલાં ધોવાં?"

o

"બા, પણે જીવીકાકીને ઘરે હીંચકો બાંધ્યો છે તે હીંચકવા જાઉં?"

"ત્યાં ક્યાં જતો'તો? હાથપગ ભાંગે તો મારાથી ચાકરી થાય એમ નથી. નથી જવું ત્યાં."

o

"બા, આ મારાં ને બહેનનાં લૂગડાં સંકેલું?"

"રોયાને કાંઈ ધંધો છે? મૂક લૂગડાં કોરે; ખસ આઘો!"

o

"જો બા, હું આ કેવા નાના નાના રાતા ને પીળા કાચના કટકા લઈ આવ્યો! ઓલી પારેખની વંડી પાસે પડ્યા'તા."

"એ એને નાખી આવ, ઓલ્યા ખાડામાં. ઘરમાં લાવ્યો છે તે કોકના પગમાં લાગશે તો છ મહિનાનો ખાટલો થશે. એ તો ભાળ્યા તારા કાચ!"

o

"બા, આ સોયમાં દોરો પરોવી દેને?"

"વળી સોય-દોરા ક્યાંથી લીધા? આનું તે શું કરવું? કાંઈ બીજો કામધંધો છે કે નહીં? મૂકી દે સોય."

o

"બા, આપણા ઘરની વાંસે છાંયો છે ત્યાં વીજુ સાથે રોટલો રોટલો રમવા જાઉં?"

"ઠીક, હવે; બાકી રહ્યું હોય તો ઈ કર્ય. બાપુ, ઈ વીજુડી હારે મારે નથી રમવું. ને એની માને મારાથી નો પોં'ચાય! રમવામાં ને રમવામાં આટલી હોળાયા જેવડી તો થઈ છે!"

"તે હું ને વીજુડી તો કંઈ બાધતાં નથી; અમે તો ભાઈબંધ છીએ."

"હવે આઘો જાને, નહીં જોઈ હોય તમારી ભાઈબંધી!"

o

"ત્યારે બા, મારા બાપા કહી ગયા છે કે આ ખડિયો સાફ કરજે; તે હું કરું?"

"હવે બાકી રહ્યું હોય તો ઈ કર્ય. ઈ મારે કાળા હાથ ને કાળું મોઢું નથી કરવું. તારા બાપાને કંઈ કામ નહીં તે કીધા કરે!"

o

"ત્યારે બા, હું આ ગરિયો ફેરવું?"

"અત્યારે ખરે બપોરે તે ગરિયો હોય? કાંઈ વખત તો જો. કંઈક કામ કર્ય કામ રોયા! આ કરું ને તે કરું એમ પૂછ્યા શું કરે છે?"

"પણ ત્યારે કરું શું?"

"શું કેમ? બધા છોકરા શું કરતા હશે?"

"પણ તું મને ક્યાં કંઈ કરવા દે છે? તું તો બધાની.ના જ પાડે છે!"

"તે ન કરવાનાં કામ કેમ કરવા દે?"

"ત્યારે કરવાનું કામ કયું?"

"એ મારું લોહી પી મા. તારા કાકા આવશે ત્યારે કહીશ; એ તને કામ બતાવશે."

માબાપ થવું આકરું છે

બાળકમાં અશ્રદ્ધા

નાનું છોકરું પોતાનામાં શક્તિ આવી છે એની ખાતરી રાખી તપેલું લઈને માને દેવા જાય છે. મા કહે છે: "મૂકી દે, તારાથી નહીં લેવાય."

છોકરો મહેનત કરી નિસરણીએ ચડવાની શક્તિ મેળવી બે પગથિયાં પછી ત્રીજે પગથિયે ચડવા જાય છે, ત્યાં બાપ કહે છે: "હેઠો ઊતર; હજી ચડવા જેવડો નથી. પડીશ તો હાડકાં રંગાઈ જશે."

છોકરું પોતાની આંગળીની સંભાળ રાખીને શાક સુધારે છે કે પેનસિલની અણી કાઢે છે. બાપ ખિજાઈને કહે છે: "છરી હેઠે મૂકી દે; નાને પંડે નાનો ને મોટાંનું કામ કરવા જાય છે?"

છોકરું કહે છે: "હું તો હવે આવડો મોટો ખાડો ટપી જાઉં. હવે તો હું આવડો મોડો પથરો ઉપાડું." ઘરમાંથી કોઈ કહેશે: "બાપુ! મકોડાની કડ સંભાળજે."

બારણું ન ઊઘડતું હોય ને છોકરું કહેશે: "લાવો હું ઉઘાડી દઉં." બધા એને ભોંઠું પાડીને કહેશે: "કાંઈ છોકરાથી છાશ પિવાતી હશે?"

મોટાંઓ કોઈ મુશ્કેલીના પ્રસંગે કોઈ ગૂંચ ઉકેલતાં હોય છે એટલામાં છોકરું આવીને પોતાની દૃષ્ટિએ કાંઈક માર્ગ બતાવવા બોલે છે. બધાં કહે છે: "આ જોને, કુંભાર કરતાં ગધેડાં ડાહ્યાં!"

છોકરી દાળશાક વઘારવા માગે. બા કહેશે: "દાઝી જઈશ." છોકરી કહેશે: "ચોખા સમા કરવા આપો." બા કહેશે: "ઢોળી નાખીશ; આવડે નહીં."

આમ ને આમ કહીને આપણે બાળકમાં તેની જાત પ્રત્યે અશ્રદ્ધા ઉત્પન્ન કરીએ છીએ. બાળકો અમુક વખતે અમુક કામ શીખવા માગે છે. તે વખતનો તેમનો ઉત્સાહ જબ્બર હોય છે. નવું જાણવાની વૃત્તિ અંદરથી આવેલી હોવાથી દરેક કામમાં તેમને રસ પડે છે, ને તેથી તેઓ પોતાનું કામ પૂરેપૂરી એકાગ્રતાથી

કરે છે. તે વખતે તેઓ જાતને સંભાળવાની કાળજી રાખી શકે છે; તે વખતે અમુક આમ થાય અને અમુક તેમ થાય એમ બતાવવામાં આવે તો તેઓ ભૂલ ન થાય માટે અસાધારણ ચિંતા રાખીને કામ બજાવે છે. તેમના વિકાસ માટે જોઈતી પ્રવૃત્તિ તેમને મળતી હોવાથી તેમના ચહેરા ઉપર આનંદ હોય છે; શરીરમાં ચેતન હોય છે. પ્રત્યેક પળે તેઓ જેમ જેમ કામ કરતા જાય છે, તેમ કામ કરવાની તેમની શક્તિમાં વિશ્વાસ વધતો જાય છે. એ વધેલા વિશ્વાસને લીધે આપણને તે કહે છે: "કરી શકીશ; મને કરવા દો. મને આવડે છે!" અને જો કરવા નથી દેતાં તો ઘણી વાર કજિયા કરે છે, ને માર પણ ખાય છે.

પણ વારંવાર ના પાડવાથી અને નહીં થાય એમ કહેવાથી બાળક પોતાની જાતમાં વિશ્વાસ ખોઈ બેસે છે. પછીથી પોતે કામ કરતાં જ ડરે છે. કામ કરવા જતાં માબાપનું વચન તેને સાંભરે છે ને તે મૂકી દે છે. પોતે એમ માને છે કે, ચોક્કસ પોતાથી નહીં થાય. તેને જો કોઈ કહે છે: "પાટલો લાવને?" તો તે ના પાડે છે. પરાણે લવરાવે છે તો પાટલો પડી જાય છે ત્યારે રડે છે. કારણ પૂછતાં જણાય છે કે તે એમ માને છે કે, "પોતાથી તે ન બની શકે. પોતે કેમ કરી શકે?"

ચંદુભાઈની માએ એનામાં અવિશ્વાસનું ઇંજેક્શન કરેલું. તેને મેં કહ્યું: "ભાઈ! ચાલો આ પુલ ઉપર."

તે કહે: "મારાથી નહીં અવાય. ડૂબી જાઉં."

મેં કહ્યું: "કોણ કહે છે?"

"મારી બા કહેતી હતી."

"ચંદુભાઈ! પેલો પથરો લાવો."

"હું નહીં લાવું."

"કેમ?"

"મારાથી નહીં ઊપડે."

"કેમ જાણ્યું?"

"મારી બા કહે છે કે મારાથી ન ઊપડે."

"પણ હું કહું છું કે ઊપડશે. ચાલો, આપણે ઉપાડી જોઈએ."

છેવટે મેં એની સાથે રહી એ કામ થઈ શકે છે એવી તેને ખાતરી કરાવી ત્યારે તે હસ્યો ને પછી વિચારમાં પડ્યો.

તે દિવસથી તે છોકરામાં ઘણો ફેરફાર થયો. ગયેલી શ્રદ્ધાનું કિરણ તેનામાં ફરી વાર પ્રગટ્યું.

આપણે બાળકોમાં અશ્રદ્ધા પેદા કરી તેમને અશક્ત કરી નાખીએ છીએ. ખરી રીતે બાળકોમાં આપણો અવિશ્વાસ કે અશ્રદ્ધા એ આપણા પોતાનામાં જ અવિશ્વાસ કે અશ્રદ્ધા છે. આપણે બાળકોમાં વિશ્વાસ રાખવાની હિંમત કેળવવી જોઈએ. થોડી પણ શ્રદ્ધા રાખશું તો જરૂર તેઓ આપણને ખાતરી કરી જ આપશે કે તેઓ ઘણી વધારે શ્રદ્ધાને પાત્ર છે. બાળક નાનું છે પણ મનુષ્ય છે; તે મનુષ્યત્વ ખીલવવા મથી રહ્યું છે. આપણું કામ તેનામાં વિશ્વાસ મૂકી તેને આગળ જવામાં મદદ કરવાનું છે. આપણે બાળકમાં વિશ્વાસ રાખીએ.

*

ટોકણી

જેઓને વારંવાર દવા લેવાની ટેવ પડી ગયેલી હોય છે તેઓને દવા બહુ જ થોડી અથવા સાવ જ નહીં જેવી અસર કરે છે. દાક્તરને દિનપ્રતિદિન દવાનું પ્રમાણ વધારવું જ પડે છે. દાક્તરો આવા દરદીઓને 'ક્રોનિક પેશન્ટ્સ' કહે છે. દાક્તરો દવા આપ્યા કરે છે, દરદીઓ દવા પીધા કરે છે, રોગ આગળ વધે છે, ને જીવન ઘસાતું જાય છે!

આનું કારણ શું? મૂળ કારણ માણસ માંદો પડ્યો તેમાં છે. તેણે જો આરોગ્ય જ સાચવ્યું હોત તો તેને દવા પીવી ન પડત; બીજું કારણ દાક્તરે તેને નીરોગી રહેવાને માર્ગે મૂકવાને બદલે માત્ર રોગ જ મટાડવાનો પ્રયત્ન કર્યો; ત્રીજું કારણ રોગ જેમ જેમ ન મટતો ગયો તેમ તેમ વધારે ને વધારે તેજ ડોઝો આપવામાં આવ્યા. હવે દાક્તરો અને શરીરશાસ્ત્રીઓ માનવા લાગ્યા છે કે આ દવાના ઉત્તેજકો અને મંદ પરિણામોમાંથી મુક્તિ આપવા માટે દવાખાનાને બદલે આરોગ્યગૃહો બાંધવાં જોઈએ; દાક્તરોની જગ્યાએ હવે આરોગ્યશાસ્ત્રીઓએ આવવું જોઈએ; દવા લેવા દોડનાર દરદીને દવાને બદલે પહેલેથી શુદ્ધ હવા ખવડાવવી જોઈએ.

આ વિચારસરણીથી બાલશિક્ષણમાં ટોકણીના સ્થાનને જોઈએ. આપણને વારંવાર માબાપો તરફથી કહેવામાં આવે છે કે, "ભાઈ! આ છોકરાંઓનું તે શું કરવું? કહી કહીને થાકી જઈએ છીએ પણ છોકરાંઓ તો સાંભળતાં જ નથી. એક વાર કહીએ છીએ તે તો જાણે કાન તળે જ કાઢે છે! પાંચ-પચાસ વાર કહીએ ત્યારે જરાક ધ્યાન આપે છે. આનું તે કરવું શું? જેમ વધારે કહીએ છીએ એમ વધારે ગણકારતાં નથી. આનો કંઈ ઉપાય?"

ઉપર જોયું કે દવાઓ જેમ વધારે લેવાય તેમ તે વધારે લેવાની જરૂર પડે છે, ને ત્યારે જ તે અસર કરતી દેખાય છે. ટોકવાની બાબતમાં પણ એમ જ છે. જેમ વધારે ટોકતા જઈએ તેમ ટોકવાનું વધારે ને વધારે વધતું જ જાય છે. જેમ દવા લાંબે વખતે કામ નથી કરતી પણ સદી રહે છે, તેમ જ લાંબે વખતે તેનાં તે જ વચનો અસર નથી કરતાં; સાંભળનાર રીઢો થઈ જાય છે. તેને થાય છે કે, "એ તો કહ્યા કરે. રોજનું થયું; દિવસ આખાનું થયું; કહેવાની એક ટેવ પડી. આપણે તો કરીએ છીએ તે કર્યા કરીએ!" ટોકવાથી આવી માનસિક વૃત્તિ બાળકમાં પણ આવે છે.

મૂળ દોષ બાળકો સાથે કામ કેમ પાડવું તેમાં છે. મોટે ભાગે બાળક આપણું કહેવું સાંભળવા ને તેમ કરવા ખુશી હોય છે. તેની સ્વાભાવિક મનની વૃત્તિ તંદુરસ્ત હોય છે. તે ઊલટું ના પાડયા છતાં કામ કરવા દોડે છે; કામ ના દઈએ તો તે રડે છે. પરંતુ આપણે જ તેની આ નીરોગી અને સ્વાભાવિક વૃત્તિને અનારોગી અને માંદી કે વિકૃત કરી રાખીએ છીએ. જ્યારથી આપણે બાળકમાં રહેલી કામ કરવાની, કહ્યું કરવાની, આપણને સાંભળવાની વૃત્તિને રોકીને અટકાવીએ છીએ ત્યારથી ટોકવાનું કામ શરૂ થાય છે. એક વાર બાળકનો સ્વાભાવિક જુસ્સો રોકયો એટલે તે પાછું પડયું; તેને આઘાત પહોંચ્યો; તે પાછું વળ્યું; તેના કાન બંધ થયા; તેના અંતરમાં આપણો અવાજ જતો અટકયો. આપણે જ તેના કાન બહેરા કર્યા, અને આપણે જ તે નથી સાંભળાતું તેની ફરિયાદ કરવા બેઠા! તેનો ઉપાય પૂછવા નીકળ્યા! આપણે જ તેને માંદું પાડયું ને દવા આપવાની શરૂઆત કરી. પરંતુ પ્રશ્ન એ છે કે રોગ લાગુ થયો તેનું શું? જેમ જેમ ટોકણીનો ડોઝ વધારતા જઈએ છીએ, તેમ તેમ તે વધારે ને વધારે ગંભીર થતું જાય છે. અને બરાબર આમાં ન સાંભળવાનો, ન માનવાનો માનસિક

રોગ જડ ઘાલી બેઠાનું મૂળ છે. બેશક દરેક વધારેલા ડોઝથી બાળક થોડો વખત સાંભળશે, માનશે; પરંતુ જેમ બીજા ઉત્તેજકોથી શરીર આખરે પાછું પડે છે, તેમ જ ગાળો વગેરે ટોકણીથી ઉત્તેજિત થયેલ મન પાછું પડે છે ને વધારે મંદ થતાં વધારે ટોકણી માગે છે. આખરે તો તે સાવ હાથથી જાય છે. તેને કશા શબ્દોની અસર થતી નથી — જેમ આખરે કોઈ પણ દવા પેટમાં રહેતી જ નથી તેમ. આપણે ટોકણીના ઉત્તેજકોથી બાળકને દૂર રાખીએ. તેને દવાને બદલે હવા આપીએ. તે જ્યારે સ્વાભાવિકપણે આપણું કહ્યું કરવા અને સાંભળવા તૈયાર હોય છે, ત્યારે તેની તેમ કરવાની મરજી અને શક્તિને વધારીએ; અને જ્યારે તેમ કરવાની મરજી ન થાય ત્યારે તેને છોડી જ દઈએ.

✿

વહેમનું શિક્ષણ

ઘૂરને ખોરડે હોલું ચૂધવે છે.

બા કહેશે : "સાંભળ્યું કે, ખોરડે હોલું બોલે છે. રોજ ખોરડે હોલું બોલે તે નહીં સારું."

બાપા પથ્થર મારીને હોલું ઉડાડે છે. નાનું છોકરું જોઈ રહે છે.

ગામમાંથી બાપા આવીને કહે છે : "ધરમધક્કો થયો. હું જાણતો જ હતો કે કાંઈ વળશે નહીં; સામી વિધવા મળી હતી."

રાત પડી; ચીબરી ચબચબી. બા કહે : "અરરર ! ચીબરી તો કોણ જાણે કેવીયે બોલે છે. કાલ કોણ જાણે કેવીયે પડશે ! ચીબરી રોજ વાંસે લાગી છે !"

પાડોશણ કૂતરાં હાંકતી કહે છે : "આ જો ને કૂતરાં ! કાંઈ રોવે છે. કાંઈક માઠું થવા બેઠું છે."

ફઈબા કહે છે : "આજે તો તાવડી હસી; હમણાં મહેમાન આવશે."

સાંજે વાળુ કરી શેરીમાં બૈરાં એકઠાં થયાં છે. નિતનવાં ગપ્પાં મારે છે : "ના, બા ! ઈ વડાનાં કૂંડાળાં કર્યાં હોય એમાં છોકરાંને પગ ન મૂકવા દઈએ." "આ મારું ઘર કોણ જાણે કેવુંયે છે ! કોઈને શરીરે સજાપો જ ન રહે." "હનુડીની

નજર બહુ કડવી. આજ દૂધપાક ખાતી હતી ત્યાં તો ઓચિંતેથી આવી; કહે : 'બાપુ ! દૂધપાક બહુ સારો લાગે છે.' એટલું કહી એ તો ગઈ; પણ રાંડની કાંઈ નજર ! હું તો ઓકીને નહા થઈ ગઈ."

ઘરમાં માબાપ છોકરાને કહેશે : "અત્યારે ઓલા ગધેડાનું નામ ન લેવાય." "સવારમાં ઊઠીને સાયલાનું નામ ક્યાં લીધું ? સાંજ સુધી રોટલા નહીં મળે." "એલા છનકા ! આ સંધ્યાકાળે ઓતરાદો ક્યાં સૂતો ? ઊઠ ઊભો થા."

આ બધા નર્યા વહેમો છે. આપણી આસપાસ અને વચ્ચે વસતાં આપણાં બાળકોને આપણે એ વહેમો પળેપળે પાઈએ છીએ. માબાપો પાસેથી આ વહેમો આપણને મળ્યા; આપણે એ જ વહેમો પેઢીદરપેઢી જાણ્યેઅજાણ્યે બાળકોમાં ઉતારી રહ્યાં છીએ. આપણે માબાપોને પૂછ્યું : "સાપ આડો ઊતરે એમાં આપણને નુકસાન શાનું થાય ?" આપણને જવાબ મળ્યો : "એમાં તમે શું સમજો ! ઘરડાં અમથાં કહી ગયાં હશે ?" આપણને બાળકો પૂછશે : "પગ હલાવીએ તો મા શાને મરી જાય ?" આપણે કહીશું : "લે રાખ, બહુ ડાહ્યો થયો તે ! પગ ન હલાવીએ, એટલુંયે નથી સમજતો ?"

પરિણામે આપણે વહેમી થયાં, આપણાં બાળકો વહેમી થશે, તેનાં બાળકો વહેમી થશે, તેનાં બાળકો વહેમી થશે; ને એમ પેઢીદરપેઢી વહેમ ઊતરશે !

વહેમી માણસ એટલે બીકણ માણસ. "જમણી આંખ ફરકી; હાય હાય ! હવે શું થશે ?" "ઘી ઢોળાયું; કાંઈક આફત આવશે." "શિયાળ રોયું; આજ ખાતર તો નહીં પડે ને ?" "રાતે મેળવણ દઈશ તો મારી ગાય વસૂકી જશે, તો ?" આ બધા વહેમો માણસના વિચારોમાં છે !

વહેમી મન વહેમ પડતાં ડરી જાય છે; અમંગળની ચિંતામાં ધ્રૂજી ઊઠે છે; ભયભીત થઈ પરસેવાથી નાહી જાય છે. ઘડીકમાં તો કલ્પનામાં તે કેટલુંય દુઃખ અનુભવી લે છે.

વહેમી એટલે માની લે તેવો; પ્રમાણ માગ્યા વિના ગમે તે વાત સ્વીકારે તેવો. વહેમીને વહેમ નાખવો જોઈએ. આપણે કહીએ : "જોજે, હનુમાનને હાર નહીં ચડાવે તો હનુમાન કોપશે." "મેલડીને લાપશી નહીં માન તો મેલડી નડશે."

"એ તો ચૂલો ઠાર્યો નહોતો એટલે શીતળા રૂઠ્યાં અને તેથી દીકરાને શીતળા નીકળ્યાં." વહેમી બધું સાચું માનશે ને કહેશે: "આ તો સાચી વાત."

વહેમી માણસ એટલે નિર્મળ તર્કબુદ્ધિનો અસ્વીકાર કરનારો માણસ. "એમ શા માટે? મારી ખાતરી કરાવી આપો તો જ હું માનું" એવું વહેમી માણસ નથી પૂછતો.

વહેમી માણસ એટલે અશાસ્ત્રીય મનવાળો માણસ. "ગમે તેમ કહો પણ મારે તો જાતે તપાસવું જ પડશે. ન સમજાય ત્યાં સુધી તટસ્થ રહેવું હું પસંદ કરીશ," એમ વહેમી કદી નથી કહેતો. વહેમી તો તપાસ્યા વિના જાદુખેલો વગેરેમાં મંત્રતંત્ર ભાળે છે; જ્યારે વહેમમુક્ત જાણી શકે છે કે તે બધું દવા વગેરેથી કે યુક્તિપ્રયુક્તિથી કે હાથચાલાકીથી બને છે.

વહેમી મન એટલે અંધશ્રદ્ધાવાળું મન. એટલે જ તો વહેમી માણસ શાસ્ત્ર-વચનને અફર વચન માને છે; દેવો અને પરીઓની વાતોને સાચી ન માનનારને નાસ્તિક ગણે છે; ભૂતપ્રેતની વાતોનો બીજો ખુલાસો શોધવાની ના પાડે છે.

મોટે ભાગે આપણે વહેમનું જીવન જીવીએ છીએ. અત્યારના ધર્મનો મોટો ભાગ એક વહેમ છે. પાખંડી લોકો ધર્મને નામે વહેમી પ્રકૃતિના લોકોનો ગેરલાભ ઉઠાવ્યા કરે છે.

આપણે બાપદાદાને કારણો પૂછ્યાં; જવાબ નથી મળ્યો. હવે આપણે પોતે જ આપણા અનેક વહેમોનાં કારણો પૂછીશું? અને તે આપણે માટે નહીં તો આપણાં બાળકોને માટે પૂછીશું? બાળકોના પ્રશ્નોના ઉત્તરમાં આપણે કારણો આપવા પ્રયત્ન કરીશું?

વહેમો છેક ખોટા છે, એની ખાતરી આપણે જાતે જ કરી લઈએ. સાયલા એક ગામ છે; એનું રોજ નામ લઈ જોવાથી ખાતરી થશે કે એનું નામ લેવાથી કંઈ થતું નથી. ચીબરી પોતાના માટે જ બોલે છે. આંખ ફરકવાનું કારણ શારીરિક અવ્યવસ્થા જ હોય. આમ વહેમોને તપાસીએ તો આપણે આપણી બેઅક્કલ માટે હસીશું.

બાળકો આપણી પાસેથી ઘણું શીખે છે; આપણે શીખવીએ છીએ તેના કરતાં જીવીએ છીએ તેમાંથી તેઓ ઘણું વધારે શીખે છે. મારામાં જે વહેમો છે

તે નિશાળમાંથી નહીં પણ ઘરમાંથી માબાપના પ્રત્યક્ષ વહેમોમાંથી આવ્યા છે. આપણે આપણાં બાળકોને વહેમનું શિક્ષણ આપવું છે? તેમને બીકણ અને માની લે તેવાં બનાવવાં છે? તેમને શાસ્ત્રીય દૃષ્ટિ વિનાનાં અને તર્કરહિત બુદ્ધિવાળાં બનાવવાં છે?

એમ ન કરવું હોય તો આપણે એક પણ વહેમમાં માનીએ નહીં, ને કોઈને મનાવીએ નહીં.

*

બાળકો બીકણ કેમ થાય છે

"**ઝૂચીબહેન**! જરા દૂર જઈને પેશાબ કરો ને!"

"ના ના; બાવો લઈ જાય ના! મારી બા કહેતી હતી કે દૂર જઈએ તો બાવો લઈ જાય. દૂર ન જવાય."

હું હબકી ગયો! માબાપ બાળકોને શું કામ બિવરાવતાં હશે?

પણ બીવરાવવું એ તો સાધારણ વાત છે. માબાપોને એમ લાગતું જ નથી કે એથી કાંઈ હાનિ છે.

બાળકે બરફ ખાવાનો કજિયો કર્યો; કજિયો કેમે ઓલાય નહીં. બા કહેશે: "છાનું રહે છે કે નહીં? મકોડાની કોઠીમાં નાખી દઈશ! નહીંતર આ અંધારી કોટડીમાં પૂરી દઈશ. ઓલ્યા કાળા ગરનાળા પાસે મૂકી આવીશ, ને નહીંતર સિપાઈને બોલાવીશ."

છોકરીને બાએ ઘરેણાં પહેરાવ્યાં. છોકરીને રમવા જવું છે. કાકા કહે છે: "એલી બહાર ન જઈશ, હો કે? નહીંતર બાવો લઈ જશે. ઓલ્યો કાબલી ભાળ્યો છે? નાનાં છોકરાંને તો ચોરણામાં ઘાલીને લઈ જાય છે."

કોણ જાણે શાય કારણથી નાનું બાળક રાતે રડે છે. મા તેને ઘબ્બો મારી ડરાવે છે: "સૂઈ જાય છે કે નહીં? ઓલ્યું શિયાળ બોલે છે તેને ખવરાવી દઈશ!"

છોકરાઓ રાતે રમવા નીકળે છે. મોટાં મા કહે છે: "એલા છોકરાઓ! પેલા પીપળા હેઠે જશો મા; ત્યાં તો ભૂત થાય છે. ભરખી જશે."

છોકરાને બાપે માર્યો છે. તે રડે છે એટલે કોઈ કહે છે: "એલા, મોઢું ફાડીને રડે છે તે વીંછી આવીને મોઢામાં ફટકાવશે, હો કે!"

વરસાદ આવ્યો ને છોકરો નાહવા દોડ્યો. મોટીબહેન કહે છે: "બાપાને આવવા દે, તારાં હાડકાં ભંગાવું!"

નાના કાકા કહે છે: "એ રમુડા! પાઠ કરવા બેસ, નહીંતર માસ્તરનો માર ખવરાવીશ!"

મોટા બાપા કહે છે: "એલા કૂવા પાસે જશો તો મરી જ જશો!"

હરખા ભાભા કહે છે: "એલા કૂતરાને રમાડો છો? બચકું ભરશે હો કે!"

માબાપ કહે છે: "ખોટું બોલીશ તો નરકમાં પડીશ ને કોઢ નીકળશે."

મા કહે છે: "રાંધતાં રાંધતાં ખાઈએ તો આવતા ભવમાં વડવાંગળી થઈએ."

દાદા કહે છે: "એલા હનુમાનને પગે ન લાગીએ તો હનુમાન કોપે ના?"

બાપા કહે છે: "એલા ગાંધીજીકી જે ન બોલાય. વંદે માતરમ્ બોલીએ તો સરકાર જેલમાં નાખે!"

કેટલીયે જાતની બીકો. બાવાની બીક, ભૂતપલીતની બીક, વાઘવરુની બીક, સિપાઈ-શિક્ષકની બીક, સરકારની બીક: બધે બીક, બીક ને બીક! પરિણામે બાળક કેવળ નામર્દ, બાયલું, ડરપોક અને નાદાન બને છે.

"દૂર જઈશ તો વાઘ ખાઈ જશે." એ બીક નાનપણમાં લાગે. બાળક મોટું થાય ત્યારે માસ્તરથી બીએ. માસ્તરથી બીએ તે સિપાઈથી બીએ; સિપાઈથી બીએ તે સત્તાથી બીએ. સત્તા જાણે મોટો વાઘદીપડો! જાણે મોટો હાઉ!

અંધારાની બીક નાનપણમાં લાગી. મોટું થતાં ભૂતની બીક; આગળ જતાં પીરની બીક; ત્યાર પછી માતા-મેલડીની બીક; એમ કરતાં ભગવાનની બીક. એ ચાલી બીકપરંપરા! બીક શરીરને નિઃસત્ત્વ કરે છે; મનને નબળું કરે છે. બીધેલું બાળક આંખો બંધ કરે છે. તે બળહીન બને છે; તેનું હૈયું થડકે છે; પરસેવે રેબઝેબ બને છે; મળમૂત્ર પણ કરી નાખે છે! પ્રત્યેક બિકરામણીના પ્રસંગે બાળકના મોં સામે જોવું ને છાતીએ હાથ મૂકવો. બીકની ભયંકરતા સમજાશે.

બાળકમાં બીક સ્વાભાવિક છે. પરવશતા અને અજ્ઞાન એ આનાં કારણો છે. એનો ઉપાય કરવાને બદલે ઊલટું જ્યાં ખરેખર બીકનું કારણ નથી હોતું ત્યાં

પણ આપણે જ બીને બાળકમાં બીકનું આરોપણ કરીએ છીએ. તેમાં આપણે બાળકને નુકસાન કરીએ છીએ. વીંછી નીકળે ત્યારે "વોય બાપરે!" એમ કરીને આપણે ભાગીએ નહીં ને પગ ધ્રુજાવતા આઘે ઊભા રહીએ નહીં, પણ તેને ઝડપ દઈને સંભાળથી સાંડશીથી પકડીએ તો બાળક સમજી લેશે કે એમાં કશું બીવા જેવું નથી; માત્ર સાવચેતી રાખવાની જરૂર છે. સિંહ, વાઘ કે સાપ: જેનો ભય રાખવાની જરૂર છે તેની સામે પણ નીડરપણે કેમ થઈ શકાય તેની વાત કરીએ, આવા પ્રસંગે રક્ષણની સંભાળ લઈ નિર્ભય વર્તન બતાવીએ, તો બાળક ખરેખરા ભયમાં પણ બીધા વિના રક્ષણ કરતાં શીખશે. રાક્ષસ સાથે લડીને બળ હોય તો તેને પણ મારી શકાય, એવી રીતમાં રાક્ષસની વાત બાળક પાસે આવે તો તે રાક્ષસની બીકમાંથી ઊગરે. ટૂંકમાં, જે પ્રસંગોએ ખરેખર બીવા જેવું નથી હોતું તે તે પ્રસંગોએ આપણા વર્તનથી ઘણી વાર બાળક બીતું થઈ જાય છે. તેમ ન થાય તે માટે આપણે કાળજી લેવી જોઈએ. ઉપરાંત સહીસલામતીની ખાતર જ્યાં જ્યાં કાળજી રાખવાની છે ત્યાં ત્યાં નિર્ભયપણે કાળજી કેમ રખાય તેનો વિચાર બાળકમાં મૂકીએ તો બાળક ખરે વખતે બીકણ થઈને નાસી જવાને બદલે, અથવા ભયને શરણ જઈ પડવાને બદલે ભયમાંથી પોતાનું રક્ષણ કરી શકશે.

આપણી વાતો

આપણે મોટાંઓ ઘરમાં બેઠાં બેઠાં કેટલીયે વાતો કરીએ છીએ: નાત જાતની વાતો, સગાંસંબંધીની વાતો, લેણદેણની વાતો, નાનપણની વાતો, મિત્ર-અમિત્રની વાતો, આડોશીપાડોશીની વાતો: તેમ જ સાહિત્યની, કાવ્યની, વિજ્ઞાનની, શાળાની, દવાખાનાની, રેલવેની, કેટલીયે વાતો થાય છે. આપણાં બાળકો આપણી આસપાસ ફરતાં હોય છે; તેઓને કાન છે ને સાન પણ છે. આપણે જે બોલીએ છીએ તે બીજરૂપે તેમનામાં પડે છે અને વખત મળતાં, ખાતરપાણી મળતાં, અનુકૂળ વાતાવરણ મળતાં, તે ઊગી નીકળે છે.

આપણે માનીએ છીએ કે બાળકો આપણી વાતમાં શું સમજે? પણ ખરી વાત તેમ નથી. તેઓ કેટલીએક વાતો સમજતાં નથી એ ખરું, છતાં તે તેમને ચોંટી જાય છે. જે વાત નથી સમજતાં તે વાતોનો તેઓ ઘણી વાર પોતે જ

ગમે તેવો અર્થ કરી લે છે; ઘણી વાતો તેઓ બરાબર માબાપની દૃષ્ટિએ સમજે છે. એટલે કે સાંભળેલું વૃથા જતું નથી; તેની સારીમાઠી અસર થયા જ કરે છે.

જો નાનાં બાળકોને આપણે વાતો કરતાં જોઈશું તો આપણને આ બાબતની પૂરી ખાતરી થશે. તેઓ એકબીજાં વાતો કરતાં જણાશે: "મારી બા બોલતી હતી કે ફલાણી તો ખરાબ છે." "મારી કાકી કહેતાં હતાં કે, પણે ગરનાળું છે ત્યાં એકલાં જતાં તો હું ફાટી જ પડું!" "મારા બાપા મારી બાને વઢતા હતા ને કહેતા હતા કે શા માટે એને ઘરમાં જ આવવા દીધો? એ તો લુચ્ચો છે." આવી અનેક વાતો બાળકો કરે છે. તેમને તેનાં ખરાખોટાપણાની ખબરઅખબર હોતી જ નથી; પણ બધાં બોલતાં હતાં, બધાં બોલનારાં મોટાં હતાં તેથી તે પ્રમાણે હશે, તેમ તેઓ માને છે.

આપણે બોલીએ છીએ તે ઉપરથી બાળકો સામાન્ય રીતે આપણી આસપાસનાં માણસો તરફ કેમ જોવું, કેમ વર્તવું, વગેરે શીખે છે.

"ફલાણીને ઘેર માગવા જઈએ તો દે એવી નથી. એને શાનું દેવું?" "ફલાણીને તો મોટરનો ગર્વ છે. તે મોટરમાં બહુ પહોળી થઈને બેસે છે!" "ફલાણા તો મારી ખાય છે, ને પછી ધરમ કરે છે; એમાં શું વળ્યું?" બાળકો આ સાંભળે છે. તેઓ પ્રથમ એમ બોલવા અને પછીથી માનવા લાગે છે; તેમ માનવા લાગતાં તેમની મનોવૃત્તિ પણ આપણા જેવી જ થાય છે.

ઘરમાં બાળકો સાંભળે છે: "એ આપણે ત્યાં ન પાલવે. આપણે ત્યાં આવવું હોય તો આવે નહીંતર રહેવા દે. અહીં રહેવું હોય તો કામ તો કરવું જ પડશે." "એ તો હું, તે એને રોજ રાંધીને ખવરાવું ને એ બધી પગ ઉપર પગ ચડાવીને બેસે!" "એવી નકામી માથાઝીક કરવાની મારે નવરાશ નથી. આવે તો કહેજો કે એ તો બહાર ગયા છે. આજે તમને મળી નહીં શકે."

બાળકો સાંભળે છે. એમના કાન ક્યાં જાય? તેઓ સમજે છે ને આપણી પાસેથી શીખે છે: શા માટે કોઈને માટે તસ્દી ઉઠાવવી? શા માટે મફત કોઈને રહેવા દેવું? બરાબર લાભનો વિચાર કરવો. શા માટે જૂઠું બોલીને સટકી ન જવું?

ઘરમાં વાતો થયા જ કરે છે: "પેલી છોકરી જોઈ? સાવ ગાંડા જેવી છે? છે એને બેસવા-બોલવાનો ધડો? એની માએ એને બગાડી મૂકી છે." "બાપુ!

ઓરમાન મા હોય તે એને શું? સાચી મા હોય તો આ હાલ થાય કે? કોઈની મા મરશો મા!" "એ રાધવજીની વાત કરો મા. મારા કાન દુખે છે. રેઢિયાળ! કોણ જાણે બાપ હશે કે રાક્ષસ? છોકરાને કાંઈ ઢીબે છે!" બાળકો આ પણ સાંભળે છે, અને વગર મહેનતે વિચારે છે: "હું, એની મા ખરાબ; હું, એનો બાપ રાક્ષસ; હું, એ તો આવો ને એ તો આવો."

ઘરમાં બધાં ભેગાં થઈને નાનપણની વાતો કરે છે: "બા! મને તો કોઈ અડે તો એવી રાડો પાડું, એવી રાડો પાડું કે ગામ આખું ગજવું. મારા બાપા ફોજદાર, તે અડનારની ધૂળ કાઢી નાખે!"

"મને નિશાળે જવું ન ગમતું, પણ આપણે તો ખોટું ખોટું માથું દુખવા લાવીએ." "મારી બા મને મારે નહીં એટલે હું તો ખોટું બોલું. માત્ર એક વાર પકડાઈ ગયો હતો; તે પણ એક જ વખત!" છોકરાં તે સાંભળ્યા જ કરે છે; તેમને ઘણા પાઠો મળે છે.

"મારી અઘરણી ન થઈ તે ન થઈ! એ રાંડ પેલી મારી નાણંદે બધું કર્યું." "મારે આ જીવી પેટમાં હતી ત્યારે મારે માથે કાંઈ દુઃખ પડ્યું છે! ભૂંડું થજો એ સાસુનું." "ભાઈ! બાપ તો નાનપણમાં મરી ગયો ને કાકો એ તો કાકો જ! કાંઈ મારે માથે કરી છે? હવે કાકો મળે તો સામું પણ ન જોઉં!" નણંદ, સાસુ ને કાકા વિશેના વિરોધી ખ્યાલો બાળક ભેગા કરે છે.

ઘરમાં વાતોનો પાર નથી હોતો: "એ વળી સામે શું બોલે? રાં...ને એક ડાંગ મારી તે માથું ફાડી નાખ્યું!" "ભાઈ! નવો ન્યાયાધીશ તો ઠીક છે; લાંચ આપે એનું કામ થાય...ન્યાય ન્યાયને ઠેકાણે!" "એ વળી આપણા ઘરનું વાંકું બોલનાર કોણ છે? કાલે જઈને કેસ કરું." "એ વકીલ ને વૈદ; એના ધંધા જ એવા. સ્વાર્થના સગા. પૈસા મળે ત્યાં સુધી તમારા." બાળકો ધંધાદારીઓનો સારો ખ્યાલ લે છે.

આપણે વિચાર કરવો પડશે કે આપણે ગમે તે વાતો બાળકોને કાને પડવા દઈશું? અને નહીં તો આપણી વાતચીતના વિષયો ફેરવીશું? ને સૌથી વધારે તો આપણી જગત તરફની દૃષ્ટિમાં ફેરફાર કરીશું? અથવા તો વધારે ભાગે મૌન રાખીશું? બાળકોને આપણે વિચાર કરવાની ને સાચુંખોટું પારખવાની શક્તિ આપીશું ને દુનિયા વિશે અભિપ્રાય બાંધી લેવા છૂટાં મૂકીશું, કે તેમને આપણા જ અભિપ્રાયમાં ઉછેરી તેમના પોતાના અભિપ્રાયોનો નાશ કરીશું?

*

ચૂમી

બધાં બહારથી ફરીને આવ્યાં ને બાએ કહ્યું : "ચાલો, છોકરાંઓ ! પગ ધોઈ લ્યો. રસ્તાની ધૂળ લાગી હશે."

બા આરોગ્યની દૃષ્ટિએ નાની નાની બાબતોની સારી કાળજી રાખતાં. રોજના મહાવરાથી બાળકો પણ ગંદકી ને સ્વચ્છતાનો તફાવત સમજ્યાં હતાં અને તેમને પણ કેટલીએક ગંદી બાબતો ગમતી નહીં.

બચુએ કહ્યું : "આ રસુનું જરા મોં પણ ધોવરાવજે. એને કાકીએ એમને ત્યાં ગયાં હતાં તે બચી લીધી હતી. કાકીને તાવ આવતો હતો."

રસુએ કહ્યું : "અહીં બચી લીધી હતી; અહીં ધોવું પડશે."

બાળકોએ હાથમોં ધોઈ નાખ્યાં. હું એ જોઈને મનમાં પ્રસન્ન થયો. ખાસ કરીને મારું ધ્યાન બચુના ઉદ્ગાર તરફ ખેંચાયું.

બચુનું કહેવું બરાબર હતું. સાથે મારા મનમાં બાળકોને બચી લેવા-ન-લેવાની બાબતમાં કેટલાએક વિચારો આવ્યા.

મને લાગ્યું કે ઘણી વાર ગમે તે માણસ સારાં બાળકોને બચી લેવા લલચાય છે, ને થોડોએક પરિચય હોય છે ત્યાં બચી લઈ પણ લે છે. આવો તેને અધિકાર છે? સાફ નહીં. કોઈના બાળકને બચી લેવાનો બીજાને અધિકાર નથી જ.

કોઈનાં રૂપાળાં બાળકોને જોઈને બચી લેવા કેમ લલચાવાય ? આપણી પ્રીતિ કાંઈ એ બાળકો ઉપર નથી પણ એમના રૂપ ઉપર છે. અને રૂપને જ માત્ર બચી લેવાની આપણી વૃત્તિનું પૃથક્કરણ આપણે કરી લેવું જોઈએ. કાળીમેશ એવી દીકરીને મા બચી લે છે ત્યાં માતૃપ્રેમ છે. પણ જ્યાં આપણામાં નૈસર્ગિક સ્નેહસંબંધ નથી છતાં રૂપથી આકર્ષાઈ આપણે બચી લેવા દોડીએ છીએ, ત્યાં મનનાં વિચારવું પડે છે. નાનાં બાળકોને આપણે બચી લઈએ ત્યાં તેઓ તો નિર્દોષ જ છે; પણ તેથી આપણે નિર્દોષ છીએ કે નહીં તે જોઈ લેવું જોઈએ.

સગાંસંબંધીઓને પણ સગાંવહાલાંનાં બાળકોને બચી લેવાનો અધિકાર તો ન જ હોય. પ્રેમના પ્રદર્શનરૂપે બાળકોને સગાંઓ બચી લે છે, તેના કરતાં એ

એક જાતની પ્રેમપ્રદર્શનની ખોટી રૂઢિ છે. એવો પ્રેમ સગાંસંબંધીઓમાં ઊભરાતો ન હોય તોપણ ઘણી વાર સગાંઓને જાણે કે બચી લેવી પડે છે, કેમ કે તે એક પ્રકારનું પ્રીતિદર્શનનું કાર્ય છે. પરંતુ સગાંસંબંધીઓએ પણ પોતાની બચી પાછળ અજાણપણે પોતે કેવી માનસિક સ્થિતિમાં છે તે ધીરે ધીરે જાણતાં શીખવું જોઈએ.

બચીનો અધિકાર હોય કે ન હોય, બચી પાછળ વિકૃત માનસ હોય કે ન હોય, છતાં બચી લેતા પહેલાં આરોગ્યની દૃષ્ટિને કદી પણ ભૂલવી ન જોઈએ. સંગી મા પણ જો પોતાને ક્ષયરોગ હોય તો તે પોતાના બાળકને ભૂલેચૂકે પણ બચી ન જ લઈ શકે. બચી લઈને પોતાનો રોગ તે બાળકને આપે તેના જેવું ખરાબ કામ બીજું કયું હોઈ શકે? અને બચી દ્વારા રોગો ફેલાય છે એ બાબતમાં આજે દાક્તરોનો મત મજબૂત છે. બાળકોમાં કેટલાયે રોગો બચી દ્વારા જ ફેલાય છે.

સ્વાભાવિક સ્નેહના પ્રસંગે બચીને અવકાશ છે. એમાં પણ સૂક્ષ્મ વિકૃત અવસ્થા હોય તોપણ તે ક્ષમ્ય છે, કારણ કે એ રીતે મનુષ્ય હજી મનુષ્ય છે. પણ બચીને માબાપ પણ જ્યારે ફેશન કરે છે, ને બચીને જ્યારે એક લાલચ અથવા લાંચ બનાવે છે, અથવા બચીને ખોટા લાડનું રૂપ મળી જાય છે, ત્યારે તો બચી ત્યાજ્ય જ છે. અને જ્યારે માબાપને રોગ હોય છે છતાં તે બચી લે છે ત્યારે તો તે અજ્ઞાનને લીધે ભયંકર ગુનો જ કરે છે. અજ્ઞાનને લીધે જ, એમ એટલા માટે કહેવું પડે છે કે જો માબાપ જાણે કે બચી લેવાથી રોગ ચોંટે છે તો તો તે ન જ લે; લેવાનું પણ તાન રોકવા તે પ્રયત્ન કરે જ.

*

બાળકો અને મહેમાનો

ઘરની નાનીશી દુનિયામાં નાનાં બાળકો સામે નવો માણસ 'મહેમાન' છે. આ મહેમાન બાળકોનું ધ્યાન તુરત જ ખેંચે છે, બાળકોની કુતૂહલવૃત્તિ જગાડે છે અને બાળકોને તે અભ્યાસ રૂપ થઈ પડે છે. પરિણામે મહેમાન બાળકને જાગ્રત કરી જાય છે, સારીમાઠી બાબતોની છાપો પાડી જાય છે, બાળકોનાં કુમળાં જીવનમાં તાત્કાલિક અને કેટલીએક વાર કાયમી નુકસાનનાં બીજો રોપી જાય છે.

બાળકો તેને પોતાનાં માબાપનો જાણીતો, મિત્ર રૂપ, સગો કે સ્નેહી

સમજીને તેની પાસે જાય છે, તેની સાથે વાતો કરે છે, તેને પોતાની વાતો કહે છે, ઘરની વાતો કહે છે; બા અને બાપાની વાતો પણ કહે છે; ઉપરાંત તેઓ મહેમાનો પાસેથી વાતો સાંભળે છે.

તેઓ જાણતાં નથી કે મહેમાનો જે વર્તન રાખે છે તે ઇષ્ટ છે કે અનિષ્ટ; મહેમાન જે વાતો કહે છે તે સારી ગણાય કે નઠારી; મહેમાન જે રીતે તેમની સાથે વર્તે છે તે સારું ગણાય કે નઠારું. કારણ કે બાળકો મહેમાનોને અત્યંત વિશ્વાસથી પોતાના ગણે છે. ઉપરાંત 'મહેમાન' એક નવી જ વ્યક્તિ હોવાથી તેનું બધું નવું જ લાગે છે, અને તે નવીનતાને કારણે બાળકો તે જોવા-જાણવા લલચાય છે. અજાણ બાળકોને ખ્યાલ નથી હોતો કે બધી નવીનતા સારી નથી હોતી; ઘણી વાર તો તે ભયંકર હોય છે.

મહેમાનો બાળકોને પરાણે પરાણે પાસે બોલાવે છે; તેમનો હાથ પકડે છે, તેમને ગલીપચી કરે છે, તેમને ખોળામાં બેસાડે છે, તેમને કુદાવે છે, નચાવે છે. આ બધું તેમના અધિકારની બહાર જ છે એ વાત જુદી છે; પણ ભલાં બાળકો એમ માને છે કે જ્યારે બા કે બાપાના આ મહેમાનો છે, મહેમાનો મોટા માણસ છે, બા અને બાપા તેમને માન આપે છે, ત્યારે તો તેઓ સારા જ હશે. તેઓ જે કરતા હશે તે સારું જ કરતા હશે. તેઓ જે કરે તે ન ગમે તો કોઈને કહેવાય નહીં કે બોલાય નહીં.

બાળકોને ઘણા મહેમાનો ત્રાસરૂપ લાગે છે, તેમને કઢંગા અને જંગલી જેવા લાગે છે. સંસ્કારી બાળકો તો તેમનાથી દૂર જ રહે છે. છતાં મહેમાનો તેમને પાસે લે છે, રમાડે છે, ત્યારે તેઓ મૂંગાં રહે છે કે કોઈ વાર રડી પડે છે. આવે વખતે માબાપો ઊલટાં બાળકોને કહે છે: "જો, એમ ન થાય. વાત કરો, બેટા! એ તો આપણે ફલાણા છે. એમ કાંઈ થાય? એમ ન રડાય."

પણ માબાપોને બાળકો મહેમાનોની દુર્ગંધ સમજાવી શકતાં હોત તો માબાપોની આંખ તુરત ઊઘડત, અને તેમનાથી બાળકોને તેઓ બચાવી લેત.

બાળકોને મહેમાનોની વાસ તીવ્રપણે આવે છે. તેઓ સારાનરસા મહેમાનોને ઓળખી કાઢે છે અને તે પ્રમાણે પરિચય લેવા રાજી-કરાજી હોય છે. છતાં જ્યારે એક વાર તેઓ મહેમાનોની બદીનાં ભોગ થઈ પડે છે, ત્યારે તેઓ પણ મહેમાન-પ્રિય થઈ જાય છે, અને મહેમાનોને પસંદ કરે છે. પછી તો ઘણા મહેમાનો

પાસેથી બાળકો ન સમજે તેમ ચારિત્ર્યની હીનતાની દૂર દૂરની ભયંકરતાનો અસ્પષ્ટ એવો પરિચય મેળવે છે, અને પોતે ન સમજે તેમ તેનો એક પ્રકારનો આનંદ મેળવે છે.

બધા મહેમાનોનો ઉપરલખ્યો લાભ નથી મળતો; પણ કેટલાએક હલકા મહેમાનો આવો લાભ આપવા શક્તિવાન હોય છે.

મહેમાનોના વર્ગો પાડીએ તો મિત્રો, સગાંઓ, ફાલતુ આવતાજતા આડતિયાઓ, ભલામણથી આવેલા વટેમાર્ગુઓ વગેરે વર્ગો પડે. અંગ્રેજીમાં કહેવત છે કે "ખુદા આપણને આપણા મિત્રોથી બચાવે". એ કહેવત વધારે સારી રીતે આપણે એમ સમજવી જોઈએ કે "ખુદા આપણાં બાળકોને આપણા મિત્રોથી બચાવે". આપણા મિત્રો એટલે વધારે નજીકના, વધારે હક ધરાવનારાઓ, વધારે માનનીય માણસો. તેઓ બીડી પીતાં પીતાં બાળકોને રમાડે તો બાળકોએ તેમના ધુમાડા સહન કરવા! તેઓ ગંધાતા મોઢે બાળકોને બચી લે તો બાળકોએ તે કબૂલ રાખવી! તેઓ બાળકોના વાંસા થાબડે તો બાળકોએ તે માન્ય રાખવું! તેઓ તેમને બે પગ વચ્ચે કે હાથ વચ્ચે દાબીને ભીંસે તો બાળકોએ તે ગમાડવું! માબાપોએ પોતાના મિત્રોને આ કુટેવમાંથી છોડાવવા જ જોઈએ.

સગાંસંબંધીઓ તથા મહેમાનોની લાગણીનો બહુ લાભ બાળકોને આપવાની જરૂર નથી. તેઓ બાળકો ઉપર જે કૌટુંબિક હક ધરાવે છે તેનો પટ્ટો હવે પૂરો થયો છે એમ માબાપે વિચારી લેવું. સગાંસંબંધીઓ બાળકો માટે આદર્શ રૂપ છે એવું બાળકો કદી ન સમજે તે જોવું. આપણે આવા મહેમાનોની ટેવો, વિચારો વગેરે વિશે ઘરમાં છૂટથી બાળકો સમક્ષ વાતો કરીએ જ. "તારી બા આવી છે; તારી માશી તો આવી છે; ફલાણીએ ફલાણાને એમ કહ્યું હતું; તું નાનો હતો કે તું ધાવણી હતી ત્યારે આમ બન્યું હતું ને તેમ બન્યું હતું; તારો બાપ કે બા પરણ્યાં ત્યારે અમે આમ કર્યું હતું ને તેમ કર્યું હતું." વગેરે વાતો હવેથી સગાંસંબંધીઓ બાળકોને કરતાં અટકે તે માટે ખૂબ કાળજી લેવી. સગાંસંબંધીઓ આપણાં માન, મમતા ને આપણી મહેમાનગતિનાં અધિકારી છે; પણ તેઓનો બાળકો સાથે વાતો કરવાનો ચાલુ થયેલો હક અતિથિસત્કારની યાદીમાંથી કાઢી નાખવો જોઈએ.

આપણે ત્યાં આવતાજતા આડતિયાઓ વગેરે માણસો અગર વટેમાર્ગુઓ સાથે આપણાં બાળકોને પરિચય હોવો જ ન જોઈએ. આપણાં બાળકોને એમ

જ કહી રાખવું ઘટે, કે આપણે તેમની સાથે કામ ન પડાય; આપણે તેમની પાસે જવાની અને બેસવાની જરૂર ન હોય. બાળકોને એવી રીતે રાખવાં અને મહેમાનોને એવી રીતે ગોઠવવા કે તેમની વચ્ચે પરિચય થવાનો અવકાશ જ ન રહે. ધીમે ધીમે બાળકોમાં મહેમાન મહેમાન વચ્ચેનો તફાવત સમજવાની સૂક્ષ્મ ભેદવાળી સંસ્કારિતા કેળવવી. બાળકો સાથે વારંવાર વાતો કરવાથી અને તેમનું વર્તન દોરવાથી બાળકોમાં આ સમજણ પેદા થશે. બાળકો અભિમાની ન થાય, સૂગવાળાં ન થાય, અતિથિ પ્રત્યે ઘૃણાવાળાં ન થાય, તેવી રીતે તેમને ખ્યાલ આવવા દેવો કે આપણાથી અમુક માણસો સાથે એકદમ હળાયમળાય નહીં, અમુક માણસો સાથે બેસાયઉઠાય નહીં. બાળકોના પોતાના દરજ્જાથી એ નીચું જ ગણાય એમ તેમના મનમાં ઉતારવું જોઈએ. આ ઉતારવાની રીત દરેક વિચારી અને સંસ્કારી માતપિતા પોતાની મેળે જ શોધી શકે છે, અને તે તેમણે શોધી કાઢવી.

આડતિયાઓ અને વટેમાર્ગુ જેવા મહેમાનો આપણા તરફ સ્નેહ કે ઉપકારની લાગણી બતાવવા બાળકોને રમાડે છે, તેમને ભેટ આપે છે. ફરવા લઈ જવા કહે છે. આ બાબતમાં આપણું વલણ બહુ સ્પષ્ટ અને કડક જ રહેવું જોઈએ. આપણે જ મહેમાનોને સ્પષ્ટ ના કહી દેવી જોઈએ. બાળકોના વલણને તેવે વખતે માન આપવાની જરૂર નથી, કેમ કે તે વલણ મહેમાનોએ ઊભું કરેલું અને કૃત્રિમ છે. બાળકોને જોઈએ તે આપણે લઈ દઈએ, અગર તેમને ગમે ત્યાં ફરવા લઈ જઈએ; પણ મહેમાનોને તેમ કરવા ન દઈએ. બાળક ઘણી વાર આને લીધે લોભી અને લાલચુ બને છે, માબાપો પાસેથી ન મળતું બીજેથી મેળવવા યત્ન કરે છે, અને એમ હલકું બને છે.

આપણાં બાળકો અતડાં દેખાય તેની ચિંતા નહીં; આપણે જરા ગુમાની દેખાઈએ તેની પણ ચિંતા નહીં. પણ બાળકોને ગમે તેવા મહેમાનો સાથે હળવામળવાને કે રમવારઝળવાને છૂટાં તો ન જ મૂકીએ. હા, આપણે બાળકોને મહેમાનોની નાની એની સેવામાં પ્રસંગોપાત્ત ગોઠવી શકીએ. જેમ કે તેમને મહેમાનોને પીરસવા રાખીએ, મહેમાનોને માટે તેમની પાસેથી પાણી કે પાનસોપારી મગાવીએ, મહેમાનોને લેવા જતાં કોઈ વાર તેમને સાથે લઈ જઈએ, અને એ રીતે અતિથિ-ભાવના, અતિથિની કિંમત આપણે જરૂર તેમની પાસે મૂકીએ. પણ મહેમાનોના ભોગ તો બાળકોને ન જ થવા દઈએ.

આપણે સૌ એકબીજાને ઘેર મહેમાનો તરીકે જઈએ છીએ. આપણે સૌ એકબીજાંનાં બાળકો તરફના આપણા હકો અને મર્યાદાઓ સમજી લઈએ તો આપણે બાળકોને બચાવી લઈ શકીએ તેમ છીએ. મિત્રોનાં બાળકો પ્રત્યે કે સગાંનાં બાળકો પ્રત્યે આપણને મમતા હોય અને હોવી જોઈએ; તે પોષવી પણ જોઈએ. મિત્રોનાં બાળકો ધીમે ધીમે આપણાં બાળકોનાં મિત્રો થાય, એ મિત્રપરંપરા અથવા સગપણપરંપરા ઊતરે તે રૂડું છે, અને તે માટે જ આપણાં બાળકોની મૈત્રી બહુ સંભાળથી, બહુ આદરથી, બહુ યોગ્યતાપૂર્વક સાંધીએ. આપણાથી મિત્રોનાં બાળકો દૂર રહે તો તેથી આપણે ખોટું ન લગાડીએ. મિત્રનાં બાળકો કે ખાનદાન કુટુંબનાં બાળકો આપણી સાથે રમે, હળેમળે તો આપણને ગમે છે; આપણે તેમાં થોડીએક મોટાઈ પણ માનીએ છીએ. પણ તે બધું બાળકોના હિત ખાતર છોડી દઈએ. આજે બાળકો ખાતર સૌએ જેમ ઘણું છોડવાનું છે, બાળકો ખાતર પોતાની યોગ્યતા વધારવાની છે, તેમ જ આ બાબતમાં પણ અવશ્ય કરીએ.

આપણે માબાપો પણ મિત્રોનો સાચો અને સદુપયોગ કરીએ. મિત્રોની આવડતનો, બુદ્ધિનો, કલાપ્રિયતાનો ને સંસ્કારિતાનો લાભ આપણાં બાળકોને જરૂર અપાવીએ. એટલા માટે યોગ્યતાવાળા મિત્રોને ઘરમાં વધારે નજીકનું સ્થાન આપી તેમની વાર્તા, નાટકો, વાતચીત, ખેલો, ગંમતો વગેરે સાંભળવા-જોવાનું બાળકો માટે જરૂર ગોઠવીએ. બાળકો માણસોનાં કેટલેક અંશે ભૂખ્યાં છે; તેઓ બહિર્ જગતનો મહેમાનો દ્વારા અભ્યાસ કરી શકે છે. પણ તે ભૂખ સારા અને સોજા ખોરાકથી ટળે તેવું આપણે કાળજીપૂર્વક ગોઠવવું. છતાં સારામાં સારા મહેમાનો વચ્ચે આપણાં બાળકોને કેવળ મૂકી દેવાં અને કેવળ ભરોસે ચલવી લેવું એ બહુ ઠીક નથી. સારી વસ્તુની શોધ માટેની ચીવટ અને અવિશ્વાસ એ બેમાં તફાવત છે. આપણા મહેમાનો આપણા માથા પર છે; પણ આપણી ચીવટ તેથી કમી કરવાની જરૂર નથી.

ગિજુભાઈનાં શિક્ષણવિષયક પુસ્તકો

પ્રાસંગિક મનન

બાલશિક્ષણ : મને સમજાયું તેમ

માબાપોને—

શાંત પળોમાં

આ તે શી માથાફોડ!

માબાપ થવું આકરું છે

આપણો સાહિત્ય-વારસો

: ૧૯૭૩ :

જીવનનું પરોઢ (લઘુ સંક્ષેપ)
પ્રભુદાસ ગાંધી

ન્હાનાલાલનાં કાવ્યો
સંપાદક : નગીનદાસ પારેખ

ધૂમકેતુની વારતાઓ
સંપાદક : અનંતરાય મ. રાવળ

ગિજુભાઈના લેખો
સંપાદક : મૂળશંકર મો. ભટ્ટ

માનવીની ભવાઈ (સંક્ષેપ)
પન્નાલાલ પટેલ

લોકમિલાપ ટ્રસ્ટ